CC-0. In Public Domain.Digitized by eGangotri.

वैयाकरणसिद्धान्तकौमुद्यां

सञ्ज्ञाप्रकरणम्

(મૂળ ગ્રન્થ, ગુજરાતી અનુવાદ, વિવરણ અને
નવી પ્રસ્તાવના સાથે)

: અનુવાદક :
વસન્તકુમાર મ. ભટ્ટ
નિયામક
ભાષા-સાહિત્ય ભવન,
ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદ-૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ श्रीः ॥

वैयाकरणसिद्धान्तकौमुद्यां

सञ्ज्ञाप्रकरणम्

(મૂળ ગ્રન્થ, ગુજરાતી અનુવાદ, વિવરણ અને
નવી પ્રસ્તાવના સાથે)

અનુવાદક
વસન્તકુમાર મ. ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Sañjñā–prakarṇa, Ed. V. M. Bhatt,
Head, Deptt. of Sanskrit,
Gujarat University,
Ahmedabad.

પ્રકાશક : શ્રી અશ્વિનકુમાર બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર,
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ–૧ ફોન : ૫૩૫ ૬૬ ૯૨

પરિવર્તિત આવૃત્તિ– ૨૦૦૫-૦૬
મૂલ્ય : રૂ. ૩૫–૦૦

મુદ્રક : ધ્રુમિલ ગ્રાફિક્સ
દિલીપભાઈ આઈ. પટેલ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

અનુક્રમણિકા

૧. ભૂમિકા : ૧ થી ૩૪
- ૧. 'વ્યાકરણ એટલે શું ? (૧)
- ૨. त्रिमुनि व्याकरणम् । (૨)
- ૩. 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ (૪)
- ૪. વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહો (૭)
- ૫. ભટ્ટોજિ દીક્ષિત (૮)
- ૬. સંજ્ઞા પ્રકરણમાં આવેલી સંજ્ઞાઓ (૧૨)
- ૭. સંસ્કૃત ભાષાનું ધ્વનિશાસ્ત્ર (૨૦)
- ૮. વ્યાકરણ તન્ત્રમાં લાઘવસાધક પ્રયુક્તિઓ (૨૬)
- ૯. 'અષ્ટાધ્યાયી' ગ્રન્થનું વિભાજન (૩૧)
- ૧૦. શબ્દોનું ગ્રાહ્યત્વ અને ગ્રાહકત્વ (૩૩ થી ૩૪)

૨. સંજ્ઞાપ્રકરણ : ૩૫ થી ૬૮
મૂળ ગ્રન્થ, અનુવાદ અને વિવરણ (૩૫ થી ૬૮)

◆ ◆ ◆

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરિવર્તિત આવૃત્તિ

एकः शब्दः सम्यग्ज्ञातः सुष्ठु प्रयुक्तः ।
स्वर्गे लोके च कामधुक् भवति ॥

'વૈયાકરણ–સિદ્ધાન્તકૌમુદી'ના પ્રથમ "સંજ્ઞાપ્રકરણ"નો ગુજરાતી અનુવાદ અને વિવરણ અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થી મંડળીઓમાં ઉપકારક સિદ્ધ થયો છે તે આનંદની વાત છે. વર્ષો સુધી એનું પુનર્મુદ્રણ થતું રહ્યું છે. આજે તેની પ્રસ્તાવના નવા દષ્ટિકોણથી લખીને, અને જરૂરી સ્થાનોએ પરિવર્તન કરીને તૃતીય આવૃત્તિ પ્રકાશિત કરતાં આનંદ અનુભવું છું. આશા છે કે અભ્યાસીઓને તે પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પ્રવેશ કરવા માટે नदीमुखेन समुद्रं समागच्छेत् । એ ન્યાયે ઉપકારક સિદ્ધ થશે.

આ પુસ્તકના પ્રકાશક શ્રી અશ્વિનભાઈ બી. શાહનો હું આભારી છું.

૨૧ ફેબ્રુ. ૧૯૯૭ — વસન્તકુમાર મ. ભટ્ટ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રત્યાહાર – ચક્ર

આદિ	← અન્તિમ ઇત્ સંજ્ઞક વર્ણ →														
વર્ણ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
	ण्	क्	ङ्	च्	ट्	अ	ण्	म्	ञ्	ष्	श्	व्	य्	र्	ल्
अ	अण्	अक्		अच्	अट्		अण्	अम्			अश्				अल्
इ		इक्		इच्			इण्								
उ		उक्													
ए			एङ्	एच्											
ऐ				ऐच्											
ह											हश्				हल्
य							यण्	यम्	यञ्				यय्	यर्	
व											वश्				वल्
र्						र्अ									रल्
म													मय्		
ङ								ङम्							
भ										भष्	भश्				
झ										झष्	झश्		झय्	झर्	झल्
ब											बश्				
ज											जश्				
छ												छव्			
ख													खय्	खर्	
च													चय्	चर्	
श														शर्	शल्
ञ								ञम्							

૪૪ પ્રત્યાહારો (अण् । ૧–૧–'૬૯ વાળો સાતમા ખાનામાં છે; તે સિવાય અન્ય સૂત્રોમાં બીજા ખાનાવાળો अण् લેવો.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ श्रीः ॥

वैयाकरण-सिद्धान्त-कौमुद्यां

सञ्ज्ञा—प्रकरणम्

ભૂમિકા

[૧] 'વ્યાકરણ' એટલે શું ?

वि + आ (બે ઉપસર્ગો) + √कृ (करणे 'કરવું') ધાતુને 'કરણ' અર્થમાં ल्युट् (= अन) પ્રત્યય લાગવાથી व्याकरण શબ્દ બને છે. આની વ્યુત્પત્તિ જોઈએ તો व्याक्रियन्ते (= पृथक् क्रियन्ते) शब्दाः अनेन इति व्याकरणम् ॥ અર્થાત્ જેના વડે શબ્દોને (= પદોને) પ્રકૃતિ + પ્રત્યય એવા વિભાગોમાં પૃથક્કૃત કરીને દર્શાવવામાં આવે છે, તેને 'વ્યાકરણ' કહે છે. દા. ત., भवति । એવા ક્રિયાપદમાં √भू सत्तायाम् ધાતુ-પ્રકૃતિ-છે. અને તેને 'કર્તા' અર્થમાં પ્રથમ પુરુષ (Third person) એકવચનનો (પરસ્મૈપદી) ति પ્રત્યય લાગ્યો છે. તથા रामेण એવા નામપદમાં હ્રસ્વ अ કારાન્ત પુંલિંગ राम શબ્દ-પ્રકૃતિ-ને 'કર્તા' કે 'કરણ' અર્થમાં તૃતીયા વિભક્તિ એકવચનનો टा > इन પ્રત્યય લાગ્યો છે-એવી રીતે શબ્દોને પ્રકૃતિ-પ્રત્યયમાં વિભક્ત કરીને સમજાવવું એને શબ્દોનું 'વ્યાકરણ' કર્યું એમ કહેવાય છે. 'વ્યાકરણ' શબ્દનો આવો વ્યુત્પત્તિજન્ય અર્થ એમ સૂચવે છે કે વ્યાકરણ તન્ત્રની આકૃતિ ઊભા પીરામીડ જેવી છે.



પરંતુ મહર્ષિ પાણિનિએ રચેલા વ્યાકરણ તન્ત્રનો અભ્યાસ કરતાં જણાશે કે અહીં 'વ્યાકરણ' શબ્દનો અર્થ पृथक् क्रियन्ते નથી; પણ व्याक्रियन्ते નો અર્થ निष्पाद्यन्ते व्युत्पाद्यन्ते संसाध्यन्ते शब्दाः अनेन इति व्याकरणम् । એમ કરવાનો છે. અર્થાત્ પાણિનિએ રચેલું વ્યાકરણતન્ત્ર તો પ્રકૃતિ + પ્રત્યયનું સમ્મેલન કરીને કેવી રીતે નામપદો અને ક્રિયાપદોનાં રૂપોની સિદ્ધિ = નિષ્પત્તિ કરવી ? એ દર્શાવે છે. ટૂંકમાં, આ પાણિનીય વ્યાકરણ શબ્દોનું પૃથક્કરણ નથી રજૂ કરતું પણ પ્રકૃતિ + પ્રત્યયના સંયોજનની પ્રક્રિયા શીખવે છે. જેમ કે, રામ કુહાડીથી વૃક્ષને છેદે છે. અહીં 'કુહાડી એક વસ્તુ' + 'તેની સાધન રૂપે મળતી મદદ' એવો અર્થ વ્યક્ત કરવો હોય ત્યારે વસ્તુવાચક પ્રકૃતિ તરીકે કુઠાર શબ્દ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



લઈશું. અને 'સાધન' રૂપી અર્થ કહેવા માટે टा એવો પ્રત્યય લઈશું. પછી પાણિનિનાં સૂત્રોમાંથી મળતી જુદી જુદી સૂચનાઓનો અમલ કરીશું તો તે પ્રકૃતિ + પ્રત્યયમાં વપરાયેલા ધ્વનિઓમાં જુદા જુદા વિકારો થશે, અને અન્તે તે બન્ને અંશોનું **સંયોજન** કરાતાં कुठारेण એવું એક પદ સિદ્ધ થાય છે. (આથી એમ દેખાય છે કે પાણિનીય વ્યાકરણની આકૃતિ ઊંધા પીરામીડ જેવી છે !) આમ 'વ્યાકરણ' એટલે પૃથક્કરણ નહીં, પણ **'સંયોજન'** એમ સમજવું.

❑

'વ્યાકરણ'ને 'શબ્દાનુશાસન' પણ કહે છે. અનુશાસન કરવું એટલે 'શિસ્તમાં લાવવું' જેમકે, અમુક અર્થમાં અમુક શબ્દ સાધુ = પ્રયોગાર્હ છે, અને અમુક શબ્દ અસાધુ (અપભ્રષ્ટ-અર્થાત્ વ્યાકરણને અસમ્મત) છે એવું જેમાં દર્શાવવામાં/સૂચવવામાં આવે તેને 'શબ્દાનુશાસન' કહે છે.

[૨] त्रिमुनि व्याकरणम्

મહર્ષિ પાણિનિએ ઇ.સ. પૂર્વે ૫૦૦-૪૦૦ની વચ્ચેના ગાળામાં વેદની અને લોકની સંસ્કૃત ભાષાનું એક સમ્પૂર્ણ અને દોષરહિત એવું વ્યાકરણ રચ્યું છે. આ વ્યાકરણનું નામ 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ છે. પાણિનિની માતાનું નામ દાક્ષી હતું, આથી તેમને 'દાક્ષીપુત્ર' રૂપે ઓળખવામાં આવે છે. 'પાણિનિ'-એ તેમનું ગોત્રનામ હતું. 'પણિન્' ઋષિના ગોત્રમાં જન્મેલા તે પાણિન; અને આ 'પાણિન'ના જે પુત્ર તે "પાણિનિ." આ ઉપરાંત પાણિનિને 'શાલાતુરીય'ના નામે પણ ઉલ્લેખવામાં આવે છે. કેમ કે તેઓ શલાતુર (કે, જે આજના પાકિસ્તાનમાં રાવલપીંડીથી પશ્ચિમોત્તર દિશામાં આવેલ 'લાહુર' ગામ છે, તેના) ગામના વતની મનાય છે.

પાણિનિએ સૂત્રશૈલીમાં લગભગ ૪૦૦૦ સૂત્રોમાં 'અષ્ટાધ્યાયી' વ્યાકરણની રચના કર્યા પછી, લગભગ ૧૫૦-૨૦૦ વર્ષ બાદ બીજા એક વૈયાકરણ થઈ ગયા. તેમનું નામ હતું : 'વરરુચિ' (= જેમની રુચિ શ્રેષ્ઠ છે તે); અથવા 'કાત્યાયન.' તેમણે પાણિનિના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમય પછી ભાષામાં જે પરિવર્તનો આવ્યાં હશે, નવા શબ્દો ઉમેરાયા હશે તે બધાનો અભ્યાસ કરીને પાણિનિનાં સૂત્રોની ઊણપ દૂર કરીને, તેને નવેસરથી પરિપૂર્ણ કરવા માટે નાનાં નાનાં વાર્ત્તિકોની રચના કરી. उक्तानुक्तदुरुक्तचिन्ताप्रवर्तकत्त्वं वार्त्तिकत्त्वम्। એવા લક્ષણ અનુસાર પાણિનિનાં સૂત્રોમાં જે કહેવાયું હતું, (उक्त) હતું, તેને વિશદ કરતાં કેટલાંક વાર્ત્તિકો તેમણે રચ્યાં છે, પછી પાણિનિનાં સૂત્રોમાં જે નહીં કહેવાયેલું (अनुक्त) હતું-ભાષાના નવાં પરિવર્તનો-તેને સમાવિષ્ટ કરતાં વાર્ત્તિકો રચ્યાં છે. તથા પાણિનિનાં સૂત્રોમાં જે દુષિત કહેવાયેલું (दुरुक्त) હતું તેને સુધારવા માટે પણ વાર્ત્તિક રચ્યાં છે. આ વાર્ત્તિકકાર કાત્યાયનના જીવન અને અન્ય કૃતિઓ વિશે કશી આધારભૂત માહિતી મળતી નથી.

કાલક્રમે શુંગવંશના પુષ્યમિત્ર રાજાના સમયમાં એક ત્રીજા મોટા વૈયાકરણ થઈ ગયા; તે હતા ભગવાન્ પતંજલિ. પતંજલિ (ઈ. સ. ૧૫૦–૨૦૦) એ પાણિનિનાં સૂત્રો અને કાત્યાયનનાં વાર્ત્તિકો ઉપર 'વ્યાકરણ-મહાભાષ્ય'ની રચના કરી છે. તેમાં કુલ ૮૫ આહ્નિક આવેલાં છે. આ પતંજલિ તે 'પાતંજલ યોગસૂત્ર'ના રચયિતા કરતાં જુદી એવી વ્યક્તિ છે. તથા આયુર્વેદની ચરક સંહિતાના સંસ્કર્તા મનાતા એક પતંજલિ કરતાં પણ આ વૈયાકરણ પતંજલિ જુદી વ્યક્તિ છે એવું વિદ્વાનો માને છે. પતંજલિની માતાનું નામ 'ગોણિકા' હતું, તેથી તેમને 'ગોણિકાપુત્ર' પણ કહેવાય છે. આ ઉપરાંત તેમને શેષનાગના અવતાર પણ મનાય છે. પતંજલિને સૂત્રકાર પાણિનિની રચનામાં અખૂટ શ્રદ્ધા છે; તેમની દૃષ્ટિએ પાણિનિનાં સૂત્રોમાં કશુંય અનર્થક નથી. વળી, તેમણે વાર્ત્તિકકારનાં ઘણાં વાર્ત્તિકોનું મહદંશે ખંડન પણ કર્યું છે. આથી ગોલ્ડસ્ટુકરના મતે- પતંજલિ પાણિનિના મિત્ર છે, પણ કાત્યાયનના દ્વેષી છે !

પરંતુ વાસ્તવિક રીતે જોતાં આ ત્રણેય મુનિના **સંયુક્ત પ્રયાસથી** સંસ્કૃત ભાષાનું જે વ્યાકરણ તૈયાર થયું છે તે સમ્પૂર્ણ, અનવદ્ય અને અદ્યાવધિ સૌને શિરોમાન્ય છે. આથી જ પાણિનીય વ્યાકરણશાસ્ત્રને "त्रिमुनि व्याकरणम्"ના નામે ઓળખવામાં આવે છે. પહેલા મુનિ પાણિનિ, તેમણે 'અષ્ટાધ્યાયી' વ્યાકરણનાં સૂત્રો રચ્યાં; બીજા મુનિ તે કાત્યાયન, તેમણે તે સૂત્રો ઉપર સુધારા–વધારા કરતાં વાર્ત્તિકોની રચના કરી અને છેલ્લા ત્રીજા મુનિ આવ્યા તે પતંજલિ. જેમણે સૂત્રો અને વાર્ત્તિકો ઉપર વિશાળ અને ગંભીર એવા 'વ્યાકરણ-મહાભાષ્ય'ની રચના કરી છે.

[૩] 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ

પાણિનિએ વેદની અને લોકની-એમ ઉભય પ્રકારની સંસ્કૃત ભાષાનું એક સાથે જે વ્યાકરણ રચ્યું છે તે સૂત્રશૈલીમાં લખાયું છે અર્થાત્ તે સૂત્રાત્મક છે. તેમાં લગભગ ચારેક હજાર સૂત્રો આવેલાં છે, અને તેમને આઠ અધ્યાયોમાં વહેંચવામાં આવેલાં છે. તેથી તે વ્યાકરણને 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ કહે છે. આ વ્યાકરણ સમ્પૂર્ણ, અનવદ્ય અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

લાઘવપૂર્ણ હોઈને તેની ઘણી પ્રશંસા થઈ છે. આ ગ્રન્થને માનવ મસ્તિષ્કની સર્વોત્કૃષ્ટ કૃતિ (સર્જન) કહેવામાં આવે છે. [One of the greatest monuments of human intelligence-L. Bloomfield, **Language**. New york. 1933. p. 11.] ભાષ્યકાર પતંજલિની દૃષ્ટિએ પાણિનીય સૂત્રોમાં એક પણ વર્ણ અનર્થક નથી, તો આખું સૂત્ર તો કેવી રીતે બીનજરૂરી હોય ? કેમકે સૂત્રકારે બહુ સાવધાન ચિત્તે આ સૂત્રોની રચના કરી છે. (જુઓ : ૧-૧-૧, ૬-૧-૭૭ સૂત્ર ઉપરનું ભાષ્ય.)

'સૂત્ર'નું લક્ષણ આપતી કારિકા આ પ્રમાણે છે :

स्वल्पाक्षरमसंदिग्धं सारवद् विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः ॥

સૂત્રની આ વ્યાખ્યા કેવળ પાણિનીય સૂત્રોને જ સર્વાંશે લાગુ પડી શકે છે. 'અષ્ટાધ્યાયી'નાં આવાં સૂત્રોને છ પ્રકારમાં વહેંચી કાઢવામાં આવ્યાં છે. જેમ કે,

संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥

અર્થાત્ **૧. સંજ્ઞાસૂત્રોમાં** અન્વર્થ કે પારિભાષિક સંજ્ઞાઓ બતાવવામાં આવી છે. દા. ત., સર્વનામ, કર્તા, કરણ, ટિ, ઘુ, ભ, નદી, ગુણ, વૃદ્ધિ, સવર્ણ વગેરે. संज्ञासंज्ञिसम्बन्ध-बोधकं सूत्रम् = संज्ञासूत्रम् । यथा-वृद्धिरादैच् ॥ **૨. પરિભાષા સૂત્રો** 'અષ્ટાધ્યાયી'નાં અન્ય સૂત્રોનો અર્થ કરવામાં ઉપયોગી થાય છે. એટલે કે તે 'સૂત્ર માટેનાં સૂત્ર' (Metarules) છે. अव्यवस्थायां व्यवस्थापादकं सूत्रम् = परिभाषासूत्रम् । यथा-तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य ॥ **૩. વિધિ સૂત્રો :** કઈ પ્રકૃતિને કયો પ્રત્યય લાગે છે, તથા પ્રકૃતિ + પ્રત્યયના યોગ દરમ્યાન શા શા ધ્વન્યાત્મક ફેરફાર વગેરે કરવાના છે તે બતાવે છે. આમ વ્યાકરણની પ્રક્રિયાનું વિધિસૂત્રોમાં પ્રદર્શન કરવામાં આવે છે. आदेशादिविधायकं सूत्रम् = विधिसूत्रम्। यथा-इको यणचि ॥ **૪. નિયમ સૂત્રો :** અમુક વિધિનું કાર્યફલક સીમિત-મર્યાદિત કરે છે. प्राप्तस्य विधेर्नियामकं सूत्रम् = नियमसूत्रम्। यथा-पतिः समास एव ॥ **૫. અતિદેશ સૂત્રો** અમુક વિધિનું કાર્યફલક વિસ્તૃત કરનારાં છે. બીજા શબ્દોમાં કહીએ તો, અમુક ધર્મનો અન્યત્ર આરોપ કરનારાં સૂત્રોને અતિદેશસૂત્ર કહે છે. अतस्मिन् तद्धर्माऽऽपादकं सूत्रम् = अतिदेशसूत्रम्। यथा-गोतो णित् ॥ **૬. અધિકારસૂત્રો** એક સમગ્ર પાદ કે અધ્યાય સુધી અનુવૃત્ત થનારાં ચોક્કસ વિષય, પ્રકરણ સૂચવનારાં સૂત્રો છે. उत्तरोत्तरं स्वार्थसमर्पकं सूत्रम् = अधिकारसूत्रम् । यथा-पूर्वत्रासिद्धम् ।

❑

વિષય વ્યવસ્થાની દૃષ્ટિએ વિચારીએ તો 'અષ્ટાધ્યાયી'ના **પ્રથમ અધ્યાયમાં** કેટલાંક સંજ્ઞાસૂત્રો અને પરિભાષા સૂત્રો આવેલાં છે. **બીજા અધ્યાયમાં** વાક્યરચનાના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

નિયમો આપવામાં આવ્યા છે. એટલે કે કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન વગેરે કારકસંજ્ઞાઓને આધારે દ્વિતીયા વિભક્તિ, તૃતીયા વિભક્તિ ક્યાં, ક્યારે લગાડવી તેનું વિધાન કરતાં સૂત્રો આવેલાં છે. તથા વિવિધ સમાસોની રચના શીખવતાં સૂત્રો છે. **ત્રીજા અધ્યાય**માં ક્રિયાવાચક ધાતુને લગાવવામાં આવતાં तिङ् અને कृत् પ્રત્યયોનું નિરૂપણ છે. ધાતુને લાગતાં આ દ્વિવિધ પ્રત્યયોથી અનુક્રમે 'ક્રિયાપદો' (तिङन्त) અને 'કૃદન્ત' શબ્દોની સિદ્ધિ થાય છે. **ચોથા અને પાંચમા અધ્યાયો**માં એક નામ ઉપરથી અન્ય નામ બનાવનારા તદ્ધિત પ્રત્યયો (દા. ત., कुन्ता નો છોકરો તે कौन्तेय)નું નિરૂપણ કરવામાં આવ્યું છે. **છઠ્ઠા અને સાતમા અધ્યાય**માં પ્રકૃતિ (નામ કે ધાતુ) + પ્રત્યયનો યોગ કર્યા પછી કેવા કેવા ધ્વન્યાત્મક ફેરફાર કરવા પડે છે ? અમુક શબ્દ સ્વરૂપ કે અમુક વર્ણને ખસેડીને તેના સ્થાને કયો નવો શબ્દ કે વર્ણ આદેશ રૂપે મૂકવો ? તેવી રૂપાખ્યાનની પ્રક્રિયાનું ત્યાં વર્ણન કરવામાં આવ્યું છે. છેલ્લા, **આઠમા અધ્યાય**માં (નામપદો અને ક્રિયાપદોની રચના થઈ ગયા પછી, વાક્યમાં તે પાસે પાસે આવીને ઊભા રહે ત્યારે) સ્વર + સ્વર કે વ્યંજન + વ્યંજનની વચ્ચે કેવા કેવા પ્રકારની સન્ધિઓ કરવી જરૂરી બને છે ? તેનું નિરૂપણ છે. આમ 'અષ્ટાધ્યાયી'માં પ્રથમ વાક્યવિન્યાસ (Syntax), પછી નામ અને ક્રિયાપદનું રૂપાખ્યાન (Morphology) અને અન્તે સન્ધિ (Morphophonemics) અંગેનાં સૂત્રો આવેલાં છે. એટલે કે પાણિનિનું વ્યાકરણ તે તેમના સમયની ભાષાનું **વર્ણન** કરતું હોવા ઉપરાંત સાધુ (= પ્રયોગાર્હ) **શબ્દોનું (= વાક્યનું) નિષ્પાદક** એવું એક તન્ત્ર છે. (Pāṇini's grammar is a descriptive generative grammar of the Sanskrit language).

❑

પાણિનીય-વ્યાકરણમાં મુખ્યત્વે જે જે અંગોનો સમાવેશ થાય છે તે આ પ્રમાણે છે :

(૧) ચૌદ માહેશ્વર સૂત્રો; (જેમાં સંસ્કૃત ભાષાના શિષ્ટમાન્ય એવા સ્વર-વ્યંજનોનો પરિચય કરાવવામાં આવ્યો છે.)

(૨) અષ્ટાધ્યાયી સૂત્રપાઠ; (વ્યાકરણનાં મૂળ સૂત્રો)

(૩) ગણપાઠ (અમુક નિયમિતતા અને અનિયમિતતાવાળા શબ્દસમૂહોની યાદી)

(૪) ધાતુપાઠ (ક્રિયાવાચક મૂળ પ્રકૃતિઓ = ધાતુઓનો દશ ગણમાં પૃથક્કૃત કરવામાં આવેલો સમૂહ = યાદી).

પરંપરાથી, આમાંથી પહેલા ૧૪ સૂત્રોના પ્રણેતા મહેશ્વર શંકરને માનવામાં આવ્યા છે; અને બાકીના ત્રણનું કર્તૃત્વ પાણિનિનું મનાય છે. આ ઉપરાંત 'પાણિનીય શિક્ષા' અને 'લિંગાનુશાસન' જેવી કૃતિઓ પાણિનિના નામે ચઢાવાઈ છે, પણ તે પાણિનિએ રચેલી નથી.

❑

પાણિનીય વ્યાકરણની એક વેદાંગ તરીકે પણ પ્રતિષ્ઠા છે. શિક્ષા ઘ્રાણં તુ વેદસ્ય, मुखं व्याकरणं स्मृतम् ॥ 'પાણિનીય શિક્ષા એ વેદપુરુષની નાસિકા છે, અને (પાણિનીય)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વ્યાકરણ તે તેમનું મુખ છે.' આમ વેદરક્ષાના હેતુથી પ્રવર્તેલા એક વેદાંગ તરીકેય પાણિનીય-વ્યાકરણની મહત્તા સ્વતઃસિદ્ધ છે. લૌકિક દૃષ્ટિએ વ્યાકરણ ભણવાની આવશ્યકતા બહુ સ્પષ્ટ છે :

यद्यपि बहु नाधीषे तथापि पठ पुत्र व्याकरणम् ।
स्वजनः श्वजनो मा भूत्, सकलं शकलं, सकृच्छकृत् ॥

"હે પુત્ર ! ભલે તું વધારે ના ભણે, તો પણ તારે વ્યાકરણ તો ભણવું જ. જેથી (તારાથી ભૂલથી પણ ક્યારેય) 'સ્વજન'ને 'શ્વજન' (કૂતરો) ના કહી દેવાય, 'સકલ'ને 'શકલ' (ટૂકડો) ના કહી દેવાય તથા 'સકૃત્' (એકવાર)ને બદલે 'શકૃત્' (મળ)ના કહી દેવાય." આમ શુદ્ધ ઉચ્ચારણ કરતાં આવડે એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ. પરંતુ વ્યાકરણ જ્ઞાનનું તો આથીય વધારે મહત્ત્વ છે. જેમકે, વ્યાકરણ ભણવાનાં પ્રયોજનો ગણાવતાં પતંજલિએ 'વ્યાકરણ-મહાભાષ્ય'માં જણાવ્યું છે કે —रक्षोहागमलघ्वसंदेहाः प्रयोजनम् ॥ ૧. વેદમન્ત્રોની રક્ષા કરવા માટે, ૨. ઊહ અર્થે, અર્થવશાત્ વેદમન્ત્રોમાં વપરાયેલી વિભક્તિનું વિપરિણામ કરતાં આવડે (દા. ત., अग्नये त्वा जुष्टं निर्वपामि । → ને ફેરવીને યજ્ઞમાં सूर्याय त्वा जुष्टं निर्वपामि । બોલતાં આવડે) એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ. ૩. શ્રુતિવચન પણ છે કે જે બ્રાહ્મણ હોય તેણે નિષ્કારણ વેદાંગો સહિત વેદ ભણવા જોઈએ. ૪. લાઘવપૂર્વક-ઓછા પ્રયત્ને-વધુને વધુ સાધુ શબ્દોનું જ્ઞાન થાય; તથા ૫. (સ્વરજ્ઞાનના અભાવમાં) અમુક વૈદિક શબ્દોનો શો અર્થ થતો હશે ? એવો કોઈ સંદેહ જ ઊભો ના થાય એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.

વ્યાકરણશાસ્ત્રની પ્રશંસા કરતાં ભર્તૃહરિએ 'વાક્યપદીય'માં લખ્યું છે કે-"તે (વ્યાકરણ) તો મોક્ષનું દ્વાર છે, વાણીના મળનું ચિકિત્સાશાસ્ત્ર છે, બધી વિદ્યાઓમાં તે પવિત્રવિદ્યા છે અને સૌ વિદ્યાઓમાં સવિશેષ પ્રકાશે છે. સિદ્ધિ મેળવવા માટેની જે સોપાન પંક્તિ છે તેનું પહેલું પગથિયું તે વ્યાકરણ છે. વળી, મોક્ષ મેળવવા ઇચ્છતી વ્યક્તિઓને માટે નિન્દનીય નહીં તેવી-પ્રશંસનીય એવી આ વ્યાકરણવિદ્યા તો રાજપદ્ધતિ (=રાજમાર્ગ) છે." (વાક્યપદીય : ૧–૧૪ થી ૧૬). આમ વ્યાકરણના જ્ઞાનથી મોક્ષપર્યન્તના પુરુષાર્થની સિદ્ધિ પણ થાય છે.

[૪] વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહો

ઉપર જણાવ્યું છે તેમ ત્રણેય મુનિઓ-પાણિનિ, કાત્યાયન અને પતંજલિના સંયુક્ત પ્રયાસથી સંસ્કૃત ભાષાનું જે વ્યાકરણ રચાયું તેને "પાણિનીય વ્યાકરણ" કહેવાય છે. આ સૂત્ર-વાર્તિક અને ભાષ્ય થકી રચાયેલી વ્યાકરણની ઇમારત તે મુખ્ય છે, કેન્દ્રસ્થાને રહેલ છે, પરંતુ કાલક્રમે આ વ્યાકરણની ઉપર વિવિધ દૃષ્ટિકોણથી, અને વિવિધ પ્રયોજનોથી પ્રેરાઈને અનેક ટીકા, ટિપ્પણ, વૃત્તિ ગ્રન્થોની રચના થઈ છે. તે બધાનો વિષયવિભાગ કરીને વિચાર કરીએ તો આ 'પાણિનીય વ્યાકરણ' ત્રણ પ્રવાહોમાં વહેંચી શકાય છે. જેમકે,

(क) રૂપસિદ્ધિ = શબ્દસિદ્ધિ કરનારા વૃત્તિગ્રન્થો, (જેવા કે કાશિકા, પ્રક્રિયાકૌમુદી, વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી વગેરે)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) સૂત્રાર્થ-નિર્ણયની ચર્ચા કરનારા ગ્રન્થો; (જેવાકે, પરિભાષાવૃત્તિ ગ્રન્થો, પરિભાષેન્દુશેખર) અને

(ग) શબ્દાર્થ-નિર્ણયની ચર્ચા કરતા ગ્રન્થો; (જેવાકે, વાક્યપદીય, વૈયાકરણ–ભૂષણ અને વૈયાકરણ સિદ્ધાન્તમંજૂષા વગેરે.)

પાણિનિ વગેરે ત્રણ મુનિઓએ જે વ્યાકરણ રચ્યું તેમાંથી ઉપર્યુક્ત જે ત્રણ પ્રકારના ગ્રન્થો રચાયા એમાં પહેલા પ્રકારના ગ્રન્થોનો પરિચય કેળવવો અત્રે જરૂરી છે. પાણિનિએ સંસ્કૃતભાષાનું વર્ણન કરતા નિયમોને સૂત્રો રૂપે રજૂ કર્યા છે; આ સૂત્રો **સ્વાલ્પાક્ષર** (= બને એટલા ઓછા અક્ષરમાં) બનાવવામાં આવ્યાં છે. આથી કાલક્રમે તેમનો અર્થ કરવો મુશ્કેલ બનવા લાગ્યો હતો. તેથી તેમની ઉપર 'વૃત્તિ' (એટલે કે વિવરણ) લખવાની જરૂર ઊભી થઈ હતી. ઈ.સ. ૬૦૦માં વામન અને જયાદિત્ય નામના બે ટીકાકારોએ **काशिकावृत्तिः** નામનો એક ગ્રન્થ રચ્યો, જેમાં પાણિનિનાં તમામ સૂત્રોને ક્રમશઃ લઈને તેને પૂરેપૂરાં ઉદાહરણો સાથે સમજાવ્યાં છે. એવી જ રીતે કાલક્રમે પાણિનિનાં તે સૂત્રો ઉપર 'રૂપાવતાર', 'રૂપમાલા', 'પ્રક્રિયાકૌમુદી', 'પ્રક્રિયાસર્વસ્વ' અને 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' જેવા વૃત્તિ ગ્રન્થો પણ રચાયા છે. અલબત્ત, આ પાછળના સમયમાં રચાયેલા વૃત્તિગ્રન્થોમાં ('કાશિકાવૃત્તિ'થી જુદા પડીને) પાણિનિનાં સૂત્રોનો મૂળક્રમ બદલી કાઢવામાં આવ્યો છે અને નવેસરથી વિષયાનુસારી સૂત્રસમૂહોને એકઠાં કરીને તથા કોઈ એક નામપદ (સુબન્ત) કે ક્રિયાપદ (તિઙન્ત) કે કૃદન્ત યા તદ્ધિત શબ્દની સિદ્ધિ કરી આપે તેવા ક્રમે ગોઠવી બતાવાયાં છે. આવા વૃત્તિ ગ્રન્થોમાં પાણિનિનાં સૂત્રોનું અર્થઘટન બદલવામાં આવ્યું નથી, પણ ગોઠવણ (જ) (ઉપસ્થિતિ–ક્રમ) બદલવામાં આવેલ છે. આથી તેમને "પ્રક્રિયા ગ્રન્થ" અથવા શબ્દસિદ્ધિ કરનારા = રૂપસિદ્ધિ કરનારા ગ્રન્થો તરીકે ઓળખવામાં આવે છે.

[૫] ભટ્ટોજિ દીક્ષિત અને તેમની 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'

'વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી'ના રચયિતા શ્રી ભટ્ટોજિ દીક્ષિત મહારાષ્ટ્રિય બ્રાહ્મણ હતા. એમના પિતાનું નામ લક્ષ્મીધર હતું અને એમના નાનાભાઈનું નામ રંગોજિ ભટ્ટ હતું. પં. યુધિષ્ઠિર મીમાંસકે એમનું વંશવૃક્ષ આ પ્રમાણે આપ્યું છે :



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભટ્ટોજિ દીક્ષિતના ભત્રીજા કૌણ્ડ ભટ્ટે ભટ્ટોજિકૃત "વૈયાકરણ સિદ્ધાન્તકારિકા" ઉપર ભાષ્ય રૂપ 'વૈયાકરણભૂષણ'ની રચના કરી છે, તથા તેમના પૌત્ર હરિદીક્ષિતે ભટ્ટોજિની 'પ્રૌઢમનોરમા' ઉપર 'શબ્દરત્ન' નામની ટીકા રચી છે, તથા તેમના (હરિદીક્ષિતના) સાક્ષાત્ શિષ્ય તે શ્રી નાગેશ ભટ્ટ હતા.

પં. યુધિષ્ઠિર મીમાંસકે ભટ્ટોજિ દીક્ષિતનો સમયગાળો વિક્રમ સંવત ૧૫૭૦ થી ૧૬૫૦ (એટલે કે ઈ.સ. ૧૭૦૭)નો અનુમાન્યો છે. ડૉ. બેલવેલકરે System of Sanskrit Grammarમાં તેમનો સમય ઈ.સ. ૧૬૦૦ થી ૧૬૫૦ની વચ્ચે બતાવ્યો છે.

ભટ્ટોજિ દીક્ષિતની ગુરુ-શિષ્ય પરંપરાને દર્શાવતું વિદ્યાવંશવૃક્ષ નીચે મુજબ છે :

ગોપાલાચાર્ય ← ભ્રાતા → કૃષ્ણાચાર્ય

↓

રામચન્દ્રાચાર્ય
(બન્નેના શિષ્ય, પણ કૃષ્ણાચાર્યના પુત્ર અને 'પ્રક્રિયાકૌમુદી'ના કર્તા)

↓

('પ્રક્રિયાકૌમુદી' ઉપર 'પ્રકાશ' ટીકા લખનાર)
શ્રીકૃષ્ણ (શેષ)
(શિષ્ય)

↓ ↓ ↓

ભટ્ટોજિ દીક્ષિત (શિષ્ય) —વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી અને પ્રૌઢમનોરમા વગેરેના કર્તા

↓

વરદરાજ (શિષ્ય)
૧. મધ્યસિદ્ધાન્તકૌમુદી અને
૨. લઘુસિદ્ધાન્તકૌમુદીના કર્તા

નૃસિંહ (શિષ્ય)

રામેશ્વર (પુત્ર અને શિષ્ય) = વીરેશ્વર*

↓

વિઠ્ઠલ (શિષ્ય) ↓ 'પ્રક્રિયાકૌમુદી' ઉપર 'પ્રસાદ' ટીકા લખનાર

જગન્નાથ (શિષ્ય) ↓ -રસગંગાધર -ગંગાલહરી -મનોરમાકુચ-મર્દિની વગેરેના કર્તા

ચક્રપાણિદત્ત (શિષ્ય) ↓ 'પ્રૌઢમનોરમા ખંડન'ના કર્તા

* ચક્રપાણિદત્તે પોતાના ગુરુ તરીકે શેષવંશના જે 'વટેશ્વર'નું નામ આપ્યું છે, તે વટેશ્વર એ આ 'વીરેશ્વર શેષ' જ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપર દર્શાવેલા વિદ્યાવંશવૃક્ષમાંથી બે-ત્રણ રસપ્રદ મુદ્દાઓ જાણવા મળે છે : (૧) ભટ્ટોજિ દીક્ષિતે પાણિનિની 'અષ્ટાધ્યાયી' ઉપર જે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' નામની વૃત્તિ લખી, (જેને પ્રક્રિયા ગ્રન્થ પણ કહે છે) તે તેમની અપૂર્વ રચના ન હતી. પરંતુ એમના ગુરુ (શ્રીકૃષ્ણ શેષ)ના ગુરુ શ્રી રામચન્દ્રાચાર્યે 'પ્રક્રિયાકૌમુદી' નામના વૃત્તિ ગ્રન્થથી તેની શરૂઆત કરી જ હતી. પણ પ્રક્રિયાકૌમુદીમાં રામચન્દ્રાચાર્યે પાણિનિનાં કેટલાંક સૂત્રોને જ પ્રક્રિયાક્રમમાં ગોઠવ્યાં હતાં. તેમાં 'અષ્ટાધ્યાયી'ના બધાં જ સૂત્રોનો સમાવેશ નહોતો થઈ ગયો. આથી ભટ્ટોજિ દીક્ષિતે જ્યારે પોતાની 'વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી' રચી ત્યારે એ વાતનું ધ્યાન રાખ્યું કે પાણિનિનાં તમામ સૂત્રોને પ્રક્રિયા ક્રમે ગોઠવી બતાવાય. બીજું, ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા' ગ્રન્થ લખીને તેમાં પોતાના જ ગુરુ શ્રીકૃષ્ણ શેષના 'પ્રક્રિયાકૌમુદીપ્રકાશ' ગ્રન્થમાં લખેલા ઘણા સિદ્ધાન્તોનું ખંડન કર્યું ! (૨) પંડિતરાજ જગન્નાથે* જોયું કે પોતાના ગુરુ વીરેશ્વરના પિતા શ્રીકૃષ્ણ શેષના ગ્રન્થનું ભટ્ટોજિ દીક્ષિતે 'પ્રૌઢમનોરમા' ગ્રન્થમાં ખંડન કર્યું છે. તેથી ગુસ્સે ભરાયેલા જગન્નાથે 'મનોરમાકુચમર્દિની' નામનો ગ્રન્થ લખીને ભટ્ટોજિ દીક્ષિતનું ખંડન કરવાનો પ્રયાસ કર્યો.×

* * *

ભટ્ટોજિ દીક્ષિતે પાણિનિનાં સૂત્રો ઉપર જે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' નામનો વૃત્તિ ગ્રન્થ = પ્રક્રિયા ગ્રન્થ રચ્યો છે તેની અનુક્રમણિકાનો અભ્યાસ કરીએ તો નીચેના ક્રમે જુદા જુદા વિષયનાં પ્રકરણો જોવા મળે છે.

૧. સંજ્ઞાપ્રકરણ
૨. પરિભાષા પ્રકરણ
૩. अच् सन्धि પ્રકરણ
૪. हल् सन्धि પ્રકરણ
૫. स्वादि सन्धि પ્રકરણ
૬. ષડ્લિંગ પ્રકરણ (જેમાં સ્વરાન્ત અને વ્યંજનાન્ત નામોના પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગમાં કેવાં રૂપો તૈયાર થાય છે ?– તેની પ્રક્રિયા દર્શાવી છે.)
૭. અવ્યય પ્રકરણ
૮. સ્ત્રીપ્રત્યય પ્રકરણ
૯. કારકપ્રકરણ
૧૦. સમાસ પ્રકરણ
૧૧. તદ્ધિત પ્રકરણો
૧૨. તિઙન્ત પ્રકરણ (ક્રિયાવાચક ધાતુઓ ઉપરથી સાધવામાં આવતાં દશેય ભ્વાદિ અદાદિ વગેરે ગણનાં દશ કાળઅને અર્થની અભિવ્યક્તિ કરનારાં ક્રિયાપદો = તિઙન્ત પદોની રૂપસિદ્ધિ વર્ણવતાં પ્રકરણો)

* પં. યુધિષ્ઠિર મીમાંસકે જગન્નાથ અને ભટ્ટોજિ દીક્ષિતને સતીર્થ્ય (સમાન ગુરુ રામેશ્વર = વીરેશ્વરના શિષ્ય) બતાવ્યા છે, પરંતુ તે ચિન્ત્ય છે.

× જિજ્ઞાસુએ "પણ્ડિતરાજ જગન્નાથકૃત 'પ્રૌઢમનોરમાકુચમર્દિની' ટીકાનો અભ્યાસ શીર્ષકવાળો મારો લેખ જોવો. પ્રકાશન : સમ્બોધિ, લા. દ., પુરાતત્ત્વ વિદ્યામન્દિર, અમદાવાદ, ૧૯૯૨, પૃ. ૯૭-૧૧૪.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૩. સનાદિ પ્રક્રિયાનાં પ્રકરણો
(ઈચ્છાદર્શક, પૌનઃપુન્યાર્થક, પ્રેરક ક્રિયાપદો અને નામધાતુ બનાવવાની પ્રક્રિયાને લગતાં પ્રકરણો)

૧૪. કૃદન્ત પ્રકરણ
(ક્રિયાવાચક ધાતુ ઉપરથી સધાતાં કાળવાચક કૃદન્તો, ધાતુ + કૃત્ પ્રત્યયથી સધાતાં કૃદન્ત નામો વગેરેની પ્રક્રિયા)
– પૂર્વકૃદન્ત – ઉણાદિ સૂત્રો
– ઉત્તરકૃદન્ત

૧૫. વૈદિકી પ્રક્રિયા અને સ્વરપ્રક્રિયાને લગતાં પ્રકરણો

[આમાંથી તમારે કુલ બે પ્રકરણો : ૧. સંજ્ઞાપ્રકરણ અને ૨. કારક પ્રકરણ-નો અભ્યાસ કરવાનો છે.]

'વૈયાકરણ–સિદ્ધાન્ત–કૌમુદી' શીર્ષક : પાણિનિએ રચેલા 'અષ્ટાધ્યાયી' વ્યાકરણનાં સૂત્રોને લઈને, તેની ઉપર વિવરણાત્મક ટીકા = વૃત્તિ લખનારા ભટ્ટોજિ દીક્ષિતે પોતાના એ ગ્રન્થનું 'વૈયાકરણ-સિદ્ધાન્ત-કૌમુદી' એવું શીર્ષક રાખ્યું છે. આ શીર્ષકનો અર્થ સમજી લઈશું :

જે વ્યક્તિ વ્યાકરણ જાણતો હોય કે ભણતો હોય, (તદ્ અધીતે તદ્ વેદ) તેને "વૈયાકરણ" કહેવાય છે. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ જાણનારા અને વ્યાકરણ લખનારા આદ્ય વૈયાકરણો તે, અગાઉ જણાવ્યા છે એ ત્રણ મુનિઓ : પાણિનિ, કાત્યાયન અને પતંજલિ છે. આ ત્રણેય વૈયાકરણોએ વ્યાકરણના જે સિદ્ધાન્તો-નિયમો તારવ્યા છે (= નક્કી કર્યા છે); તે સિદ્ધાન્તોની ઉપર કૌમુદી = ચાંદનીની જેમ પ્રકાશ ફેલાવનારી જે વૃત્તિ તેને 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' કહે છે.*

શીર્ષકની આ સમજૂતીમાંથી જે બે મુદ્દા ફલિત થાય છે તે આ પ્રમાણે છે : (૧) મૂળ વૈયાકરણો તે તો પાણિનિ, કાત્યાયન અને પતંજલિ છે. તે ત્રણેય મુનિઓના સંયુક્ત પ્રયાસથી સંસ્કૃત ભાષાનું જે વ્યાકરણ રચાયું તેને "પાણિનીય-વ્યાકરણ" કહે છે. તથા (૨) આ વ્યાકરણ ઉપર કાલક્રમે (૧૭ મા સૈકામાં) ભટ્ટોજિ દીક્ષિત નામના એક વ્યાકરણશાસ્ત્રીએ જે વૃત્તિ ગ્રન્થ લખ્યો તે આ 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' છે. જેમાં, પાણિનિ વગેરે વૈયાકરણોએ સંસ્કૃત ભાષાના વ્યાકરણના જે સિદ્ધાન્તો-નિયમો-ઘડ્યા છે તેની ઉપર (ઉદાહરણ, પ્રત્યુદાહરણ, શંકા-સમાધાન સહિતની ચર્ચાઓ અને વિશદ સૂત્રાર્થવાળી) 'વૃત્તિ' (= વિવરણ) લખવામાં આવી છે.

હવે પછીનાં પૃષ્ઠોમાં આપણે આ "વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી"ના પ્રથમ 'સંજ્ઞાપ્રકરણ'માં આવતા જુદા જુદા વિષયોનો પરિચય મેળવીશું :

---

* व्याकरणम् अधीयते विदन्ति वा, ते वैयाकरणाः । वैयाकरणानां ये सिद्धान्ताः ते वैयाकरणसिद्धान्ताः । (ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો. ત્યાર પછી) वैयाकरणसिद्धान्तानां या कौमुदी = प्रकाशिका (वृत्तिः), सा वैयाकरणसिद्धान्तकौमुदी (वृत्तिः) ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૬] 'સંજ્ઞાપ્રકરણ'માં આવેલી સંજ્ઞાઓ

ભટ્ટોજિ દીક્ષિતની "વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી"નું પ્રથમ પ્રકરણ તે 'સંજ્ઞાપ્રકરણ'ના નામે ઓળખાય છે. એ પ્રકરણનું પૃથક્કરણ કરીએ તો, તેમાં મુખ્યત્વે પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં લાઘવ-ટૂંકાણ-લાવવા માટે જે જુદા જુદા પ્રકારની (क) કૃત્રિમ (= પારિભાષિક) સંજ્ઞાઓ અને (ख) અકૃત્રિમ (= અન્વર્થ) સંજ્ઞાઓ **વાપરી છે**, તે સંજ્ઞાઓને **ભટ્ટોજિ દીક્ષિતે** આ 'સંજ્ઞાપ્રકરણ'માં **સમજાવી છે.** અર્થાત્ પાણિનિનાં સંજ્ઞાસૂત્રોની ઉપર ભટ્ટોજિ દીક્ષિતે વૃત્તિ (= વિવરણ) લખીને તે સંજ્ઞાઓને સમજાવી છે. આપણે ક્રમશઃ આ સંજ્ઞાઓને તપાસીશું. પરંતુ સૌથી પહેલાં, લોકમાં અને શાસ્ત્રમાં સંજ્ઞાકરણપ્રવૃત્તિનું શું પ્રયોજન છે તે વિચારી લઈએ :

આ જગતમાં કોઈ નવું બાળક જન્મે ત્યારે તેના માતાપિતા એનું તરત નામકરણ કરવાનું વિચારે છે. દા. ત., કોઈ વ્યક્તિ પોતાની નવજાત બાળકીને માટે **'વિશ્વા'**, કે **'દૂર્વા'** એવું નામ પાડે છે. કેમ કે નામ પાડ્યા વિના એ બાળકની સાથે કે એના વિશે કશો વ્યવહાર સરળતાથી થઈ શકતો નથી. પણ જો દરેક વ્યક્તિનું કોઈકને કોઈક નામ નક્કી કરી દેવામાં આવે તો તેના સંબંધી બધો વ્યવહાર સરળ બની રહે છે. એ જ પ્રમાણે, કોઈના ઘરમાં આપણે કોઈ નવી જ વસ્તુ જોઈએ ત્યારે તરત જ એનું શું નામ (= સંજ્ઞા) છે એ જાણી લઈએ છીએ અને ત્યાર પછી એ નામનો (સંજ્ઞાનો) ઉપયોગ કરીને જ આપણે તે વસ્તુ વિશે બધો વ્યવહાર કરીએ છીએ. [નિરુક્તકાર યાસ્ક કહે છે કે अणीयस्त्वात् च शब्देन संज्ञाकरणम्, व्यवहारार्थं लोके ॥ અધ્યાય–૧] આવી જ રીતે કોઈ પણ શાસ્ત્રકાર પણ પોતાના શાસ્ત્રની રચનાનું કામ સરળ બનાવવા માટે પહેલાં અમુક અમુક વસ્તુઓ, વિચારો, ખ્યાલો વગેરેનું કૃત્રિમ = પારિભાષિક = શાસ્ત્રીય નામ (= સંજ્ઞા) નક્કી કરી લે છે. જેમ કે, જ્ઞાનના ઉપકરણો ચાર છે. પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ અને ઉપમાન. તો આ ચારેય ઉપકરણોને માટે 'પ્રમાણ' એવી એક યથાર્થ સંજ્ઞા નક્કી કરી લેવામાં આવી છે. હવે આવી 'પ્રમાણ' જેવી એક ટૂંકી સંજ્ઞા વાપરવાથી જ ઉપર્યુક્ત ચારેય (પ્રત્યક્ષાદિ) જ્ઞાનનાં ઉપકરણોનો એકી સાથે તત્ક્ષણ બોધ થઈ જાય છે. આથી, પાણિનિએ પણ પોતાનું 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ લખવાનું શરૂ કર્યું ત્યારે સૌથી પહેલા અધ્યાયમાં अ, इ, उ, ऋ, लृ, ए, ओ, ऐ, औ જેવા નવ સ્વરોની "अच्" એવી સંજ્ઞા પાડી દીધી તથા क, ख, ग, घ વગેરે વ્યંજનોની "हल्" એવી સંજ્ઞા પાડી દીધી છે. ત્યાર પછી બાકીના અધ્યાયોમાં જ્યાં જ્યાં સ્વરો વિષે કશી પણ વાત કરવી હોય ત્યારે તે તમામ સ્વરોનો 'अच्' એવી સંજ્ઞાથી જ ઉલ્લેખ કર્યો છે. આમ સંજ્ઞા વાપરવાથી લોકમાં અને શાસ્ત્રમાં વ્યવહાર સરળતાભર્યો અને ટૂંકાણભર્યો બની રહે છે.

*

હવે આપણે એ વિચારીશું કે જ્યારે કોઈ સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે માણસનું મન શી પ્રતિક્રિયા કરે છે. જેમ કે, કોઈ વડીલ કહે છે जलम् आनय । 'જળ લાવો'. ત્યારે આપણે 'જળ' એવી સંજ્ઞાથી જેનો ઉલ્લેખ થાય છે તે માટલીમાંના દ્રવ્યને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(= પાણીને) તે વડીલ પાસે લઈ જઈએ છીએ. અહીં 'જળ' એ **સંજ્ઞા** છે અને તેનાથી જેનો બોધ થાય છે તે એક દ્રવ્ય = પાણીને સંજ્ઞિન્ કહેવાય છે. (સંજ્ઞા જેની-જે વસ્તુની હોય તે વસ્તુને 'સંજ્ઞિન્' કહેવાય છે.) આ સંજ્ઞાના ઉચ્ચાર થકી સંજ્ઞિન્નું આનયન થાય છે. એટલે કે "જળ લાવો" એમ બોલાયા પછી કોઈ વ્યક્તિ 'જળ' એવી સંજ્ઞા– એવું નામ એક કાગળ ઉપર લખીને તે વડીલના હાથમાં આપતી નથી. પણ 'જળ' એવી સંજ્ઞાથી જેનો બોધ થાય છે, તે પાણી = દ્રવ્યને (= સંજ્ઞિન્‌ને) લાવીને જ આપવામાં આવે છે. આવી જ રીતે શાસ્ત્રકાર એકવાર માની લો કે બધા જ સ્વરોને માટે 'अच्' એવી સંજ્ઞા નક્કી કરી આપે તો, પછી તે જ્યારે જ્યારે अच् સંજ્ઞા વાપરશે, ત્યારે ત્યારે આપણને अ, इ, उ વગેરે સ્વરોનો જ 'સંજ્ઞિન્' તરીકે બોધ થશે.

* * *

હવે આપણે 'સંજ્ઞાપ્રકરણ'માં આવેલી વિવિધ સંજ્ઞાઓનો પરિચય કેળવીશું :

[૧] इत् સંજ્ઞા : જે વર્ણો એકવાર ઉચ્ચારાયા પછી તેમનો લોપ (= અદર્શન) થાય છે તે વર્ણોની 'इत्' સંજ્ઞા પાડવામાં આવે છે. આથી इत् શબ્દની एति = गच्छति यः, सः इत् । એવી વ્યુત્પત્તિ કરવામાં આવી છે. એટલે કે જે વર્ણ આવીને, પછી જતો રહે છે, તેને इत् કહેવાય છે. (૧) પાણિનીય વ્યાકરણના આરંભે આવેલા ૧૪ માહેશ્વર સૂત્રોમાંના દરેક સૂત્રને અંતે જોડેલા ण् क् ङ् च् વગેરે ૧૪ વ્યંજનો (= અનુબન્ધો)ની हलन्त्यम् । ૧-૩-૩ સૂત્રથી इत् સંજ્ઞા કરવાની છે. (૨) 'ઉપદેશ'માં દા. ત., लण् । માહેશ્વરસૂત્ર નં-૬માં ल् અને ण् ની વચ્ચે આવેલો अ કાર તે સાનુનાસિક (अ) ઉચ્ચારતો હોવાથી, તે (अ કાર)ની उपदेशेऽजनुनासिक इत् । ૧-૩-૨ સૂત્રથી इत् સંજ્ઞા થાય છે.

[૨] હ્રસ્વ-દીર્ઘ-પ્લુત સંજ્ઞાઓ : પાણિનિએ ऊकालोऽज्झ्रस्वदीर्घप्लुतः । ૧-૨-૨૭ સૂત્રથી (૧) એકમાત્રાવાળા उ કારની અને તેટલી જ માત્રાવાળા અન્ય अच् = સ્વરો (દા. ત., अ, इ, ऋ, लृ) ની પણ "હ્રસ્વ (સ્વર)" એવી સંજ્ઞા પાડી છે. (૨) બે માત્રાવાળા ऊ કારની, અને તેટલી જ માત્રાવાળા અન્ય સ્વરો (જેમકે आ, ई, ॠ)ની, તથા ए, ओ, ऐ, औ ની "દીર્ઘ (સ્વર)" એવી સંજ્ઞા જાહેર કરી છે તથા (૩) ત્રણ માત્રાવાળા उ ३ કારની અને તેટલી જ માત્રાવાળા અન્ય સ્વરો (જેમકે, अ ३, इ ३, ॠ ३, ए ३, ओ ३, ऐ ३, औ ३)ની પણ "પ્લુત (સ્વર)" એવી સંજ્ઞા થાય છે. (૧ માત્રા એટલે આંખનો એક પલકારો મારવામાં જેટલો સમય જાય તેટલો સમય. આવા એક માત્રિક ઉચ્ચારણકાલવાળા સ્વરને 'હ્રસ્વ' કહેવાય છે. દ્વિમાત્રિક ઉચ્ચારણકાલવાળા સ્વરને 'દીર્ઘ' કહેવાય છે અને ત્રિમાત્રિક ઉચ્ચારણકાલવાળા સ્વરને 'પ્લુત' કહેવાય છે.)

[૩] ઉદાત્ત–અનુદાત્ત–સ્વરિત સંજ્ઞાઓ : પાણિનિએ अ, इ, उ વગેરે સ્વરો (= અક્ષરો)માં રહેનારા જુદા જુદા સ્વરધર્મોને ઉદાત્ત, અનુદાત્ત વગેરે નામે ઓળખાવ્યા છે. જેમકે, (૧) उच्चैरुदात्तः । ૧–૨–૨૯ સૂત્રથી કહ્યું છે કે જે (अ, इ, उ વગેરે) अच् અક્ષરો મોંમાં આવેલા તાલુ વગેરે ઉચ્ચારણ-સ્થાનોમાંના ઉપરના ભાગેથી નિષ્પન્ન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

થાય છે (= ઉચ્ચારાય છે) તે સ્વરધર્મને 'ઉદાત્ત' સંજ્ઞા અપાય છે. (૨) नीचैरनुदात्तः । ૧–૨–૩૦થી જાહેર કર્યું છે કે–જે अच् અક્ષરો તાલુ વગેરે ઉચ્ચારણસ્થાનોમાંના નીચેના ભાગેથી ઉચ્ચારાય છે તે સ્વરધર્મને 'અનુદાત્ત' એવી સંજ્ઞાથી ઓળખાવો. તથા (૩) समाहारः स्वरितः । ૧–૨–૩૧થી કહે છે કે જે अ, इ, उ અક્ષરોના ઉચ્ચારણમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ નામના સ્વરધર્મો ભેગા મળ્યા હોય (= બે સ્વરધર્મોનો પૂર્વાપર ભાવપૂર્વક સમાહાર થયો હોય) ત્યારે તેવા મિશ્રિત સ્વરધર્મને 'સ્વરિત' એવી સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપર ખેંચાયેલો = આરોહયુક્ત જે સ્વરધર્મ તેને 'ઉદાત્ત' કહે છે. ઉપર તરફ નહીં ખેંચાયેલો અર્થાત્ અવરોહયુક્ત જે સ્વરધર્મ તેને 'અનુદાત્ત' કહે છે. પણ જ્યાં પૂર્વાર્ધમાં અર્ધીમાત્રાનું આરોહયુક્ત ઉચ્ચારણ થાય અને ઉત્તરાર્ધની અવશિષ્ટ માત્રાઓનું અવરોહયુક્ત ઉચ્ચારણ થાય ત્યારે તેવા મિશ્ર ઉચ્ચારણને = મિશ્રિત સ્વરધર્મને 'સ્વરિત' એવા નામે ઓળખવામાં આવે છે.

[૪] અનુનાસિક સંજ્ઞા : જે વર્ણના ઉચ્ચારણ વખતે મુખમાં આવેલા (તાલુ વગેરે સ્થાનમાંના કોઈ એક) સ્થાનની સાથે નાસિકાની પણ મદદ લેવાય, તે વર્ણની 'અનુનાસિક' એવી સંજ્ઞા પાડવામાં આવે છે. જુઓ : मुख-नासिका-वचनोऽनुनासिकः । ૧-૧-૮.

'અનુ-નાસિક' શબ્દ એવું સૂચવે છે કે જે વર્ણના ઉચ્ચારણમાં, કોઈ એક સ્થાનનો ઉપયોગ કર્યા પછી, પાછળને પાછળ (अनु) નાસિકા અંગનો પણ ઉપયોગ કરવામાં આવે તેને અનુનાસિક-વર્ણ કહેવાય. દા. ત., ञ, म, ङ ण, न અને म. આ પાંચેય વર્ગના પંચમ-વર્ણો છે. દા. ત., च વર્ગના પંચમ વર્ણ તરીકે ञ કારના ઉચ્ચારણમાં મુખમાં આવેલ તાલુ સ્થાનથી સાથેને સાથે, પાછળથી નાસિકા પણ જોડાય છે. તેથી ञ વગેરે પંચમ વર્ણોને "અનુનાસિક વ્યંજન" કહેવાય છે.

[૫] 'સવર્ણ' સંજ્ઞા : तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧-૧-૯ સૂત્રથી 'સવર્ણ' સંજ્ઞા કેવા કેવા વર્ણોની થાય છે? – એ કહેવાયું છે. જે બે વર્ણોના ઉચ્ચારણ સ્થાન અને ઉચ્ચારણ માટેના પ્રયત્ન એક સરખાં (તુલ્ય) હોય–તે બે વર્ણો પરસ્પરના 'સવર્ણ-વર્ણ' કહેવાય છે. દા. ત., હ્રસ્વ इ કાર અને દીર્ઘ ई કાર – આ બે વર્ણોનું ઉચ્ચારણ સ્થાન તાલુ છે, અને તે બન્નેને ઉચ્ચારવા માટે વિવૃત પ્રયત્ન પણ એક સરખો જ કરવો પડે છે. આથી હ્રસ્વ इ વર્ણનો 'સવર્ણ' વર્ણ દીર્ઘ ई કહેવાશે અને દીર્ઘ ई નો 'સવર્ણ વર્ણ' હ્રસ્વ इ કહેવાશે.

કેવા બે વર્ણોની પરસ્પરમાં સવર્ણ સંજ્ઞા થાય છે? એ કહેવાની સાથે સાથે સૂત્રકાર પાણિનિએ કેવા કેવા વર્ણોની સવર્ણ સંજ્ઞા થતી નથી એ પણ કહ્યું છે. જેમ કે नाज्झलौ । ૧-૧-૧૦. અર્થાત્ એક अच् (=સ્વર) અને એક हल् (=વ્યંજન) વર્ણ, જો ઉચ્ચારણ સ્થાનની દૃષ્ટિએ અને ઉચ્ચારણ પ્રયત્નની દૃષ્ટિએ એક સરખા (તુલ્ય) હોય તો પણ, તેમની પરસ્પરની સવર્ણ સંજ્ઞા થતી નથી. દા. ત., अ કાર કંઠસ્થાનીય છે અને વિવૃત પ્રયત્નવાળો છે; તથા ह કાર પણ કંઠસ્થાનીય અને વિવૃત પ્રયત્નવાળો છે. તથાપિ ૧–૧–૧૦ સૂત્રના કહેવા થકી સમાન સ્થાન પ્રયત્નવાળા બે વર્ણોમાંથી જો એક સ્વરવર્ણ હોય અને બીજો વ્યંજનવર્ણ હોય તો તે બેની પરસ્પરમાં સવર્ણ સંજ્ઞા થતી નથી. આ બન્ને સૂત્રો (૧–૧–૯ અને ૧–૧–૧૦)નો ફલિતાર્થ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

એ થાય કે - (क) એક સ્વર અને બીજો એક સ્વર - તે બેના જો ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એક સરખા હોય તો તે બેની પરસ્પરમાં 'સવર્ણ' સંજ્ઞા થશે. (ख) એક વ્યંજન અને બીજો એક વ્યંજન - એ બેના ઉચ્ચારણ સ્થાન અને ઉચ્ચારણ પ્રયત્ન એક સરખા હશે તો પણ તે બેની પરસ્પરમાં 'સવર્ણ' સંજ્ઞા થઈ શકશે. પરંતુ (ग) એક સ્વર અને એક વ્યંજનના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન સમાન હશે તો પણ તે બેની પરસ્પરમાં 'સવર્ણ' સંજ્ઞા થશે નહીં.

[૬] વૃદ્ધિ સંજ્ઞા : वृद्धिरादैच् । ૧–૧–૧ સૂત્રથી કહેવાયું છે કે દીર્ઘ आ કાર, ऐ કાર અને औ કારની 'વૃદ્ધિ' સંજ્ઞા થાય છે. અહીં ઝીણવટપૂર્વક કહીએ તો દીર્ઘ आ કારની, ऐ કારની અને औ કારની – એ ત્રણેય વર્ણોના સમુદાયની પણ 'વૃદ્ધિ' સંજ્ઞા થાય છે, તથા તે પ્રત્યેક વર્ણને પણ (વ્યક્તિશઃ) 'વૃદ્ધિ' સંજ્ઞા પ્રાપ્ત થાય છે. બીજી એક રીતે કહીએ તો – 'વૃદ્ધિ' એ સંજ્ઞા છે અને आ, ऐ અને औ – એ વર્ણો તે સંજ્ઞિન્ છે.

[૭] ગુણ સંજ્ઞા : अदेङ् गुणः । ૧–૧–૨ સૂત્ર જણાવે છે કે હ્રસ્વ अ કાર, ए કાર અને ओ કારની 'ગુણ' એવી સંજ્ઞા થાય છે. અહીં પણ ચોખવટપૂર્વક કહીશું કે આ ત્રણેય વર્ણોને અલગ અલગ રીતે (= પ્રત્યેક વર્ણને) 'ગુણ' સંજ્ઞક કહી શકાય છે; તથા તે ત્રણેય વર્ણોના સમુદાયને પણ 'ગુણ' સંજ્ઞા આપી શકાય છે.

[૮] ધાતુ સંજ્ઞા : પાણિનિએ 'અષ્ટાધ્યાયી' સૂત્રપાઠ રચવા ઉપરાંત સંસ્કૃત ભાષાના ક્રિયાવાચક મૂળભૂત શબ્દો = ક્રિયાવાચક પ્રકૃતિઓ [જેવી કે, भू (सत्तायाम्), वा (गतिगन्धनयोः), गद (व्यक्तायां वाचि), डुकृञ् (करणे) વગેરે]નો પણ એક સંમૂહ એકઠો કર્યો હતો. આમાં આવેલ પ્રત્યેક ક્રિયાવાચક પ્રકૃતિને 'ધાતુ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. તથા એવી પ્રકૃતિઓના સમુદાયને 'ધાતુપાઠ' તરીકે ઓળખવામાં આવે છે. પાણિનિએ भूवादयो धातवः । ૧–૩–૧ સૂત્રથી જે 'ધાતુ' સંજ્ઞાની જાહેરાત કરી છે, તે સંજ્ઞા પ્રવૃત્ત થવા માટેના બે આવશ્યક નિમિત્તો આ પ્રમાણે છે : (૧) પાણિનિએ એકત્રિત કરેલા 'ધાતુપાઠ'માં પઠિત હોય એવી (જ); અને (૨) વળી, જે ક્રિયાવાચક પણ હોય તેવી પ્રકૃતિને (જ) "ધાતુ" કહેવાય છે. [અર્થાત્ જે પ્રકૃતિમાંથી દ્રવ્યનો, વ્યક્તિનો બોધ થતો હોય, (દા. ત., वृक्षः, रामः) તેમને 'નામ' (અથવા 'પ્રાતિપદિક') કહેવાય છે. પણ જે પ્રકૃતિમાંથી કોઈકને કોઈક ક્રિયાનો અર્થબોધ થતો હોય. (દા. ત., 'कृ' એટલે 'કરવું', અને પઠ એટલે વાંચવું, भू એટલે 'હોવું, થવું') તો તેવા શબ્દોને 'ધાતુ' કહેવામાં આવે છે.] આમ ભાષામાં બે પ્રકારની પ્રકૃતિ જોવા મળે છે : ૧. નામ રૂપા પ્રકૃતિ અને ૨. ધાતુ રૂપા પ્રકૃતિ. તેમાંથી જ સંસ્કૃત ભાષાના નામપદો અને ક્રિયાપદો સાધવામાં = બનાવવામાં આવે છે.

[૯] નિપાત સંજ્ઞા : ભાષામાં વપરાતા એક ત્રીજા પ્રકારના શબ્દો, કે જેમાંથી કોઈ ક્રિયાનો અર્થ પણ ના નીકળતો હોય અને કોઈ દ્રવ્ય/વ્યક્તિનો અર્થ પણ ના નીકળતો હોય; પરંતુ જે અદ્રવ્યાર્થક હોય (એટલે કે જેમાંથી સમુચ્ચય, સમ્મુખ, નિષેધ, વિરોધી, અભાવ ઇત્યાદિ અર્થોની પ્રતીતિ જન્મતી હોય) તેવા च, प्रति, मा, न, प्र વગેરે અવ્યયોની 'નિપાત' સંજ્ઞા પાડવામાં આવી છે. प्रादयः । અને चादयोऽसत्त्वे ।

Vasant Bhatt Collection, Gujarat

 CC-0. In Public Domain Digitized by eGangotri

(૧-૪-૫૭, ૫૮) આવા च, खलु, नूनं, मा, न વગેરે શબ્દો ભાષામાં આવી પડ્યા હોય છે. (निपतन्ति भाषायाम्). તેથી તેમને 'નિપાત' કહેવામાં આવે છે; (જેમને આપણે સામાન્ય રીતે 'અવ્યય' એવા નામે પણ ઓળખીએ છીએ.)

[૧૦] ઉપસર્ગ સંજ્ઞા : प्र, परा, अप, सम्, अनु, अव વગેરે प्रादि ગણમાં આવેલા શબ્દો જો ક્રિયાપદના યોગમાં (અર્થાત્ ક્રિયાપદની પૂર્વમાં) વપરાયા હોય તો તે દરેકની 'ઉપસર્ગ' એવી સંજ્ઞા થાય છે. उपसर्गाः क्रियायोगे । ૧-૪-૫૯. 'ઉપસર્ગ' શબ્દની વ્યુત્પત્તિ થાય છે. उपसृज्यते इति उपसर्गः । જે ક્રિયાની નજીકમાં (= પૂર્વમાં) જોડાય છે = બાંધવામાં/વાપરવામાં આવે છે તે 'ઉપસર્ગ' કહેવાય. (વૈદિક મન્ત્રોમાં આવા प्र, परा વગેરે ઉપસર્ગ ક્યારેક ક્રિયાપદની આગળ પાછળ, કે એકલા અટુલા પણ = ક્રિયાપદની ગેરહાજરીમાં પણ વપરાય છે.) પાણિનિના प्रादि ગણમાં આવા ૨૨ ઉપસર્ગોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

[૧૧] ગતિ સંજ્ઞા : प्रादि ગણમાં આવેલા प्र વગેરે (કે જેમને 'ઉપસર્ગ' નામ આપવામાં આવ્યું છે, તે) જયારે ક્રિયાપદના યોગમાં વપરાયા હોય ત્યારે તેમની 'ગતિ' એવી એક બીજી સંજ્ઞા પણ પડે છે : गतिश्च । ૧-૪-૬૦ દા. ત., अभि + गच्छति = अभिगच्छति। प्रति + धावति = प्रतिधावति । प्र + हरति = प्रहरति । અહીં ક્રિયાપદ (गच्छति)ની પૂર્વમાં વપરાયેલા अभि વગેરેની 'ઉપસર્ગ' સંજ્ઞા પણ પડે છે; અને 'ગતિ' સંજ્ઞા પણ પડે છે.

* * *

પાણિનિની પણ પૂર્વે યાસ્ક નામના આચાર્યે 'નિરુક્ત' નામના વેદાંગમાં ભાષામાં વપરાતા શબ્દોને ચાર પ્રકારમાં વહેંચી બતાવ્યા હતા : ૧. નામ, ૨. આખ્યાત (= ધાતુ) ૩. ઉપસર્ગ અને ૪. નિપાત. આમાંથી જે દ્રવ્યાર્થક શબ્દો હોય છે તેને 'નામ' (અથવા 'પ્રાતિપદિક') કહે છે; જે ક્રિયાવાચક શબ્દો (પ્રકૃતિ) હોય છે તેને 'ધાતુ' કહે છે; જે શબ્દો ક્રિયાપદની પૂર્વમાં વપરાય છે તેને 'ઉપસર્ગ' કહે છે અને જે દ્રવ્યાર્થક કે ક્રિયાર્થક નહીં હોવાની સાથે સાથે વાક્યમાં જે સ્વતન્ત્રપણે વપરાય છે. (દા. ત., च, खलु, नूनम् વગેરે) તેમને 'નિપાત' કહે છે. આમાંના ત્રણ પ્રકારના શબ્દોને ઓળખાવવા પાણિનિએ ૧–૩–૧ થી ધાતુ સંજ્ઞા, ૧–૪–૫૭, ૫૮થી નિપાત સંજ્ઞા અને ૧–૪–૫૯ થી ઉપસર્ગ સંજ્ઞાનો પ્રયોગ કર્યો છે.

[૧૨] વિભાષા સંજ્ઞા : પાણિનિએ न वेति विभाषा ૧-૧-૪૪ સૂત્ર દ્વારા "નિષેધ અને વિકલ્પની 'વિભાષા' સંજ્ઞા" જાહેર કરી છે. આ સૂત્રનું અર્થઘટન થોડુંક વિવાદાસ્પદ છે. પાણિનિનાં સૂત્રોથી જુદા જુદા અર્થમાં જુદાં જુદાં રૂપોની નિષ્પત્તિ કરી બતાવવામાં-સાધી બતાવવામાં-આવે છે. પરંતુ ક્યારેક એક જ અર્થમાં બે પ્રકારનાં શબ્દરૂપો-સાધી બતાવવામાં-આવે છે. પરંતુ ક્યારેક એક જ અર્થમાં બે પ્રકારનાં શબ્દરૂપો જો ભાષામાં વપરાતાં હોય તો પાણિનિ એવાં બે વૈકલ્પિક રૂપોમાંથી જે બહુ પસંદ કરવા યોગ્યરૂપ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

ના હોય તેની નિષ્પત્તિ કરનારા વિધિ સૂત્રમાં 'विभाषा' શબ્દ વાપરે છે-એવું આધુનિક સમયમાં પોલ કિપાર્સ્કી નામના અમેરિકન વિદ્વાન્ જણાવે છે. (જુઓ : PĀṆINI : AS A VARIATIONIST, Univ. of Poona, 1979–By Paul Kiparsky.)

[૧૩] અવસાન સંજ્ઞા : પાણિનિએ विरामोऽवसानम् । ૧-૪-૧૧૦ સૂત્રથી "વર્ણોના તદ્દન અભાવની સ્થિતિને 'અવસાન' એવું નામ (સંજ્ઞા)" આપ્યું છે. દા. ત., કોઈ એક વાક્યના અંતિમ પદના અંતિમ વર્ણની પાછળ, બીજું એક પણ પદ ન આવતું હોય તો તેની (અર્થાત્ વાક્યના અન્ત પછીની સ્થિતિને) 'અવસાન' સંજ્ઞા થાય છે.

[૧૪] સંહિતા સંજ્ઞા : परः संनिकर्षः संहिता । ૧-૪-૧૦૯ સૂત્રથી વર્ણો વચ્ચેના અતિશય સાંનિધ્યને 'સંહિતા' સંજ્ઞા આપવામાં આવે છે. એટલે કે વર્ણો વચ્ચે જ્યારે સન્ધિ કરીને તેમને તદ્દન પાસે પાસે લાવીને મૂકવામાં આવે છે ત્યારે તેને 'સંહિતા' કહે છે. (सम् + धा મૂકવું' → કર્મણિ ભૂતકૃદન્ત हित + आ સ્ત્રીલિંગનો પ્રત્યય = संहिता = સારી રીતે = સન્ધિ કરીને પાસે પાસે મૂકેલા વર્ણો.)

[૧૫] પદ સંજ્ઞા : પાણિનિ દ્વારા सुप्तिङन्तं पदम् । ૧-૪-૧૪ સૂત્રથી સુબન્ત અને તિઙન્ત રૂપોની "પદ" સંજ્ઞા કરવામાં આવી છે. કોઈ પણ નામની પાછળ સુપ્ (= સાત વિભક્તિઓના ૨૧) પ્રત્યયો લગાડીને (राम + स् =) रामः । (राम + भ्याम् =) रामाभ्याम् । (राम + स्य =) रामस्य । એવાં રૂપો બનાવવામાં આવે છે. આવાં રૂપોને 'सुप् प्रत्ययान्त' અર્થાત્ 'सुबन्त' (= सुप् + अन्त) કહેવાય છે. એવી જ રીતે, ક્રિયાવાચક ધાતુઓની પાછળ કાળવાચક (ति-तस्-अन्ति વગેરે) तिङ् પ્રત્યયો (૯ આત્મનેપદના + ૯ પરસ્મૈપદના પ્રત્યયો) લગાડીને (पच् अ + ति =) पचति । (पच् अ + तस् =) पचतः । વગેરે રૂપો બનાવવામાં આવે છે. આવાં ક્રિયાપદનાં રૂપોને 'तिङ्प्रत्ययान्त' અર્થાત્ 'तिङन्त' (तिङ्+ अन्त) કહેવાય છે, હવે આવા 'सुबन्त' (= નામપદો) અને 'तिङन्त' રૂપો (= ક્રિયાપદો)ને "પદ" એવી સંજ્ઞા આપવામાં આવે છે. આમ પાણિનિએ વાક્યમાં વપરાતાં 'પદો'ને બે પ્રકારમાં વહેંચી દીધાં છે : ૧. સુબન્ત પદ અને ૨. તિઙન્ત પદ. (નામપદ + ક્રિયાપદ = વાક્ય).

[૧૬] સંયોગ સંજ્ઞા : સ્વરોના અંતરાય વિના (= વ્યવધાન વિના) ભેગા મળેલા કેવળ વ્યંજનોના સમૂહને "સંયોગ" સંજ્ઞા આપવામાં આવી છે : हलोऽनन्तराः संयोगः । ૧-૧-૭ દા. ત., 'માહાત્મ્ય' શબ્દને સ્વર-વ્યંજનોની દૃષ્ટિએ વર્ણોમાં વહેંચી દઈએ તો म् आ ह् आ त् म् य् अ એવો ક્રમ જોવા મળશે. એમાં જે त्-म्-य् એવા ત્રણ વ્યંજનો છે, તેમની વચ્ચે એક પણ સ્વર આવેલો નથી. તો આવા ત્રણ વ્યંજનોના સમૂહને 'સંયોગ' નામે ઓળખાશે.

[૧૭] લઘુ સંજ્ઞા : એક માત્રિક હ્રસ્વ સ્વરવાળા અક્ષરની 'લઘુ' સંજ્ઞા પાડવામાં આવી છે. દા. ત., હ્રસ્વ अ સ્વર સ્વરૂપ અક્ષર હોય, કે क् વ્યંજન + હ્રસ્વ अ સ્વર મળીને જે 'क' અક્ષર બન્યો હોય તેની 'લઘુ (અક્ષર)' એવી સંજ્ઞા થાય છે. (ह्रस्वं लघु । ૧-૪-૧૦)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૧૮] ગુરુ સંજ્ઞા : 'ગુરુ' સંજ્ઞા કુલ બે સન્દર્ભમાં થાય છે : (૧) સંયોગે ગુરુ। ૧-૪-૧૧ અર્થાત્ સંયોગ (= વ્યંજનોનો સમૂહ) પરમાં હોય ત્યારે, તેની પૂર્વે આવેલા હ્રસ્વ અક્ષરની 'ગુરુ' સંજ્ઞા થાય છે. દા. ત., अगस्त्यः । અહીં 'स्-त्-य्' જેવા 'સંયોગ'ની પૂર્વે આવેલો 'ग' (ग् + अ) અક્ષર: (કે જે સ્વરની દૃષ્ટિએ એક માત્રિક હ્રસ્વ છે, તથાપિ) તેની 'ગુરુ' સંજ્ઞા થાય છે. તથા (૨) दीर्घञ्च । ૧-૪-૧૨ દ્વિમાત્રિક દીર્ઘ સ્વરથી બનેલા અક્ષરની પણ 'ગુરુ (અક્ષર)' એવી સંજ્ઞા થાય છે. દા. ત., महाभारतम् । અહીં 'हा' (ह् + आ) એવો અક્ષર દ્વિમાત્રિક દીર્ઘ આ કારથી બનેલો છે, તેથી તેની પણ 'ગુરુ' સંજ્ઞા પડે છે.

* * *

આ રીતે પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં અમુક પ્રકારે લાઘવ સિદ્ધ કરવા માટે જે કેટલીક કૃત્રિમ અને અકૃત્રિમ (= યથાર્થ = અન્વર્થ) સંજ્ઞાઓ પાડી છે, તેમાંની અઢારેક સંજ્ઞાઓને પસંદ કરીને ભટ્ટોજિ દીક્ષિતે પોતાની 'વૈયાકરણ-સિદ્ધાન્ત કૌમુદી'ના પ્રથમ 'સંજ્ઞા પ્રકરણ'માં રજૂ કરી છે-તેનો પરિચય પૂરો થયો.

[૭] સંસ્કૃત ભાષાનું ધ્વનિશાસ્ત્ર (Phonetics)

'સંજ્ઞા-પ્રકરણ'માં આવેલી વિવિધ સંજ્ઞાઓનો વિગતે અભ્યાસ કર્યા પછી, તે પ્રકરણમાં જે બીજો મુખ્ય મુદ્દો વિસ્તારથી નિરૂપાયો છે તે **સંસ્કૃત ભાષાના ધ્વનિશાસ્ત્રને** લગતો છે.

કોઈ પણ ભાષાના વ્યાકરણ ગ્રન્થનો અભ્યાસ કરીશું ત્યારે તેમાં જે તે ભાષાના મુખ્યત્વે ચાર અંગોનો વિચાર કરવામાં આવ્યો હોય છે : (૧) ધ્વનિઓ, (૨) પદો, (૩) વાક્ય અને (૪) અર્થ. આમાંથી જે 'ધ્વનિ'ઓ છે તે ભાષાનું નાનામાં નાનું એકમ (Unit) છે. તે પછી જે 'પદો' (નામપદો અને ક્રિયાપદો) છે, તે ધ્વનિ કરતાં થોડુંક મોટું એવું એકમ છે. તથા ભાષાનું સૌથી મોટું એકમ તે 'વાક્ય' છે, જે અનેક (પરસ્પરમાં અન્વિત એવાં) પદોના સમુદાયથી બનેલું હોય છે. આ ત્રણેય એકમો તે **સાધનો** છે; અને તેમની મદદથી વક્તા પોતાના વિવક્ષિત (= કહેવા = અભિવ્યક્ત કરવા ઇષ્ટ એવા) અર્થને શ્રોતા સુધી પહોંચાડે છે. આમ ભાષાનું આ ચોથું એકમ, કે જે 'અર્થ' છે, તે **સાધ્ય** ગણાય છે. – આ દૃષ્ટિએ વિચારીએ તો સંસ્કૃત ભાષાનું વ્યાકરણ જેમાં રજૂ થયું છે તે 'વૈયાકરણ-સિદ્ધાન્ત-કૌમુદી'ના આરંભે મૂકેલા 'સંજ્ઞા પ્રકરણ'માં સંસ્કૃત ભાષાના નાનામાં નાના એકમ રૂપ ધ્વનિઓ (= સ્વર-વ્યંજનોના સમુદાય) બાબતે શી ચર્ચા કરવામાં આવે છે ? તે મુદ્દો તપાસવો જોઈએ.

* * *

બ્રાહ્મણ સંસ્કૃતિમાં વેદોની રક્ષા કરવા માટે છ વેદાંગોને વિકસાવવામાં આવ્યાં છે : ૧. શિક્ષા, ૨. કલ્પ, ૩. જ્યોતિષ્, ૪. છન્દ, ૫. નિરુક્ત અને ૬. વ્યાકરણ. આમાંથી જે પહેલું 'શિક્ષા' નામનું વેદાંગ છે, તેમાં સંસ્કૃત ભાષાના શિષ્ટ માન્ય ધ્વનિઓ (= સ્વર--વ્યંજનોનો સમૂહ) કયા કયા છે, કેટલા છે ? તે દરેકનું ઉચ્ચારણ સ્થાન અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રયત્ન કયું કયું છે ? ઉચ્ચારણના દોષો કયા અને કેવા હોય છે ? વગેરે વિષયની ચર્ચા કરવામાં આવી છે. આવા શિક્ષાગ્રન્થો એકસોથી પણ વધારે છે અને પાણિનિના નામે એક "પાણિનીય શિક્ષા" આજે ઉપલબ્ધ થાય છે. આવા શિક્ષાગ્રન્થોની પણ પૂર્વે કેટલાક 'પ્રાતિશાખ્ય' ગ્રન્થો રચાયા છે. જેમકે, ઋગ્વેદ પ્રાતિશાખ્ય, વાજસનેયિ પ્રાતિશાખ્ય, તૈત્તિરીય પ્રાતિશાખ્ય, ઋક્તન્ત્ર પ્રાતિશાખ્ય વગેરે. તે દરેકમાં પણ વેદની જે તે શાખાના ધ્વનિઓનું કેવું ઉચ્ચારણ કરવામાં આવે છે ? તેનું નિરૂપણ થયેલું છે.

હવે પાણિનિએ જ્યારે પોતાનું 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ રચ્યું છે ત્યારે, તેમાં સંસ્કૃત ભાષાના પૂર્વોક્ત ચારેય અંગોની ચર્ચા કરવી આવશ્યક હતી. પરંતુ આ આદ્ય વૈયાકરણે પોતાની 'અષ્ટાધ્યાયી'ના આરંભે ચૌદ માહેશ્વર સૂત્રો (अ इ उ ण् । ऋलृक् । વગેરે સૂત્રો)માં સંસ્કૃત ભાષાના શિષ્ટમાન્ય ધ્વનિઓનો ઉપદેશ કર્યો છે (= પ્રદર્શન કર્યું છે.) તથા બીજાં કેટલાંક સૂત્રોમાં, તે સ્વર ધ્વનિઓના હ્રસ્વાદિ ત્રણ ભેદો હોય છે અને તે દરેકમાં ઉદાત્તાદિ ત્રણ સ્વરધર્મો રહેલા હોય છે-એટલી વાત રજૂ કરી છે. પણ ત્યાં તે વર્ણોના ઉચ્ચારણ સ્થાન કયા કયા છે ? તે વર્ણો ઉચ્ચારવા માટે કેવો પ્રયત્ન કરવો પડે છે ? ઉચ્ચારણની પ્રક્રિયા કેવી હોય છે ? ઇત્યાદિની કોઈ જ ચર્ચા કરી નથી. જો કે આનું એક કારણ એ પણ હોઈ શકે કે પાણિનિએ પોતાના (?) જુદા એક 'શિક્ષા' ગ્રન્થમાં આનું નિરૂપણ કર્યું છે. વળી આ બધો વિષય પોતાની પૂર્વે રચાયેલા પ્રાતિશાખ્યમાં નિરૂપાયેલો જ છે એમ જોઈને તેમણે 'અષ્ટાધ્યાયી'માં એની પુનરુક્તિ નહીં કરી હોય.

પરંતુ ભટ્ટોજિ દીક્ષિતે જ્યારે 'સંજ્ઞા-પ્રકરણ'ની રચના કરી ત્યારે તેમણે તે પાણિનીય શિક્ષા અને પ્રાતિશાખ્ય ગ્રન્થોની મદદ લઈને સંસ્કૃત ભાષાના 'ધ્વનિશાસ્ત્ર'ની સર્વાંગીણ ચર્ચા રજૂ કરી છે.

સંસ્કૃત ભાષાના ધ્વનિઓ વિષે પાણિનિનાં સૂત્રોમાંથી જે વિગતો મળે છે, તે નીચે મુજબ છે :–

૧. ચૌદ માહેશ્વર સૂત્રોમાંથી–

(क) સંસ્કૃત ભાષામાં મુખ્ય નવ સ્વર ધ્વનિઓ છે : अ इ उ ऋ लृ ए ओ ऐ અને औ ॥

(ख) 'અન્તઃસ્થ' અર્થાત્ અર્ધસ્વરો य् व् र् ल् એમ ચાર છે.

(ग) क થી म પર્યન્તના સ્પર્શ વ્યંજનો ૨૫ છે :

क	च	ट	त	प
ख	छ	ठ	थ	फ
ग	ज	ड	द	ब
घ	झ	ढ	ध	भ
ङ	ञ	ण	न	म

(घ) ઊષ્માક્ષરો ચાર છે : श, ष, स અને ह.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ કુલ ૯ + ૪ + ૨૫ + ૪ = ૪૨ વર્ણધ્વનિઓનો અહીં ઉપદેશ (= પ્રદર્શન) છે, પરંતુ તેમાં अ इ વગેરે સ્વરોના દીર્ઘાદિ ભેદો પ્રકટપણે બતાવ્યા નથી.

૨. ऊकालोऽज्झ्रस्वदीर्घप्लुतः । ૧-૨-૨૭ સૂત્ર જણાવે છે કે उ કાર વગેરે સ્વરધ્વનિઓ જ્યારે એકમાત્રિક, દ્વિમાત્રિક અને ત્રિમાત્રિક હોય ત્યારે અનુક્રમે તે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ભેદવાળા બને છે.

૩. (क) ૧. उच्चैरुदात्तः । ૧-૨-૨૯

૨. नीचैरनुदात्तः । ૧-૨-૩૦

૩. समाहारः स्वरितः । ૧-૨-૩૧ સૂત્રો દ્વારા કહેવાય છે કે अ, इ, उ વગેરે સ્વરધ્વનિઓના જે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત-એવા ત્રણ ભેદ પડે છે, તે દરેક ભેદમાં ત્રણ ત્રણ પ્રકારના 'ઉદાત્ત', 'અનુદાત્ત' અને 'સ્વરિત' એવા નામે ઓળખાતા સ્વરધર્મો રહી શકે છે. દા. ત.,



અહીં अ સ્વર એ 'ધર્મી' છે. તેના જે હ્રસ્વાદિ ત્રણ ભેદ પડે છે, તે તેમના ઉચ્ચારણમાં વપરાતા સમયગાળાની દષ્ટિએ પડેલા છે. એક 'માત્રા' એટલે આંખના એક નિમેષ (= પલકારા) જેટલો સમય. આટલો સમય જેના ઉચ્ચારણમાં ખરચાય તેને 'હ્રસ્વ સ્વર' કહે છે. બે નિમેષ = અર્થાત્ બે માત્રાવાળા ઉચ્ચારણને 'દીર્ઘસ્વર' કહે છે, અને ત્રણ માત્રાવાળા ઉચ્ચારણને 'પ્લુતસ્વર' કહે છે. હવે આ ત્રણેય પ્રકારના હ્રસ્વાદિ સ્વરોમાં ત્રણ ત્રણ સ્વરધર્મો (એક પ્રકારના આરોહ, અવરોહ કે બલાઘાતવાળા ઉચ્ચારણના ગુણધર્મો) રહેતા હોય છે.



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અવરોહ સાથે જે સ્વર (अ, इ વગેરે) ઉચ્ચારાય તે 'અનુદાત્ત' છે; આરોહ સાથે જે સ્વર ઉચ્ચારાય તે 'ઉદાત્ત' છે અને જે ઉચ્ચારણમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એવા બે સ્વરધર્મોનું મિશ્રણ (= સમાહાર) હોય તેને 'સ્વરિત' કહે છે. (સ્વરિત પછી આવેલા અક્ષરો એકસરખા = એકશ્રુતિથી = આરોહ વગેરે ભેદો વિના ઉચ્ચારાય છે; જેને 'પ્રચય' કહે છે.)

૩. (ख) तस्यादित उदात्तम् अर्धह्रस्वम् । ૧-૨-૩૨ આ સૂત્રથી, પાણિનિએ જણાવ્યું છે કે ઉદાત્તત્વ + અનુદાત્તત્વના સમાહારથી જન્મેલો જે ત્રીજા પ્રકારનો 'સ્વરિત' નામનો સ્વરધર્મ છે, તેનો પૂર્વાર્ધ શેનાથી બનેલો હોય છે ? તો જવાબ છે કે-કોઈ પણ સ્વરિત સ્વર(ધર્મ)નો "આદિ અર્ધો ભાગ" (અથવા-"આદિ અર્ધી માત્રા") ઉદાત્તત્વની બનેલી હોય છે; અને ઉત્તરાર્ધનો અવશિષ્ટ ભાગ અનુદાત્તત્વથી બનેલો હોય છે.

૪. मुखनासिकावचनोऽनुनासिकः । ૧-૧-૮. આ સૂત્ર દ્વારા પાણિનિએ જણાવ્યું છે કે જે अ इ उ વગેરે ધ્વનિઓ છે તે બેમાંથી કોઈ એક પ્રકારના હોઈ શકે છે : ૧. અનુનાસિક અથવા ૨. નિરનુનાસિક (અર્થાત્ અનનુનાસિક). હવે 'અનુનાસિક સ્વરધ્વનિ કોને કહેવાય ? – તેનું લક્ષણ ૧–૧–૮ દ્વારા બાંધવામાં આવે છે કે – જે સ્વરધ્વનિના કે વ્યંજનધ્વનિના ઉચ્ચારણમાં 'મુખ' અર્થાત્ મુખમાં આવેલા તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોની સાથે નાસિકાનો પણ (પાછળથી) ઉપયોગ કરવામાં આવે તે ધ્વનિને "અનુનાસિક" કહેવાય છે. [તથા જે ધ્વનિના ઉચ્ચારણમાં કેવળ મુખવિવરમાં આવેલા કોઈ એક સ્થાનનો જ ઉપયોગ કરવામાં આવે, અને નાસિકાનો ઉપયોગ ન કરવામાં આવે તો તે ધ્વનિને 'અનનુનાસિક' કે 'નિરનુનાસિક' કહેવાય છે.]

૫. अ अ । ૮-૪-૮૬ આ સૂત્ર દ્વારા જણાવાયું છે કે સંસ્કૃત ભાષામાં હ્રસ્વ अ કાર બે પ્રકારનો હોય છે. ૧. શાસ્ત્રપ્રક્રિયા દરમિયાન હ્રસ્વ अ કાર 'વિવૃત પ્રયત્ન'વાળો હોય છે, અને ૨. પ્રયોગ અવસ્થામાં (વાતચીત દરમિયાન વાક્યાવસ્થામાં) તે 'સંવૃત પ્રયત્ન'વાળો હોય છે.

પાણિનિનાં **સૂત્રોમાંથી** સંસ્કૃત ભાષાના ધ્વનિઓ વિશે આટલી માહિતી મળે છે. વળી, तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧-૧-૯ સૂત્ર દ્વારા એ પણ જણાય છે કે સૂત્રકાર પાણિનિ આ ધ્વનિઓના ઉચ્ચારણમાં કામે લાગતાં आस्य = मुखम् = મુખમાં આવેલાં તાલુ, દન્ત વગેરે ઉચ્ચારણ સ્થાનોથી, અને प्रयत्न = વિવૃત્ત, સંવૃત વગેરે પ્રકારના આભ્યન્તર પ્રયત્નોથી પણ વાકેફ છે. પરંતુ તેમણે (= પાણિનિએ) સંસ્કૃત ભાષાના તમામ સ્વરધ્વનિઓ અને વ્યંજન ધ્વનિઓના પ્રત્યેકના ઉચ્ચારણસ્થાન કયા કયા છે ? તે દરેકના ઉચ્ચારણમાં કેવો આભ્યન્તર પ્રયત્ન કરવો પડે છે ? તદુપરાંત આ ધ્વનિના ઉચ્ચારણમાં કેવા બાહ્ય પ્રયત્નો પણ કામે લેવાય છે ? તેનું પ્રકટપણે કશું જ નિરૂપણ કર્યું નથી.

જ્યારે ભટ્ટોજિ દીક્ષિતે ઉપર્યુક્ત સૂત્રોની ઉપર વિવરણ (= વૃત્તિ) લખતી વખતે, પ્રાસંગિકપણે આ સઘળી પૂરક માહિતી રજૂ કરી છે. ભટ્ટોજિ દીક્ષિતે પાણિનીય–શિક્ષા અને પ્રાતિશાખ્ય ગ્રન્થોની મદદ લઈને (क) अकुहविसर्जनीयानां कण्ठः । વગેરે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાક્યોથી તમામ ધ્વનિઓના **'ઉચ્ચારણ સ્થાનો'**નું વર્ણન કર્યું છે. (ख) यत्नो द्विधा-आभ्यन्तरः बाह्यश्च । વગેરેથી ધ્વનિઓના ઉચ્ચારણમાં કામે લાગતાં **દ્વિવિધ પ્રયત્નોનું** વિગતે નિરૂપણ કર્યું છે. તથા (ग) વેદમાં જે **'યમ'** નામનો એક વધારાનો ધ્વનિ ઉચ્ચારાય છે તેની પણ સમજ ઉમેરી છે.* આટલી પૂરક વિગતો 'સંજ્ઞાપ્રકરણ'માં સાંકળી લીધા પછી, તેનો ધ્યાનથી અભ્યાસ કરવામાં આવે તો (લૌકિક) સંસ્કૃત ભાષાનું ધ્વનિ-વિષયક ઉચ્ચારણશાસ્ત્ર ધ્યાનમાં આવી શકે છે; અને એ રીતે એ વ્યાકરણ ગ્રન્થના આરંભે સંસ્કૃત ભાષાના પહેલા જ એકમ રૂપ વર્ણધ્વનિઓનો આવશ્યક પરિચય મળી રહે છે. સંસ્કૃતના આ ધ્વનિશાસ્ત્ર (phonetics)ને બે કોષ્ટક દ્વારા દૃષ્ટિગોચર કરાવવો હોય તો :—

(૧) વર્ણોના ઉચ્ચારણસ્થાન દર્શાવતું કોષ્ટક

वर्णाः	अ	इ	ऋ	लृ	उ	ए, ऐ	ओ,औ			
	क ख ग घ ङ	च छ ज झ ञ	ट ठ ड ढ ण	त थ द ध न	प फ ब भ म					ञ म ङ ण नां
	ह :	य श	र ष	ल स	≍प ≍फ			व	≍क ≍ख	
स्थानानि	कण्ठः	तालु	मूर्धा	दन्ताः	ओष्ठौ	कण्ठ-तालु	कण्ठ-ओष्ठम्	दन्त-ओष्ठम्	जिह्वा-मूलम्	नासिका च

* પરંતુ ભટ્ટોજિ દીક્ષિતે વેદમાં વપરાયેલા ळ ધ્વનિ (अग्निमीळे. ऋ. १-१-१) અને વેદના ळ्ह સંયુક્તાક્ષરમાંથી જન્મતા ढ ધ્વનિ વિશે કશી વાત કરી નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨) આભ્યન્તર અને બાહ્યપ્રયત્ન દર્શાવતું કોષ્ટક

આભ્યન્તર પ્રયત્નો*	સ્પૃષ્ટ-૧					ઈષત્–સ્પૃષ્ટ–૨	વિવૃત–૩			સંવૃત-૪
સંજ્ઞા	'સ્પર્શ					'અંતઃસ્થ'	'ઊષ્માક્ષર'		'સ્વર'	
વર્ણો	क च ट त प	ख छ ठ थ फ	ग ज ड द ब	घ झ ढ ध भ	ङ ञ ण न म	य र ल व	श ष स	ह	अ इ उ ऋ ऌ ए ओ ऐ औ	હ્રસ્વ अ (પ્રયોગમાં)
બાહ્ય પ્રયત્નો	અલ્પ પ્રાણ	મહા પ્રાણ	અલ્પ પ્રાણ	અલ્પ પ્રાણ	અલ્પ પ્રાણ	અલ્પ પ્રાણ	મહાપ્રાણ	મહાપ્રાણ	ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત	
	વિવાર શ્વાસ અઘોષ		સંવાર નાદ ઘોષ		સંવાર નાદ ઘોષ	સંવાર નાદ ઘોષ	વિવાર શ્વાસ અઘોષ	સંવાર નાદ ઘોષ		

નોંધ : *ભાષ્યકારે પાંચ આભ્યન્તર પ્રયત્નો માન્યા છે : સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, વિવૃત, ઈષદ્વિવૃત અને સંવૃત. ઊષ્માક્ષરોને ઈષદ્ વિવૃત ગણ્યા છે. (આવો પ્રયત્નભેદ માનીને તેમણે नाज्झलौ । પા. સૂ. ૧–૧–૧૦ સૂત્ર અનાવશ્યક જાહેર કર્યું છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

[૮] વ્યાકરણતન્ત્રમાં લાઘવ–સાધક પ્રયુક્તિઓ

પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં લાઘવ સિદ્ધ કરવા માટે અમુક યુક્તિ–પ્રયુક્તિઓ અજમાવી છે. કારણ કે સંસ્કૃત ભાષાનો વિસ્તાર (क) કાલખંડની દૃષ્ટિએ વિચારીએ, કે (ख) વિષયવૈવિધ્યની દૃષ્ટિએ વિચારીએ તો અસાધારણ વિશાળ છે. બીજા શબ્દોમાં કહીએ તો વેદ બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદોથી શરૂ કરી રામાયણ–મહાભારત જેવા ઇતિહાસગ્રન્થો, પુરાણો, કાવ્યસાહિત્ય, દર્શનસાહિત્ય, શાસ્ત્રગ્રન્થો વગેરે લિખિત સંસ્કૃત દસ્તાવેજો અને લોકમાં વ્યવહાર દશામાં વપરાતી સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અલ્પાયુષ્યવાળા માણસે ઓછા સમયમાં અને ઓછા પ્રયત્ને સમ્પૂર્ણપણે જાણી લેવું હોય તો એવું વ્યાકરણ જ ભણવું જોઈએ કે જેમાં અસાધારણ લાઘવપૂર્વકની રજૂઆત કરવામાં આવી હોય. આ દૃષ્ટિએ જોઈએ તો **કેવળ પાણિનિનું જ વ્યાકરણ** એવું છે કે જેમાં નિરતિશય લાઘવ સાધવામાં આવ્યું છે. (કહેવાય છે કે – अर्धमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः । 'વ્યાકરણનાં સૂત્રોમાં જો અર્ધીમાત્રાનું પણ લાઘવ સાધી શકાય તો વૈયાકરણો પુત્રજન્મ થયા જેટલો ઉત્સવ ઉજવે છે !') પાણિનિએ વ્યાકરણમાં લાઘવ સાધવા માટે સૌથી પહેલાં તો સૂત્રશૈલીનું આશ્રયણ કર્યું. જેથી વ્યાકરણના નિયમો કંઠસ્થ કરવામાં સરળતા રહે. પરંતુ બીજા તબક્કે એમણે બીજી અનેક પ્રયુક્તિઓ ઊભી કરી છે અને જેના પરિણામે તેમણે વ્યાકરણ ગ્રન્થને એક જટિલ એવા 'વ્યાકરણતન્ત્ર' (= મશીન)માં ફેરવી દીધેલ છે ! આમાંની કેટલીક પ્રયુક્તિઓ આ 'સંજ્ઞાપ્રકરણ'માં પણ પ્રાસંગિક રીતે રજૂ થઈ છે. જેમ કે –

(૧) પ્રત્યાહારની યુક્તિ : अ इ उ ण् । વગેરે ચૌદ માહેશ્વર સૂત્રો, हलन्त्यम् । ૧–૩–૩ સૂત્ર અને आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧ એ ત્રણ સૂત્રોની મદદથી પાણિનિએ 'પ્રત્યાહાર' (= અનેક વર્ણોનો એકત્ર ટૂંકમાં નિર્દેશ કરવા માટેની) યુક્તિને રજૂ કરી છે. ચાર–પાંચ વર્ણોને કે પંદર–વીસ વર્ણોને એકદમ ટૂંકમાં-બે જ વર્ણોનો ઉપયોગ કરીને–કહી દેવા હોય તો આ 'પ્રત્યાહાર'ની યુક્તિ કામે લાગે છે. જેમ કે, अ इ उ ण् । ऋऌक् । વગેરે ૧૪ માહેશ્વર સૂત્રો છે, એમાં ण्-क्-ङ् વગેરે છેલ્લા છેલ્લા વ્યંજનોની (૧–૩–૩ સૂત્રથી) 'इत्' સંજ્ઞા પાડવામાં આવી છે. હવે ૧–૧–૭૧ સૂત્રથી કહ્યું છે કે अ इ उ ण् । વગેરે માહેશ્વર સૂત્રોમાંથી કોઈ એક આદિ વર્ણ (દા. ત., अ, इ વગેરેમાંથી ગમે તે એક) લઈને, તેની પાછળ ण्, क्, ङ् વગેરે છેલ્લા છેલ્લા इत् સંજ્ઞક વ્યંજનોમાંથી કોઈ એકને લઈને, જોડી દઈએ તો अण् । अक् । अच् । વગેરે કે इण् । इक् । કે इच् વગેરે જેવી ટૂંકી સંજ્ઞા બની જાય. આને 'પ્રત્યાહાર' પણ કહે છે, હવે આવી अक् સંજ્ઞાથી अ થી શરૂ કરી क् સુધી જતાં, વચ્ચે જેટલા ધ્વનિઓ આવેલા હોય તેમનો યુગપત્ (= એકી સાથે) બોધ થઈ જાય છે, જેમ કે

૧ ૨ ૩ ૪ ૫

अ इ उ, ऋ ऌ क् । આમ अक् એવી સંજ્ઞા થકી કુલ પાંચ વર્ણોનો 'સંજ્ઞિન્'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તરીકે બોધ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ अ કારાદિ પાંચ વર્ણોનો લાઘવથી નિર્દેશ કરવો હોય તો अक् એવી સંજ્ઞા (= अक् એવો પ્રત્યાહાર) વપરાય છે. એ જ રીતે अच् એવી સંજ્ઞા બોલો એટલે તમને अ થી શરૂ કરીને..... ऐऔच् । ના च् કાર સુધી જતાં વચ્ચે જે નવ સ્વરધ્વનિઓ આવેલા છે તેમનો ટૂંકમાં જ બોધ થઈ જાય છે.

(૨) અનુવૃત્તિની યુક્તિ : લાઘવસિદ્ધ્યર્થે પાણિનિએ ઊભી કરેલી પ્રત્યાહારની પ્રયુક્તિ પછી બીજે નંબરે 'અનુવૃત્તિની યુક્તિ' આવે છે. જેવી રીતે, લોકમાં કોઈ બોલે કે "સોમવારે ઉપવાસ કરવો જોઈએ; અને ગુરુવારે પણ." તો ત્યાં પૂર્વવાક્યમાંથી 'ઉપવાસ કરવો જોઈએ' - એટલાં પદોનો ઉત્તરવાક્યમાં (= 'ગુરુવારે પણ'ની પાછળ) ઉમેરો કરી લેવામાં આવે છે. એવી જ રીતે, કોઈ એક સૂત્રમાં અમુક પદ લખ્યા પછી, એ પદોની જો અનુગામિ સૂત્રોમાં ઉપયોગિતા હોય તો પાણિનિ તેને ફરીથી (અનુગામી સૂત્રોમાં) લખતા નથી. એ પદો નીચે નીચેનાં સૂત્રોમાં અનુવૃત્ત થઈને ચાલ્યાં આવે છે એમ માનવામાં આવે છે.

દા. ત., (૧) उपदेशेऽजनुनासिक इत् । १—३—२
(२) हलन्त्यम् । १—३—३
(३) न विभक्तौ तुस्माः । १—३—४
(४) आदिर्ञिटुडवः । १—३—४
(५) षः प्रत्ययस्य । ३—३—६
(६) चुटू । १—३—७
(७) लशक्वतद्धिते । १—३—८

આ દરેક સૂત્ર (१-३-३ થી १-३-८) માં १-३-२ સૂત્રમાંનું 'इत्' એવું પદ અનુવૃત્ત થતું આવે છે. અર્થાત્ १-३-२ સૂત્રમાંના इत् એવા પદને પછી પછીનાં સૂત્રોમાં ઉમેરીને જ, તેમનો અર્થ કરવામાં આવે છે.

એવી જ રીતે – तुल्यास्यप्रयत्नं सवर्णम् । १—१—९ સૂત્રમાંથી 'सवर्णम्' એવા પદની અનુવૃત્તિ नाज्झलौ । १—१—१० સૂત્રમાં પણ આવશે. જેથી "न अच्—हलौ (सवर्णम्) । (भवति)" એવો સૂત્રાર્થ બનશે. આમ પાણિનિએ પોતાના વ્યાકરણમાં 'અનુવૃત્તિ'ની યુક્તિ ઊભી કરીને પણ પછી પછીનાં સૂત્રોમાં લાઘવ સિદ્ધ કર્યું છે. હવે આવી અનુવૃત્તિના બે પ્રકાર જોવા મળે છે : ૧. ધારાવાહી અનુવૃત્તિ અને ૨. મંડૂકપ્લુતિ (= દેડકાના કૂદકા જેવી) અનુવૃત્તિ. ઉપર જે ઉદાહરણો આપ્યાં છે તે પહેલા પ્રકારની અનુવૃત્તિનાં છે. આવી અનુવૃત્તિ એકવાર શરૂ થાય પછી, અમુક અવધિ સુધી પ્રત્યેક અનુગામી સૂત્રોમાં ચાલી આવે છે. (દા. ત., પાંચમા સૂત્રમાંથી અમુક પદની અનુવૃત્તિ ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧મા એમ પ્રત્યેક સૂત્રમાં જાય.) પરંતુ મંડૂકપ્લુતિમાં અમુક

Vasant Bhatt Collection, Gujarat

 CC-0. In Public Domain.Digitized by eGangotri.

પદની અનુવૃત્તિ અનુગામિ પ્રત્યેક સૂત્રમાં જતી નથી. (દા. ત., પાંચમા સૂત્રના અમુક પદની અનુવૃત્તિ ૬ અને ૭ સૂત્રમાં ન થાય અને પછી સીધી ૮મા સૂત્રમાં અનુવૃત્તિ થાય.) લોકમાં જેવી રીતે મંડૂક (દેડકો) કૂદતો કૂદતો આગળ વધે તેમ સૂત્રના અમુક પદની અનુવૃત્તિ પણ જ્યારે વચ્ચેનાં અમુક-અમુક સૂત્રોને છોડીને આગળ વધતી હોય ત્યારે તેને બીજા પ્રકારની 'મંડૂકપ્લુતિ અનુવૃત્તિ' કહેવામાં આવે છે. આનું એક ઉદાહરણ 'કારકપ્રકરણ'માંથી મળવાનું છે :

परिक्रयणे सम्प्रदानेऽन्यतरस्याम् । १—४—४४
आधारोऽधिकरणम् । १—४—४५
अधिशीङ्स्थासां कर्म । १—४—४६
अभिनिविशश्च । १—४—४७ (अन्यतरस्याम्)

અહીં ૧—૪—૪૪મા સૂત્રમાં લખેલા अन्यतरस्याम् (= વિકલ્પે) પદની અનુવૃત્તિ ૧—૪—૪૫ અને ૧—૪—૪૬ સૂત્રમાં આવતી નથી, પણ ૧—૪—૪૭મા સૂત્રમાં કૂદીને આવે છે, એને 'મંડૂકપ્લુતિ' કહે છે !

(૩) લાઘવસાધક સૂત્રશૈલી અને સૂત્રોના પ્રકાર : પાણિનિએ વ્યાકરણને ટૂંકાણમાં રજૂ કરવા સૂત્રશૈલીનું આશ્રયણ કર્યું છે. તેમનાં સૂત્રોમાં આ પ્રમાણે સૂત્રનાં લક્ષણો જોવા મળે છે :

स्वल्पाक्षरम् असंदिग्धं सारवत् विश्वतोमुखम् ।
अस्तोभम् अनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः ॥ अर्थात्

સૂત્રો ૧. ખૂબ ઓછા અક્ષરોવાળા, ૨. સંદેહ વિનાના, ૩. સારભૂત, ૪. જેની પ્રવૃત્તિ ચારે તરફ વ્યાપક હોય એવી છે, ૫. ક્યાંય તેમની પ્રવૃત્તિ ન અટકે એવી છે અને ૬. છતાંય દોષરહિત છે.

આવી જ રીતે, આ સૂત્રોને છ પ્રકારમાં વહેંચી શકાય છે. (સંજ્ઞા, પરિભાષા, વિધિ, નિયમ, અતિદેશ અને અધિકાર.) જેમાંના 'અધિકાર' પ્રકારનાં સૂત્રો પણ એક પ્રકારની 'અનુવૃત્તિ' જ છે. જેમ કે, कारके । १—४—२३, अनभिहिते । २—३—१, कर्मप्रवचनीयाः । अङ्गस्य । ६—४—१ આવાં સૂત્રોની નીચે ભટ્ટોજિ દીક્ષિતે "इति अधिकृत्य ।" એવી વૃત્તિ લખી છે, અર્થાત્ "कारके" એવા શબ્દનો કે "अनभिहिते" એવા શબ્દનો અધિકાર કરીને, (હવે નીચેનાં સૂત્રો કરવામાં આવે છે) એમ પાણિનિ જણાવે છે. એટલે કે જે પદનો અધિકાર કરવામાં આવે, તે પદ પછી–પછીનાં તમામ સૂત્રોમાં (પાદના કે અધ્યાયના અન્ત સુધી) અનુવૃત્ત થઈને જતાં હોય છે. અર્થાત્ જો સાદી અનુવૃત્તિ હોય તો અમુક પદની અનુવૃત્તિ બે પાંચ સૂત્ર પૂરતી સીમિત હોય છે. જ્યારે અધિકાર તો એક આખા પાદ કે અધ્યાય સુધી ચાલતો હોય છે. (અધિકાર પ્રકારના સૂત્રની ઉપર સ્વરિત સ્વરની નિશાની મૂકેલી હોય છે અને આવો અધિકાર તે કોઈ પ્રકરણનું શીર્ષક હોય એવાં હોય છે. એટલે કે અધિકાર સૂત્રથી કોઈ નવો વિષય કે નવું પ્રકરણ શરૂ થતું હોય છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri

(४) ગણપાઠ અને ધાતુપાઠ : પાણિનિએ સૂત્રોને જરીકેય લાંબા ન કરવા પડે, અને છતાંય તેમાં વિસ્તૃતમાં વિસ્તૃત વિગતોને નિર્દેશી દેવાય એવી વ્યવસ્થા ગોઠવવા માટે એક 'ગણપાઠ' અને બીજા 'ધાતુપાઠ'ની રચના કરી છે. આ બન્ને પાઠો તે 'અષ્ટાધ્યાયી (સૂત્રપાઠ)'નાં ઉપકારક અનિવાર્ય અંગો છે. પાણિનિએ જે શબ્દોની સિદ્ધિ એક જ રીતે થતી હોય તેમનો સમૂહ = 'ગણ' બનાવી દીધો છે. આથી સૂત્ર રચના કરતી વખતે કેવળ તે ગણનો નિર્દેશ કરવો પડે છે. દા. ત., प्रादयः । ૧–૪–૫૮, उपसर्गाः क्रियायोगे । ૧-૪-૫૯ "પ્રાદિ શબ્દોની, ક્રિયાના યોગમાં 'ઉપસર્ગ' સંજ્ઞા થાય છે." અહીં પાણિનિએ કેવળ प्रादयः એટલું જ કહ્યું છે. એનો અર્થ 'प्र છે આદિમાં જેની એવો ગણ' (બહુવ્રીહિ) એમ થાય છે. આમ प्र વગેરે ૨૨ શબ્દોને સૂત્રમાં લખવાની જરૂર રહી નહીં. આ प्र વગેરે શબ્દો કયા કયા છે તે આપણે ગણપાઠમાં જોઈ લેવાનું રહે છે. (प्र परा अप सम् अनु अव निस् निर् दुस् दुर् वि आङ् नि अधि अपि अति सु उत् अभि प्रति परि उप-एते प्रादयः)

એવી જ રીતે ક્રિયાપદનાં રૂપો બનાવતી વખતે એક સરખા વિકરણ પ્રત્યય (= અંગસાધક પ્રત્યયો) લેનારા ધાતુઓના જુદા જુદા ૧૦ સમૂહ 'ગણ' બનાવ્યા છે, જેમકે, ૧. भ्वादि, २. अदादि, ३. जुहोत्यादि, ४. दिवादि, ५. स्वादि, ६. तुदादि, ७. रुधादि, ८. तनादि ९. क्र्यादि અને ૧૦. चुरादि ગણ. આ રીતે ૧૦ ગણમાં પૃથક્કૃત ધાતુઓના સમૂહને 'ધાતુપાઠ'માં સંગૃહીત કરવામાં આવ્યા છે. પાણિનિએ વિકરણ પ્રત્યયાદિનો નિર્દેશ કરતી વખતે આ ધાતુપાઠનો ઉપયોગ કર્યો છે. દા. ત., दिवादिभ्यः श्यन् । ३-१-६९ (दिव् ધાતુ છે આદિમાં જેની એવા ધાતુઓના સમૂહ = ગણને श्यन् → य એવો વિકરણ પ્રત્યય લાગે છે.) એવા સૂત્રની રચના કરી છે. આમ જથા ગણમાં આવેલા તમામ ધાતુઓનો સ્પષ્ટ અલગ અલગ ઉલ્લેખ કરવાને બદલે दिवादि એટલું જ કહેવાથી કામ ચાલી શકે છે. એટલે કે પાણિનિ અમુક શબ્દો કે અમુક પ્રકારના ધાતુઓનો પહેલાં ગણ-સમૂહ-બનાવી લે છે અને પછી તે ગણનો પહેલો શબ્દ લઈને તેની પાછળ 'आदि' શબ્દ છોડીને प्रादि, दिवादि જેવા બહુવ્રીહિ સમાસો બનાવે છે. જેથી તે ગણમાં સમાવિષ્ટ તમામ શબ્દો કે ધાતુઓનો ઉલ્લેખ થઈ જાય છે.

(૫) 'સવર્ણ' વર્ણોનું ગ્રહણ કરાવનારી યુક્તિ : પાણિનિએ (क) સવર્ણ સંજ્ઞા કરનારાં અને (ख) સવર્ણ વર્ણોનું ગ્રહણ કરનારા બબ્બે સૂત્રોને રજૂ કર્યાં છે. જેમ કે (क) तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧–૧–૯ અને नाज्झलौ । ૧-૧-૧૦ સૂત્રો દ્વારા કહ્યું છે કે - 'જે બે વર્ણોના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એક સરખાં હોય તે બે વર્ણોની પરસ્પર 'સવર્ણ' **સંજ્ઞા** થાય છે.' 'પરંતુ એક સ્વર (अच्) અને બીજો એક વ્યંજન (हल्) હોય તો તે બેનાં ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એક સરખાં હોય તો પણ, તેમની પરસ્પરમાં સવર્ણ સંજ્ઞા થતી નથી.' આવી રીતે 'સવર્ણ' સંજ્ઞાનો નિર્દેશ કરીને પાણિનિએ અમુક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકારનું લાઘવ સિદ્ધ કરવામાં તેનો ઉપયોગ કર્યો છે. જેમકે, (ख) પાણિનિ પોતાના કોઈ સૂત્રમાં પ્રત્યયભિન્ન (= પ્રત્યય ન હોય તેવો) अण् (= अ इ उ ऋ ऌ ए ओ ऐ औ ह य व र ल - એવા ૧૪ વર્ણો) કે उदित् (= कु चु टु तु पु એવા વર્ગોમાં આવેલા) વર્ણોનો ઉલ્લેખ કરે તો તે ઉલ્લેખ તેમના અન્ય સવર્ણભેદોને પણ આવરી લે છે-આવું अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧-૧-૬૯ સૂત્ર કહે છે. (આ સૂત્રને 'સવર્ણવર્ણ ગ્રાહક સૂત્ર' કહે છે.) જેથી કરીને પાણિનિ જ્યારે (પ્રત્યય સ્વરૂપ ન હોય એવા) એક હ્રસ્વ अ કારને અમુક વ્યાકરણિક કાર્ય કહે તો તે કાર્ય अ કારના હ્રસ્વ, દીર્ઘ, પ્લુતાદિ અઢારેય પ્રકારના સવર્ણભેદોને લાગુ પડે છે. આથી પાણિનિને તે કાર્ય 'આટલા અઢાર પ્રકારના अ કારને અમુક કાર્ય થાય છે' એવું પૃથક્ પૃથક્-વિસ્તારથી-કહેવું પડતું નથી. દા. ત., इको यण् अचि । ૬-૧-૭૭ સૂત્રથી કહ્યું છે કે - "इक् (= इ उ ऋ ऌ । ના સ્થાનમાં यण् (= य् व् र् ल्) આદેશ થાય છે; જો अच् (= अ इ उ ऋ ऌ ए ओ ऐ औ) પરમાં હોય તો.' હવે कवि + अनुभव । એવા ઉદાહરણમાં હ્રસ્વ इ ની પાછળ હ્રસ્વ अ કાર अच् રૂપે આવેલો છે, તેથી इ ના સ્થાનમાં, ઉપર્યુક્ત સૂત્રથી य् આદેશ થશે, તો कव्य् + अनुभव = कव्यनुभव । થશે. પણ આ સૂત્રમાં આવેલા इक् (= इ उ ऋ ऌ) વર્ણો अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧-૧-૬૯ એવાં સવર્ણ ગ્રાહક સૂત્રથી પોતાના અઢારેય પ્રકારના સવર્ણ ભેદોનું પણ ગ્રહણ કરાવશે. જેથી सुधी + उपास्य । કે लक्ष्मी + आनन्द જેવાં ઉદાહરણો હશે ત્યાં પણ દીર્ઘ ई (ની પાછળ अच् = उ કાર કે દીર્ઘ आ કાર હશે, તો પણ તે દીર્ઘ ई)ના સ્થાનમાં પણ य् આદેશ થઈ શકશે. તો सुध्य् + उपास्य = सुध्युपास्य । लक्ष्मय् + आनन्द = लक्ष्म्यानन्द । એવી સન્ધિ થઈ શકશે.

બીજી તરફ, આ સવર્ણ ભેદોનું ગ્રહણ કરાવનારી યુક્તિને ક્યાંક મર્યાદિત કરવી હોય તો એને માટે પણ પાણિનિએ વ્યવસ્થા કરી છે : तपरस्तत्कालस्य । ૧-૧-૭૦ જેમકે, પાણિનિ કોઈ હ્રસ્વ अ કાર લખે (= अत् કે त् अ) તો તે હ્રસ્વ अ કાર પોતાના હ્રસ્વ છ સવર્ણ ભેદોનું જ ગ્રહણ કરાવે છે. (દીર્ઘ आ કારના છ ભેદો, કે પ્લુત अ કારના છ ભેદોનું ગ્રહણ કરાવતો નથી.) – આ 'સવર્ણ ગ્રાહક-યુક્તિ'થી સ્થાનિન્ અને કાર્યિન્ (= કાર્યભાક્) અંશનો વિસ્તાર થાય છે.

(૬) તદન્ત વિધિ-સાધક યુક્તિ : येन विधिस्तदन्तस्य । ૧-૧-૭૨ સૂત્રથી કહ્યું છે કે 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં કોઈ વિશેષણનો ઉપયોગ કરીને અમુક વિધિનું વિધાન કરવામાં આવ્યું હોય તો, તે વિધિ એ વિશેષણને તો લાગુ પડે જ છે; પણ એ વિશેષણ જેના અન્તમાં હોય તેવા **'તદન્ત' શબ્દસ્વરૂપને** પણ લાગુ પડે છે. દા. ત., (धातोः) एरच् । ૩-૩-૫૬ = "इ વર્ણ સ્વરૂપવાળા ધાતુને अच् પ્રત્યય લાગે છે." (અહીં 'ધાતુ' એ વિશેષ્ય છે; અને 'इ વર્ણ સ્વરૂપ' તે વિશેષણ છે.) આથી √इण् (= इ) गतौ ધાતુને + अच् પ્રત્યય લાગીને, કૃદન્ત પ્રક્રિયા કરીશું તો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

इ + अ → ए + अ → अय् + अ = अय । રૂપ બનશે. અર્થાત્ વિશેષણને = 'इ વર્ણાત્મક' (ધાતુ)ને अच् પ્રત્યય લગાવવા રૂપી વિધિનું વિધાન ['ધાતુ' (એવા વિશેષ્ય)ના इ વિશેષણ [= इ વર્ણાત્મક इण् गतौ]ને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. આથી એ 'વિશેષણ જેના અંત ભાગે રહેલું હશે, તેવા (અર્થાત્ इ વર્ણાન્ત ધાતુઓ, (દા. ત., जि जये, चि चयने) અન્ય ધાતુઓને પણ લાગુ પડશે. તો जि + अच् → जे + अ → ज् अय् + अ = जय । चि + अच् → चे + अ० → च् अय् + अ = चय । રૂપો પણ બની શકે છે. આ યુક્તિ પણ કાર્યિન્‌નો વિસ્તાર કરનારી છે.

[૯] 'અષ્ટાધ્યાયી'–ગ્રન્થનું વિભાજન

(અથવા 'સિદ્ધ–અસિદ્ધ'નો વિભાવ)

પાણિનિએ વેદની અને લોકની સંસ્કૃત ભાષાઓનું વ્યાકરણ રજૂ કરવા માટે કુલ ૩૯૮૩ સૂત્રોની રચના કરી છે. આ બધાં સૂત્રોને તેમણે આઠ અધ્યાયોમાં વહેંચી કાઢ્યા છે, માટે તેને 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ કહેવામાં આવે છે. વળી, અહીં પ્રત્યેક અધ્યાયને ચાર-ચાર પાદમાં વિભક્ત કરવામાં આવ્યા છે. આમ આઠ અધ્યાય × ૪ પાદ = ૩૨ પાદ આવેલાં છે, અને તે દરેક પાદમાં વત્તી-ઓછી સંખ્યામાં સૂત્રો આવેલાં છે, જેમની કુલ સંખ્યા ૩૯૮૩ છે. આ સૂત્રોની ગોઠવણી કરતી વખતે, કયું સૂત્ર પહેલાં પ્રવૃત્ત થવું જરૂરી છે અને કયું સૂત્ર પછીથી પ્રવૃત્ત થવું જોઈએ ? અથવા કયું સૂત્ર કોના કરતાં વધુ બળવાન છે ? – એ બધાનો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે. જેમકે, 'અષ્ટાધ્યાયી'માંથી પહેલા સાત અધ્યાય પૂરા અને આઠમા અધ્યાયનો પહેલો પાદ (= અધ્યાય ૧ થી ૭ + ૮ - ૧ = કુલ સવાસાત અધ્યાય) તેને 'સપાદ સપ્તાધ્યાયી' (પાદ સહિતની સપ્તાધ્યાયી) કહેવામાં આવે છે) અને બાકીના, એટલે કે આઠમા અધ્યાયના છેલ્લા ત્રણ પાદને 'ત્રિપાદી' કહેવામાં આવે છે.

अध्या. पाद—सूत्र	अध्याय. पाद—सूत्र	अध्या. पाद—सूत्र	अध्या. पाद—सूत्र	
१—१—१ थी ७५	२—१—१ थी ७२	३—१—१ थी १५०	४—१—१ थी १७८	
१—२—१ थी ७३	२—२—१ थी ३८	३—२—१ थी १८९	४—२—१ थी १४५	
१—३—१ थी ९३	२—३—१ थी ७३	३—३—१ थी १७६	४—३—१ थी १६८	
१—४—१ थी ११०	२—४—१ थी ८५	३—४—१ थी ११७	४—४—१ थी १४४	
५—१—१ थी १३६	६—१—१ थी २२३	७—१—१ थी १०२	८—१—१ थी ७३	
५—२—१ थी १४०	६—२—१ थी १९९	७—२—१ थी ११८	८—२—१ थी १०८	त्रि
५—३—१ थी ११९	६—३—१ थी १३९	७—३—१ थी १२०	८—३—१ थी ११९	पा
५—४—१ थी १६०	६—४—१ थी १७५	७—४१ थी ९७	८—४—१ थी ६८	दी

આમ પાણિનિએ પહેલે તબક્કે, પોતાની 'અષ્ટાધ્યાયી'ને બે ભાગમાં વિભક્ત કરી છે : (૧) સપાદ સપ્તાધ્યાયી અને (૨) ત્રિપાદી. અહીં पूर्वत्रासिद्धम् ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૮–૨–૧ સૂત્ર દ્વારા કહેવાયું છે કે આમાંથી પહેલા ભાગની દૃષ્ટિએ બીજો ભાગ 'અસિદ્ધ' અર્થાત્ 'ન હોવા બરાબર' છે. આથી ત્રિપાદીમાં આવેલાં સૂત્રોએ જો કોઈ રૂપાખ્યાનમાં-વ્યાકરણની પ્રક્રિયામાં-ભાગ ભજવ્યો હોય તો સપાદ સપ્તાધ્યાયીનું સૂત્ર તેને (= તે કાર્યને) ધ્યાનમાં લેતું જ નથી. વળી, આ ૮–૨–૧ સૂત્રને 'અધિકાર' પ્રકારનું સૂત્ર જાહેર કરાયું છે. જેથી તે ઉત્તર ઉત્તર સૂત્રમાં જઈને પણ સૂચના આપતું જાય છે કે તમે (= ઉત્તર ઉત્તર આવેલાં સૂત્રો) 'પૂર્વત્ર' અર્થાત્ પૂર્વમાં આવેલાં સૂત્રોની દૃષ્ટિએ 'અસિદ્ધ' અર્થાત્ ન હોવા બરોબર છો. જેથી, ત્રિપાદીમાં જે સૂત્રો આવેલાં છે તેમાં પણ પૂર્વ પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પર પર (= ઉત્તર ઉત્તર) સૂત્ર 'અસિદ્ધ' છે. આનો ફલિતાર્થ એ થયો કે 'અષ્ટાધ્યાયી'ના ત્રિપાદી-વિભાગ કરતાં સપાદ-સપ્તાધ્યાયીવાળો વિભાગ વધુ બળવાન છે અને ત્રિપાદીમાં પણ ઉત્તર ઉત્તર સૂત્ર કરતાં પૂર્વ પૂર્વ સૂત્ર વધુ બળવાન છે.

[એ જ પ્રમાણે, સપાદ સપ્તાધ્યાયીમાંના બે સૂત્રો વચ્ચે સંઘર્ષ ઊભો થાય, અને તેમની વચ્ચે બલાબલ ભાવ નક્કી કરવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે વ્યવસ્થા કરવા માટે પાણિનિએ विप्रतिषेधे परं कार्यम् । ૧–૪–૨ એવું સૂત્ર બનાવ્યું છે. આ સૂત્ર કહે છે કે – 'તુલ્યબલવાળાં બે સૂત્રોમાંથી ક્રમાંકની દૃષ્ટિએ જે પરસૂત્ર (= પાછળ આવેલું સૂત્ર) હોય, તે વધુ બળવાન ગણાય છે; અને તેની જ પ્રવૃત્તિ કરવી. (તથા જે પૂર્વસૂત્ર હોય તે કાયમ માટે બાધિત થઈ જાય છે.)]

[૧૦] શબ્દનું ગ્રાહ્યત્વ અને ગ્રાહકત્વ

ભર્તૃહરિએ **'વાક્યપદીય'** (૧-૫૫)માં શબ્દની એક વિશિષ્ટ શક્તિ વિષે વાત કરી છે : લોકમાં જે ઘટ વગેરે પદાર્થો છે તેમાં કેવળ ગ્રાહ્યત્વ-રૂપા શક્તિ રહેલી છે. અર્થાત્ ઘડો, વૃક્ષ વગેરે પદાર્થો આપણી આંખથી ગ્રાહ્ય બને છે. પણ તેઓ પોતે બીજા કશાનું ગ્રહણ કરી શકતા નથી, એટલે કે તે આંખ વિનાના ઘટ વગેરેમાં ગ્રાહકત્વ રૂપા શક્તિ હોતી નથી. ૨. આપણી ચક્ષુ, ત્વગ્ વગેરે ઈન્દ્રિયોમાં કેવળ ગ્રાહકત્વ રૂપા શક્તિ રહેલી હોય છે. ઈન્દ્રિયો ઘડો, વૃક્ષ વગેરે પદાર્થોના સ્વરૂપનું ગ્રહણ કરી શકે છે; પણ તે (ઈન્દ્રિયો) પોતે પોતાના રૂપનું ગ્રહણ કરી શકતી નથી. એટલે કે આંખથી આંખ પોતે ગ્રાહ્ય નથી ! આમ ઈન્દ્રિયોમાં ગ્રાહ્યત્વ-રૂપા શક્તિ રહેલી નથી. પરન્તુ ૩. પ્રદીપ, સૂર્ય વગેરે જે તેજસ્વી પદાર્થો છે તેમાં તો આ બન્ને પ્રકારની, એટલે કે ગ્રાહકત્વ રૂપા અને ગ્રાહ્યત્વ રૂપા શક્તિ રહેલી હોય છે. દીવાથી અંધારામાં પડેલા ઘડો વગેરે પદાર્થોનું ગ્રહણ પણ થઈ શકે છે અને દીવાની જ્યોત સ્વયં પણ આપણી આંખથી ગ્રાહ્ય બને છે. આવી જ રીતે 'શબ્દ'માં પણ ભર્તૃહરિ કહે છે કે ગ્રાહ્યત્વ અને ગ્રાહકત્વ રહેલું છે.

ग्राह्यत्वं ग्राहकत्वं च द्वे शक्ती तेजसो यथा ।
तथैव सर्वशब्दानामेते पृथगवस्थिते ॥ (वा. प. १–५५)

ભાષામાં વપરાતા બધા જ શબ્દોમાં પણ, પ્રદીપના જેવી બે પ્રકારની શક્તિઓ રહેલી છે. જેમ કે, કોઈ શબ્દ બોલાય ત્યારે તેનાથી જે અર્થ વાચ્ય હોય, તે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અર્થનો = વસ્તુનો તો બોધ = ગ્રહણ થાય છે જ; દા. ત., कमलम् એવો શબ્દ બોલાય ત્યારે તે એક પુષ્પવિશેષનો તો ગ્રાહક બને છે; પણ સાથે સાથે તે શબ્દનું પોતાનું રૂપ (અર્થાત્ તેમાં કેવા કેવા સ્વરવ્યંજનો વપરાયેલા છે, તે શબ્દમાં કયા ક્રમે કયા વર્ણો આવેલા છે) તેનું ગ્રહણ પણ થાય છે. આમ દીવાની જ્યોત જેમ સ્વયં ગ્રાહ્ય પણ બને છે, તેમ શબ્દનું પોતાનું રૂપ (= તેમાંના વર્ણો) પણ આપણે માટે ગ્રાહ્ય બને છે.

મહર્ષિ પાણિનિ શબ્દ ની આવી ઉભયવિધ શક્તિઓથી પૂરેપૂરા વાકેફ હતા. તેમણે જોયું કે લોક વ્યવહારમાં 'શબ્દ'ની ગ્રાહકત્વ રૂપા શક્તિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. લોકો શબ્દોનો પ્રયોગ કરીને શ્રોતાને અર્થનું ગ્રહણ કરાવે છે. આથી લોકમાં 'શબ્દ' સાધન છે, ઉપકારક છે, ગૌણ છે; અને 'અર્થ' તે સાધ્ય છે, ઉપકાર્ય છે, પ્રધાન છે. પરંતુ પાણિનિએ વ્યાકરણની રચના કરતી વખતે 'શબ્દ'ની બીજી જે ગ્રાહ્યત્વ રૂપા શક્તિ છે તેનો સદ્-ઉપયોગ કર્યો છે. જેમકે, 'અમુક અર્થનો વાચક હોય એવો જે શબ્દ, કે જેમાં અમુક ચોક્કસ પ્રકારના વર્ણોનું-ધ્વનિશ્રેણીનું-રૂપ જોવા મળે છે (= જેનું અમુક પ્રકારનું ધ્વનિરૂપ ગ્રાહ્ય બને છે.) તે શબ્દની ઉપર અમુક વ્યાકરણિક કાર્ય કરવું' - એવું પાણિનિ પોતાનાં વિધિસૂત્રો દ્વારા જણાવે છે. દા. ત., अग्नेर्ढक् । (આગ એવો અર્થ આપતા) अग् न् इ એવા વર્ણો જેમાં છે એવું જેનું રૂપ ગૃહીત થાય છે તેવા अग्नि શબ્દને ढक् (= एय) પ્રત્યય લગાડવો. (જેથી (आग्नेय જેવો તદ્ધિત શબ્દ સિદ્ધ થાય.) આમ અહીં વ્યાકરણશાસ્ત્રમાં શબ્દ (= શબ્દમાં વપરાયેલું ધ્વન્યાત્મક રૂપ) પ્રધાન છે, અને તે શબ્દથી વાચ્ય એવો અર્થ ગૌણ છે. બીજા શબ્દોમાં કહીએ તો, શાસ્ત્રમાં अग्नेर्ढक् । એવા સૂત્રથી જે વિધિ કરવાની કહી છે તે વાસ્તવિક આગ ઉપર (= વસ્તુ ઉપર) કરવાની હોતી નથી, પણ આગ વાચક 'શબ્દ' ઉપર વિધિ કરવાની હોય છે. આથી શાસ્ત્રમાં 'શબ્દ' પ્રધાન છે અને અર્થ ગૌણ છે. એટલે કે વ્યાકરણમાં શબ્દની ગ્રાહકત્વ શક્તિનો ઉપયોગ નથી, (તેનો ઉપયોગ તો લોકમાં કરવામાં આવે છે) અને લોકમાં શબ્દની ગ્રાહ્યત્વ શક્તિનો (બહુ) ઉપયોગ નથી (પણ વ્યાકરણમાં તે શક્તિનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.) – આ સમગ્ર તત્ત્વજ્ઞાનનો સીધો ઉપયોગ કરીને પાણિનિએ स्वं रूपं शब्दस्य अशब्दसंज्ञा । १–१–६८ સૂત્રનું પ્રણયન કર્યું છે ! આ સૂત્ર કહે છે કે શબ્દનું પોતાનું 'રૂપ' (= તે શબ્દમાં ચોક્કસ ક્રમે વપરાયેલા વર્ણો) સંજ્ઞી છે, અને (આખો) 'શબ્દ' પોતે સંજ્ઞા છે. આથી વ્યાકરણશાસ્ત્રમાં अग्नेर्ढक् । જેવાં સૂત્રોમાં જ્યારે अग्नि એવો 'શબ્દ' ઉચ્ચારવામાં આવે, ત્યારે તે શબ્દ રૂપ સંજ્ઞાથી તે શબ્દમાં વપરાયેલા ધ્વનિઓ (જ) સંજ્ઞિન્ તરીકે ઉપસ્થિત થાય છે અને તે સંજ્ઞિન્ ઉપર જ વ્યાકરણિક સંસ્કાર કરવામાં આવે છે, = તે ધ્વનિશ્રેણીને જ અમુક પ્રત્યય લગાવવામાં આવે છે. આમ પાણિનિએ શબ્દોચ્ચારણથી શબ્દની જે ગ્રાહ્યત્વ રૂપા શક્તિ પણ ઉદ્ભૂત થાય છે તેનો (જ) વિનિયોગ કરીને, આ શાસ્ત્રની રચના કરી છે.

❑ ❑ ❑

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ श्रीः ॥

वैयाकरणसिद्धान्तकौमुद्यां

सञ्ज्ञा–प्रकरणम्

मुनित्रयं नमस्कृत्य तदुक्तीः परिभाव्य च ।
वैयाकरणसिद्धान्तकौमुदीयं विरच्यते ॥

(અનુવાદ) પાણિનિ, કાત્યાયન અને પતંજલિ એ ત્રણ મુનિઓને નમસ્કાર કરીને, તેમનાં વાક્યો ઉપર વિચાર કરીને આ 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' રચવામાં આવે છે.

(વિવરણ) વ્યાકરણશાસ્ત્રના આદ્ય પ્રવર્તક ત્રણ આચાર્યો (મુનિઓ) થઈ ગયા : પાણિનિ, કાત્યાયન અને પતંજલિ. તેમાંથી (૧) પાણિનિ ઈ. સ. પૂર્વે ૫ થી ૪થી સદીમાં થઈ ગયા એમ મનાય છે. એમણે ભાષાનું અનુપમ વ્યાકરણ રચ્યું. આઠ અધ્યાયમાં વહેંચાયેલા તેમના ગ્રન્થનું નામ છે 'અષ્ટાધ્યાયી' છે. આ ગ્રન્થ સૂત્રાત્મક છે. જેમાં લગભગ ૩૯૮૩ સૂત્રો આવેલાં છે. (૨) પાણિનિ પછી લગભગ સો-દોઢસો વર્ષે કાત્યાયન નામના બીજા મુનિ થઈ ગયા (જેમનું બીજું નામ 'વરરુચિ' પણ છે), જેમણે પાણિનિનાં સૂત્રોમાં જે કાંઈ અનુક્ત હતું તેને પરિપૂર્ણ કરવા અને જે કાંઈ દુરુક્ત હતું તેને પરિશુદ્ધ કરવા માટે 'વાર્તિક' રચ્યાં. ત્યાર પછી (૩) લગભગ ઈ. સ. પૂ. ૧૫૦માં પતંજલિ નામના ત્રીજા મુનિ થઈ ગયા. જેમણે પાણિનિનાં સૂત્રો અને કાત્યાયનનાં વાર્તિક ઉપર 'ભાષ્ય' રચ્યું છે. (આને 'વ્યાકરણ-મહાભાષ્ય' કહેવામાં આવે છે.) આમ સૂત્રકાર પાણિનિ, વાર્તિકકાર કાત્યાયન અને મહાભાષ્યકાર પતંજલિ એ ત્રણેય મુનિઓએ સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રની રચનાને સંપૂર્ણ કરી છે.

આ ત્રણેય મુનિઓની ઉક્તિઓ (સૂત્ર, વાર્તિક અને ભાષ્ય) ઉપર પર્યાલોચન કરીને ભટ્ટોજિ દીક્ષિત વડે આ 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરવામાં આવે છે.

परिभाव्य એટલે ૧. પર્યાલોચન કરીને, વિચારણા કરીને. (અહીં परि ઉપસર્ગપૂર્વક √भू ધાતુને સંબંધક ભૂતકૃદન્તનો क्त्वा > ल्यप् > य પ્રત્યય લાગીને परिभाव्य શબ્દ બન્યો છે.) તેનો બીજો એક અર્થ પણ થાય છે : ૨. તિરસ્કાર કરીને. ઉપર્યુક્ત મંગલશ્લોકમાં આ બીજા અર્થની સંગતિ આ પ્રમાણે થશે : "ત્રણ મુનિઓને નમસ્કાર કરીને, તેમની ત્રણ મુનિઓની ઉક્તિઓ ઉપર વિચાર કરીને-તથા ભટ્ટોજિ દીક્ષિતની પૂર્વે થઈ ગયેલા રામચન્દ્ર વગેરે પ્રક્રિયા ગ્રન્થોના રચયિતાઓની ઉક્તિઓનો તિરસ્કાર કરીને-'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ની (मया = મારા વડે = ભટ્ટોજિ દીક્ષિત વડે) રચના કરવામાં આવે છે."

સૂત્રશૈલીમાં લખાયેલા પાણિનિના વ્યાકરણનો અભ્યાસ કરવાની દ્વિવિધ પદ્ધતિઓ જોવા મળે છે; (૧) ઈ. સ. છઠ્ઠી સદીમાં વામન અને જયાદિત્યે 'કાશિકાવૃત્તિ' નામના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ગ્રન્થની રચના કરી. આ ગ્રન્થમાં પાણિનિનાં સૂત્રોને સમજાવતી 'વૃત્તિ' લખવામાં આવી છે. આ વૃત્તિમાં સૂત્રનો અર્થ, તેનું ઉદાહરણ, પ્રત્યુદાહરણ, સૂત્રના અમુક પદનું પ્રયોજન શું છે ?-તેની વિચારણા વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ આ ગ્રન્થની વિશિષ્ટતા એ છે કે તેમાં પાણિનિએ જે ક્રમે સૂત્રો લખ્યાં છે તે જ ક્રમે વૃત્તિ લખવામાં આવી છે. પ્રાચીન ભારતમાં વર્ષો સુધી આ ગ્રન્થ દ્વારા જ પાણિનીય વ્યાકરણનું પઠનપાઠન થતું રહ્યું. (૨) પરંતુ કાલક્રમે કેટલાક પ્રક્રિયા ગ્રન્થો રચાયા. જેમાં પાણિનિનાં સૂત્રોનો ક્રમ ધ્યાનમાં લીધા વિના, વિષય (Topic)ને કેન્દ્રમાં રાખીને તથા જે તે રૂપને સિદ્ધ કરવા માટે પ્રક્રિયામાં – (grammatical formation) જે જે સૂત્રોની જરૂર પડે તેમને એકત્ર કરીને તેમની ઉપર વૃત્તિ રચવામાં આવી. આવા પ્રક્રિયાગ્રન્થોમાં ધર્મકીર્તિનો 'રૂપાવતાર', વિમલ સરસ્વતીની 'રૂપમાલા' અને રામચન્દ્રની 'પ્રક્રિયા કૌમુદી' વગેરેનો સમાવેશ થાય છે. આ જ પરંપરામાં ભટ્ટોજિ દીક્ષિતે (ઈ. સ. ૧૬૫૦માં) પ્રસ્તુત (વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી) ગ્રન્થની રચના કરી છે. આ ગ્રન્થની રચના થયા પછી 'કાશિકાવૃત્તિ'નું પઠન-પાઠન બંધ થયું અને 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' જ પ્રચારમાં આવી. આ ગ્રન્થ દ્વારા જ સમગ્ર ભારતમાં પાણિનીય વ્યાકરણનું અધ્યયન-અધ્યાપન અદ્યાવધિ થઈ રહ્યું છે. (મહર્ષિ દયાનન્દ સરસ્વતી, પં. બ્રહ્મદત્ત જિજ્ઞાસુ અને પં. યુધિષ્ઠિર મીમાંસક જેવા વિદ્વાનો તો 'કાશિકાવૃત્તિ'નો જ ઉપયોગ કરે છે.)

આ મંગલશ્લોકમાં આવેલા परिभाव्य શબ્દનો तिरस्कृत्य અર્થ લઈએ ત્યારે રામચન્દ્ર વગેરેના પ્રક્રિયાગ્રન્થો ભટ્ટોજિ દીક્ષિતના મનમાં છે એમ માનવું.

શાસ્ત્રગ્રન્થોમાં પ્રારંભે 'અનુબન્ધચતુષ્ટય'નું પ્રદર્શન કરવામાં આવે છે. એ મુજબ આ મંગલસ્લોકમાં પણ ચાર અનુબન્ધો બતાવવામાં આવ્યા છે. જેમકે, ૧. વિષય : વૈયાકરણોના સિદ્ધાન્ત ૨. પ્રયોજન : વૈયાકરણોના સિદ્ધાન્તનું જ્ઞાન ૩. અધિકારી : આવા જ્ઞાનનો જિજ્ઞાસુ અને ૪. સંબંધ : સાધ્યસાધક ભાવ રૂપ સંબંધ. અર્થાત્ વૈયાકરણોના સિદ્ધાન્તનું જ્ઞાન એ સાધ્ય છે; અને તે જ્ઞાનનો સાધક આ ગ્રન્થ છે. ટૂંકમાં, આ ગ્રન્થ ભણવાથી વૈયાકરણોના સિદ્ધાન્તોનું જ્ઞાન થાય છે.

'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' એવા શીર્ષકનો અર્થ 'વૈયાકરણોના સિદ્ધાન્ત ઉપર કૌમુદી (= ચન્દ્રિકા) જેવો આહ્લાદક પ્રકાશ પાડનાર ગ્રન્થ" એવો થાય છે. (પરન્તુ વિરહીજનોને ચન્દ્રિકા પરિતાપ જન્માવનારી હોય છે. એવી રીતે જે સુકુમારમતિના અધ્યેતાઓ છે તેમને આ "કૌમુદી" કષ્ટ આપનારી પણ છે !

॥ अक्षरसमाम्नायः ॥

अइउण् १ । ऋलृक् २ । एओङ् ३ । ऐऔच् ४ । हयवरट् ५ । लण् ६ । ञमङणनम् ७ । झभञ् ८ । घढधष् ९ । जबगडदश् १० । खफछठथचटतव् ११ । कपय् १२ । शषसर् १३ । हल् १४ ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(વિવરણ) આ ચૌદ સૂત્રોમાં સંસ્કૃત ભાષાના સ્વરો, અન્તઃસ્થ વર્ણો = અર્ધસ્વરો, સાનુનાસિક વ્યંજનો અને નિરનુનાસિક વ્યંજનો, તથા ઊષ્માક્ષરોનો પરિચય કરાવવામાં આવ્યાં છે. જેમ કે –

(૧) अ इ उ (ण्) १, ऋ ऌ (क्) २, ए ओ (ङ्) ३, ऐ औ (च्) ४ – આ ચાર સૂત્રોમાં સંસ્કૃત ભાષાના બધા **સ્વર** આવી ગયા છે. (પાણિનિએ અહીં आ ई ऊ જેવા દીર્ઘભેદો લખ્યા નથી.)

(૨) ह य व र (ट्) ५, અને ल (ण्) ६, આ બે સૂત્રોમાં આવેલા य् व् र् ल् વર્ણો **અર્ધસ્વર** છે. તેઓ 'અન્તઃસ્થ' વર્ણો પણ કહેવાયા છે. (કારણ કે પાણિનિએ તેમને સ્વર અને વ્યંજનની વચ્ચે મૂક્યા છે. અન્તઃસ્થ = મધ્યમાં રહેલા.) (અહીં ह અર્ધસ્વર કે અન્તઃસ્થ ગણાતો નથી તે ધ્યાન રાખવું તેને અહીં મૂકવાનું કારણ એ છે કે આગળ ઉપર એની મદદથી, જેમાં બધા વ્યંજનોનો સમાવેશ થઈ જાય છે એવો हल् પ્રત્યાહાર બનાવવામાં આવશે.)

(૩) ञ म ङ ण न (म्) ७, આ પાંચ વર્ણો અનુનાસિક વ્યંજનો છે. (क વર્ગ, च વર્ગ ઈત્યાદિના તે પંચમ અક્ષરો છે.)

(૪) झ भ (ञ्) ८, घ ढ ध (ष्) ९, ज ब ग ड द (श्) १०, ख फ छ ठ थ च ट त (व्) ११, क प (य्) १२-આ પાંચ સૂત્રોમાં નિરનુનાસિક (અનનુનાસિક) વ્યંજનો આવેલા છે.

(૫) श ष स (र्) १३, અને ह (ल्) १४, આ બે સૂત્રોમાં ચાર ઊષ્માક્ષરો આવેલા છે.

અહીં अइउण् । ऋऌक् । વગેરે ચૌદ સૂત્રોમાં (સંસ્કૃત ભાષાના સ્વર-વ્યંજનોનો પરિચય કરતી વખતે) તે તે સૂત્રોને અન્તે જોડેલા ण्, क्, ङ् વગેરે વ્યંજનોને ધ્યાનમાં લેવાના નથી. આ ચૌદ સૂત્રોને 'અક્ષરસમામ્નાય' કહેવામાં આવે છે. સંસ્કૃત ભાષાના સ્વર-વ્યંજનોનો પરિચય કરાવવા અને આ શાસ્ત્રને ઉપકારક એવા 'પ્રત્યાહાર' (= કૃત્રિમ સંજ્ઞાઓ) બનાવવા માટે આ 'અક્ષરસમામ્નાય' ઉપયોગી છે.

इति माहेश्वराणि सूत्राणि, अणादिसंज्ञार्थानि । एषाम् अन्त्या इतः । लण्मध्ये अकारश्च । हकारादिषु अकार उच्चारणार्थः ।

(અનુ.) આ ચૌદ સૂત્રોને 'માહેશ્વર સૂત્રો' કહેવામાં આવે છે. આ ચૌદ સૂત્રોનું પ્રયોજન એ છે કે એમાંથી अण् વગેરે 'પ્રત્યાહારો' (= કૃત્રિમ સંજ્ઞાઓ) બનાવવામાં આવે છે. આ ચૌદ સૂત્રોના અન્તે જે ण्, क्, ङ् च् વગેરે વ્યંજનો (અનુબન્ધ રૂપે) જોડવામાં આવ્યા છે, તેમની 'इत्' એવી સંજ્ઞા પાડવામાં આવે છે. એ જ પ્રમાણે, लण् (= ल् अ ण्) સૂત્રની મધ્યમાં આવેલ अ કારની પણ इत् સંજ્ઞા પાડવામાં આવે છે [ह કાર વગેરેમાં (= हयवरट् ५ । થી हल् १४ । સૂત્રોમાં નોંધેલા દરેક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વ્યંજનમાં) જે અકાર આવેલો છે તેનું પ્રયોજન તો એ છે કે ह કાર વગેરે કેવળ વ્યંજન સ્વરૂપે હોય (= તેમાં अ સ્વર ન ઉમેરાયેલો હોય) તો તેમનું (= કેવળ વ્યંજનોનું) ઉચ્ચારણ કરવામાં મુશ્કેલી પડે.] આથી હકારાદિમાં જોડવામાં આવેલો અકાર (સરળતાપૂર્વક) ઉચ્ચારણ થઈ શકે એટલા માટે જોડવામાં આવ્યો છે.

(વિવરણ) અહીં माहेश्वराणि એટલે महेश્वराद् आगतानि । "મહેશ્વર શંકર પાસેથી પ્રાપ્ત થયેલાં આ ચૌદ સૂત્રોને "માહેશ્વર સૂત્રો કહે છે." પરંપરાગત રીતે એવું મનાય છે કે ભગવાન્ શંકરે તાંડવ નૃત્ય કર્યા પછી ચૌદ વાર પોતાનું ડમરું વગાડ્યું હતું. એમાંથી જે ધ્વનિઓ નીકળ્યા તે આ ચૌદ સૂત્રો.

नृत्तावसाने नटराजराजो, ननाद ढक्कां नवपञ्चवारम् ।
उद्धर्तुकामः सनकादिसिद्धान्, एतद्विमर्शे शिवसूत्रजालम् ॥

પાણિનિએ આ ચૌદ ધ્વનિઓને સૂત્રો રૂપે સ્વીકારીને તેના આધારે પોતાના 'અષ્ટાધ્યાયી' નામના વ્યાકરણ ગ્રન્થની રચના કરી છે. આમ પૌરાણિક માન્યતા મુજબ આ સૂત્રોનું કર્તૃત્વ ભગવાન્ શંકરને અર્પવામાં આવ્યું છે. પરંતુ ગુરુવર્ય પૂ. પં. શ્રી પંચોલીજીના મતે આ ચૌદ સૂત્રોના કર્તા સ્વયં પાણિનિ જ છે.

આ સૂત્રોમાંથી अण् । अक् । अच् । વગેરે ૪૪ જેટલી કૃત્રિમ સંજ્ઞાઓ (= પ્રત્યાહારો) બનાવવામાં આવે છે. પાણિનિએ સંસ્કૃત ભાષાનું સંપૂર્ણ વ્યાકરણ આપવાનો જે પ્રયત્ન આરંભ્યો છે તેમાં તેમણે લાઘવ (ટૂંકાણ) સિદ્ધ કરવા માટે કેટલીક યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવી છે તથા વિશિષ્ટ રીતે પોતાના ગ્રન્થની વ્યવસ્થા ઊભી કરી છે. એમાંથી પહેલી યુક્તિ આ अण् વગેરે કૃત્રિમ સંજ્ઞાઓ છે. (अण् વગેરે સંજ્ઞાને આગળ ઉપર 'પ્રત્યાહાર' એવું નામ આપવામાં આવશે.) દા. ત., अ इ उ એ ત્રણ સ્વરોને લાઘવથી કહેવા માટે अण् એવી સંજ્ઞા વપરાય છે. અહીં अइउण् १ । એવા પહેલા સૂત્રમાંથી શરૂઆતનો અક્ષર अ લેવામાં આવ્યો છે અને તેને છેલ્લો ण् વર્ણ જોડી દેવામાં આવ્યો છે. આ રીતે તૈયાર થયેલી अण् સંજ્ઞા વડે अ इ उ એવા ત્રણ સ્વરોનો બોધ થાય છે. આમ अण् । अक् । अच् । વગેરે સંજ્ઞાઓ બનાવવા માટે આ માહેશ્વર સૂત્રોની જરૂર છે.

---

१. हलन्त्यम् । १–३–२

(हल् १४ । इत्यत्र अन्त्यम् 'इत्')

हल् (१४।) इति सूत्रे अन्त्यम् 'इत्' स्यात् ।

(અનુ.) સૂત્રાર્થ : "ચૌદમા માહેશ્વર સૂત્ર (हल् १४ ।)માંના અન્તિમ (ल् વ્યંજન)ની 'इत्' સંજ્ઞા થાય છે."

(વિવરણ) આ 'સંજ્ઞાપ્રકરણ'માં કેટલીક કૃત્રિમ સંજ્ઞાઓનો પરિચય કરાવવામાં આવશે. પાણિનિએ સમગ્ર ભાષાનું સંપૂર્ણ વ્યાકરણ લાઘવથી (ટૂંકાણમાં) આપવા માટે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કેટલીક યુક્તિ-પ્રયુક્તિઓ (devices) વાપરી છે. એમાંથી પહેલી યુક્તિ એ છે કે તેમણે સંસ્કૃત ભાષાના સ્વર-વ્યંજનોને (પ્રચલિત ક્રમ છોડી દઈને) વિશિષ્ટ રીતે ગોઠવ્યા છે. બીજી એક યુક્તિ 'પ્રત્યાહાર'ની છે. (પ્રત્યાહાર એટલે અમુક સ્વરો કે વ્યંજનોને ટૂંકમાં રજૂ કરતી એક શાસ્ત્રીય યુક્તિ.) આ પ્રત્યાહારની યુક્તિને સમજાવવા માટે શરૂઆતમાં તેમણે પહેલા इत् એવી એક સંજ્ઞાનો પરિચય કરાવ્યો છે. આ સંજ્ઞા અનેક વર્ણોની પાડવામાં આવશે. પરંતુ શરૂઆતના તબક્કે તો, પહેલા કેવળ हल् १४ । એવા (ચૌદમા) સૂત્રના અન્તિમ ल् વ્યંજનની इत् સંજ્ઞા પાડવામાં આવી છે.

---

२. आदिरन्त्येन सहेता । १–१–७१

(आदिः, अन्त्येन इता सह)

अन्त्येन इता सहित आदिः, मध्यगानां स्वस्य च संज्ञा स्यात् ।

(इति हल् संज्ञायाम्)

(અનુ.) સૂત્રાર્થ : (ચૌદ માહેશ્વર સૂત્રોમાં) અન્તે આવેલા इत् સંજ્ઞક વર્ણની સાથે ઉચ્ચારવામાં/મૂકવામાં આવેલો કોઈ એક આદિ અક્ષર (અને એ રીતે બનેલી કોઈક સંજ્ઞા): તે બેની (= આદિ અક્ષર અને અંતિમ इत् સંજ્ઞક વર્ણની) વચ્ચે આવેલા બધા અક્ષરો અને પોતાની (= આદિ અક્ષરની) પણ સંજ્ઞા બને છે." (આ રીતે हल् સંજ્ઞા સિદ્ધ થયા પછી-)

(વિવરણ) આ સૂત્રને પ્રત્યાહાર બનાવનારું સૂત્ર કહેવામાં આવે છે. प्रत्याहारः = प्रत्याह्रियन्ते समाह्रियन्ते वर्णाः यस्मिन् सः प्रत्याहारः । 'જેમાં વર્ણોનો સમાહાર અથવા સંક્ષેપ કરવામાં આવે છે તેને પ્રત્યાહાર કહેવાય છે.' આ સૂત્રની મદદથી अच् हल्, વગેરે અનેક સંજ્ઞાઓ બનાવવામાં આવે છે. દા. ત., ચૌદમા માહેશ્વર સૂત્ર हल् १४ । નો અંતિમ इत् સંજ્ઞક ल् વર્ણ લઈને, તેની આગળ हयवरट् ५ । સૂત્રનો આદિ વર્ણ ह ગોઠવવામાં આવે તો તેનાથી हल् એવી એક (નવી) સંજ્ઞા બને છે. હવે આ हल् સંજ્ઞાથી કોનો કોનો બોધ થશે ? અર્થાત્ આ हल् એવી સંજ્ઞા કયા કયા વર્ણોની વાચક બનશે ? તો – हयवरट् ५ । ના ह થી શરૂ કરીને हल् १४ । સૂત્રના અંતિમ (इत् સંજ્ઞક) ल् વર્ણ સુધી જતાં વચ્ચે આવેલાં (मध्यगानां) વર્ણો અને हयवरट् ५ । સૂત્રનો આદિ ह કાર પોતે પણ, તે हल् સંજ્ઞાથી બોધિત થશે. એટલે કે हल् એવી સંજ્ઞાથી ह કાર પોતે અને य व र, ल, ञ म ङ ण न, झ भ, घ ढ ध, ज ब ग ड द, ख फ छ ठ थ च ट त, क प, श ष स અને ह સમજવાની છે. આમ हल् એવી સંજ્ઞાથી ૩૪ સંજ્ઞીઓનો બોધ થાય છે.

---

३. हलन्त्यम् । १।३।३

(हल् अन्त्यं 'इत्' ।)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

उपदेशे अन्त्यम् हल् 'इत्' स्यात् । उपदेशः आद्योच्चारणम् । ततः अण्-अच्-इत्यादिसंज्ञासिद्धौ ॥

(અનુ.) 'ઉપદેશ' (દા. ત., ચૌદ માહેશ્વર સૂત્રો)માં અન્તે આવેલા हल् (= વ્યંજન = ण्, क्, ङ् વગેરે તમામ અન્તિમ વર્ણો)ની इत् સંજ્ઞા થાય છે.

આદિ ઉચ્ચારણ અર્થાત્ ચૌદ માહેશ્વરસૂત્રોને 'ઉપદેશ' કહે છે. આ રીતે (ચૌદ માહેશ્વર સૂત્રોમાં અન્તે આવેલા બધા જ વ્યંજનો - ण्, क्, ङ् વગેરે—ની इत् સંજ્ઞા થાય છે; અને ત્યાર પછી आदिरन्त्येन सहेता १–१–७१ સૂત્રની મદદથી) अण् અને अच् વગેરે સંજ્ઞાઓ સિદ્ધ થાય છે.

(વિવરણ) પાણિનિના આ हलन्त्यम् । १–३–३ સૂત્રને ભટ્ટોજિ દીક્ષિતે પોતાના ગ્રન્થમાં બે વાર રજૂ કર્યું છે. પહેલીવાર તેને રજૂ કર્યું ત્યારે તેનાથી કેવળ ચૌદમા માહેશ્વર સૂત્ર (हल् .૧૪ ।)માંના ल् ની જ इत् સંજ્ઞા કરી હતી. (એટલે કે પહેલીવાર કેવળ એક જ વ્યંજનની સંજ્ઞા કરી છે.) પરન્તુ જ્યારે, ઉપર તેને બીજીવાર પુનરાવૃત્ત કર્યું છે ત્યારે એનાથી બધા જ માહેશ્વર સૂત્રોમાંના ण् क् ङ् વગેરે ચૌદેય અન્તિમ વર્ણોની (વ્યંજનોની) इत् સંજ્ઞા કરી છે.

आदिरन्त्येन सहेता । १–१–७१ સૂત્રની પ્રવૃત્તિ કરવા માટે પહેલા કોઈ એક इत् સંજ્ઞકવર્ણની જરૂર પડવાની (કેમકે એ સૂત્રમાં કહ્યું છે કે – **"અન્ત્ય इत् સંજ્ઞક વર્ણની** સાથે ઉચ્ચારવામાં આવેલો આદિ અક્ષર....." આમ પ્રત્યાહાર બનાવવા માટે પહેલા એક इत् સંજ્ઞક વર્ણને ઉપયોગમાં લેવો પડે છે. આથી પ્રથમવાર, हलन्त्यम् । १।३।३ સૂત્રથી કેવળ हल् १४ । માંના ल् વર્ણની इत् સંજ્ઞા કરીને પછી आदिरन्त्येन सहेता। १।१।७१ સૂત્રની મદદથી કેવળ એક हल् સંજ્ઞા (પ્રત્યાહાર) સિદ્ધ કરેલ છે. આ જે हल् પ્રત્યાહાર સિદ્ધ કર્યો (બનાવ્યો), તેનાથી 'हल्' એટલે બધા જ વ્યંજનો એવો બોધ થાય છે (કેમ કે हयवरट् ५ । ના ह થી આરંભીને हल् १४ । ના ल् સુધી જતાં, એ બેની વચ્ચે બધા જ વ્યંજનો આવી જાય છે. આમ हल् = વ્યંજનો. હવે જ્યારે हलन्त्यम् । १।३।३ સૂત્રને બીજીવાર પુનરાવૃત્ત કરવામાં આવે છે ત્યારે એ સૂત્રનો અર્થ થશે : – "ઉપદેશમાં જે हल् અર્થાત્ બધા જ વ્યંજનો, તેમાંથી જે **અન્તિમ** વ્યંજનો દા. ત., ण् क् ङ् વગેરે તેમની इत् સંજ્ઞા થાય છે."

હવે अइउण् १ । ऋलृक् २ । વગેરે ચૌદેય સૂત્રોના અન્તિમ इत् સંજ્ઞક વ્યંજનોનો ઉપયોગ કરીને, आदिरन्त्येन सहेता । १।१।७१। સૂત્ર વડે अच्, अण् વગેરે અનેક **સંજ્ઞાઓ (પ્રત્યાહારો)** પણ બનાવી શકાશે. જેમ કે, બીજીવાર આવૃત્ત કરેલા हलन्त्यम् । १।३।३ **સૂત્રથી ऐऔच्** ४ । સૂત્રના અંતિમ (हल् = વ્યંજન =) च् ની इत् સંજ્ઞા થાય છે. આ इत् સંજ્ઞક (च्) વર્ણની સાથે (આગળ) अइउण् १ । સૂત્રનો આદિ વર્ણ अ કાર ઉચ્ચારવામાં (મૂકવામાં) આવે તો अच् એવી સંજ્ઞા (પ્રત્યાહાર) બનશે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એ अच् સંજ્ઞા વડે अ થી શરૂ કરીને च् સુધી જતાં વચ્ચે આવતાં બધા જ સ્વરો (अ, इ उ, ऋ ऌ, ए ओ, ऐ औ) નો બોધ થશે. આથી 'अच् એટલે બધા જ સ્વરો' એમ સમજાશે. તથા अण् એમ કહીશું તો अ થી શરૂ કરીને ण् સુધી જતાં, વચ્ચે આવતાં બધા વર્ણો (જેવા કે, अ इ उ) નો બોધ થશે. આવી રીતે ण्, क्, ङ् વગેરે ચૌદેય અન્તિમ इत् સંજ્ઞક વર્ણોનો ઉપયોગ કરીને તેમની આગળ કોઈપણ સૂત્રનો કોઈપણ એકાદ અક્ષર મૂકવાથી અનેક પ્રત્યાહારો બની શકે છે. પાણિનિએ ૪૪ જેટલા પ્રત્યાહારો (સંજ્ઞાઓ) બનાવીને તેને પોતાના 'અષ્ટાધ્યાયી' ગ્રન્થમાં ઉપયોગમાં લીધા છે.*

વિશેષ : અહીં એક વિચારણીય મુદ્દો એ છે કે ભટ્ટોજિ દીક્ષિતે हलन्त्यम् । ૧–૩–૩ સૂત્રને બેવાર કેમ રજૂ કર્યું છે ? પહેલીવાર हलन्त्यम् । ૧–૩–૩ સૂત્રને રજૂ કર્યું ત્યારે જ જો "ઉપદેશમાં આવેલા અન્તિમ हल् ની इत् સંજ્ઞા થાય છે." એવો સૂત્રાર્થ કર્યો હોત તો, આ સૂત્રાર્થમાં हल् એવો પ્રત્યાહાર સમજવા માટે आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧ સૂત્રની જરૂર પડત. પરંતુ आदिरन्त्येन० । ૧–૧–૭૧ સૂત્રનો અર્થ हलन्त्यम् । ૧–૩–૩ સૂત્રથી એકવાર इत् સંજ્ઞાનું જ્ઞાન થયા પછી જ મળવો શક્ય છે. કેમકે आदिरन्त्येन० ૧–૧–૭૧ સૂત્રમાં કહ્યું છે કે "**અન્ત્ય इत् સંજ્ઞક વર્ણની** સાથે ઉચ્ચારવામાં આવેલો આદિ વર્ણ; પોતાની અને વચ્ચે આવેલા વર્ણોની સંજ્ઞા થાય છે." આમ आदिरन्त्येन० । ૧–૧–૭૧ સૂત્રનો અર્થ સમજવા (બીજા શબ્દમાં કહીએ તો आदिरन्त्येन० । ૧–૧–૭૧ સૂત્રથી પ્રત્યાહાર બનાવવા માટે) इत् સંજ્ઞાનું જ્ઞાન જરૂરી છે [અને પૂર્વે કહ્યું તેમ हलन्त्यम्। ૧–૩–૩ સૂત્રમાંનો हल् (= ह થી શરૂ કરીને ल् સુધી જતાં વચ્ચે આવતાં બધા વ્યંજનો) એવો પ્રત્યાહાર સમજવા आदिरन्त्येन० । ૧–૧–૭૧ સૂત્રની જરૂર પડે છે.] આ રીતે 'અન્યોન્યાશ્રય-દોષ' આવી પડે છે. આ દોષને દૂર કરવા માટે ભટ્ટોજિ દીક્ષિતે हलन्त्यम्। ૧–૩–૩ સૂત્રને બેવાર રજૂ કર્યું છે. અહીં પહેલીવાર તેનો અર્થ "हल् ૧૪ । એવા ચૌદમા સૂત્રમાં ल् ની इत् સંજ્ઞા થાય છે." એવો કર્યો છે (અહીં हल् એવો પ્રત્યાહાર એમ નથી કહ્યું, પણ हल् એવું ચૌદમું માહેશ્વર સૂત્ર કહ્યું છે. આથી આ સૂત્રને સમજવા आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧ સૂત્રની જરૂર પડતી નથી.) આવી રીતે એકવાર इत् સંજ્ઞાનું જ્ઞાન થઈ ગયા પછી आदिरन्त्येन सहेता । ૧–૧–૭૧ સૂત્રથી हल् પ્રત્યાહાર બનાવવાનું શીખવાડવામાં આવ્યું છે. અને हल् (= બધા વ્યંજનો) પ્રત્યાહારનું જ્ઞાન થઈ ગયા પછી हलन्त्यम्।

---

* 'બાલમનોરમા'ટીકામાં ૪૩ પ્રત્યાહારો ગણાવતી કારિકા આ પ્રમાણે આપી છે :

स्यादेको ङञणवटैः षेण द्वौ, त्रय इह कणाभ्याम् ।
चत्वारश्च चमाभ्यां पञ्च यराभ्यां: शलाभ्यां षट् ॥

આ કારિકામાં ૪૩ પ્રત્યાહાર ગણાવ્યા છે. તથા लण् ६ । સૂત્રસ્થ इत् સંજ્ઞક अ વર્ણનો ઉપયોગ કરીને સિદ્ધ કરવામાં આવતો 'र' પ્રત્યાહાર ૪૪મો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧—૩—૩ સૂત્રને બીજીવાર રજૂ કરી માહેશ્વર સૂત્રોમાંના બાકીના તેરેય સૂત્રોના અન્તિમ વ્યંજનની इत् સંજ્ઞા કરી છે.

---

૪. उपदेशेऽजनुनासिक इत् । १—३—२

(उपदेशे अच् अनुनासिक इत्)

उपदेशेऽनुनासिकोऽज् इत्संज्ञः स्यात् ॥ प्रतिज्ञानुनासिक्याः पाणिनीयाः ॥ लण्सूत्रस्थ 'अ' वर्णेन सह उच्चार्यमाणो रेफः, रलयोः संज्ञा ॥ प्रत्याहारेषु इतां न ग्रहणम्; 'अनुनासिक' इत्यादिनिर्देशात् । न हि अत्र ककारे परे अच्कार्यं दृश्यते ॥ 'आदिरन्त्येन॰' इति एतत्सूत्रेण कृताः संज्ञाः 'प्रत्याहार' शब्देन व्यवह्रियन्ते ॥

(અનુ.) સૂત્રાર્થ : "ઉપદેશમાં જે અનુનાસિક अच् (अ इ उ, ऋ लृ ए ओ, ऐ औ–બધા સ્વરો) આવેલા હોય તેમની इत् સંજ્ઞા થાય છે."

(૧) પાણિનીય અનુયાયીઓ (= પાણિનિના વ્યાકરણ શાસ્ત્રનું અધ્યયન કરનારાઓ) (ઉપદેશમાં કયા કયા अच् = સ્વરો) અનુનાસિક છે (એનું જ્ઞાન) પ્રતિજ્ઞાથી (ગુરુમુખપરંપરાથી) કરે છે.

(૨) लण् ६ । (= ल् अ ण्) સૂત્રમાંના अ વર્ણની સાથે ઉચ્ચારવામાં આવેલો (हयवरट् ५ । સૂત્રમાંનો) રેફ, (અર્થાત્ र् + अ = र) र् અને ल् એવા બે વર્ણોની સંજ્ઞા થાય છે.

(૩) પ્રત્યાહારમાં इत् સંજ્ઞક વર્ણોનું (દા. ત., ण् क् ङ् વગેરેનું) ગ્રહણ થતું નથી. કારણ કે પાણિનિએ પોતે જ પોતાનાં સૂત્રોમાં अनुनासिकः ઇત્યાદિ શબ્દો વાપર્યા છે. આ अनुनासिक શબ્દમાં क કાર પરમાં રહેતા (सि માંના इ કારને સ્થાને) अच् નિમિત્તક કાર્ય થયેલું જોવા મળતું નથી.

(૪) आदिरन्त्ये॰ । १—१—७१ સૂત્રથી કરવામાં આવતી (अच्, हल्, अण् વગેરે) સંજ્ઞાઓ 'પ્રત્યાહાર' શબ્દથી વ્યવહૃત થાય છે. (अच्, हल् વગેરે સંજ્ઞાઓને 'પ્રત્યાહાર' કહેવામાં આવે છે.)

(વિવરણ) આ 'સંજ્ઞા–પ્રકરણ'માં સૌથી પહેલાં **इत् संज्ञा** બતાવવામાં આવી છે. આ इत् સંજ્ઞા કરનારાં બે સૂત્રો અહીં રજૂ કર્યાં છે. ૧. हलन्त्यम् । १—३—३ અને ૨. उपदेशेऽजनुनासिक इत् । १—३—२. આમાંથી हलन्त्यम् । १—३—३ સૂત્રથી પહેલા માહેશ્વર સૂત્રોના અન્તે આવેલા ण्, क्, ङ् વગેરેની इत् સંજ્ઞા કરી છે. હવે उपदेशेऽजनुनासिक इत् । १—३—२ સૂત્રથી ઉપદેશમાં આવેલા અનુનાસિક अच् (સ્વરો)ની इत् સંજ્ઞા કરવામાં આવે છે.

પહેલા 'ઉપદેશ'નો અર્થ આદ્ય ઉચ્ચારણ = માહેશ્વર સૂત્રો કર્યો હતો. કેમકે આ શાસ્ત્રના આદિમાં જે ઉચ્ચારણ કરવામાં આવ્યું છે તે માહેશ્વર સૂત્રો જ છે. આ માહેશ્વર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સૂત્રો (ઉપદેશ)માં આવેલા અન્ત્ય हल् (વ્યંજન)ની हलन्त्यम् । ૧–૩–૩ થી इत् સંજ્ઞા કરી હતી. હવે 'ઉપદેશ'નો અર્થ વ્યાપક કરવામાં આવે છે.

धातुसूत्रगणोणादिवाक्यलिङ्गानुशासनम् ।
आगमप्रत्ययादेशा उपदेशाः प्रकीर्तिताः ॥

આ બધામાં (= કારિકામાં ગણાવેલા ધાતુ-સૂત્ર વગેરેમાં) આવેલા हल् અને અનુનાસિક अच् ની અનુક્રમે हलन्त्यम् । ૧–૩–૩ થી અને उपदेशेऽजनुनासिक इत् । ૧–૩–૨ થી इत् સંજ્ઞા થાય છે. દા. ત., √डुकृञ् करणे ધાતુમાંના અન્ત્ય हल् = ञ् ની हलन्त्यम् । ૧–૩–૪ થી इत् સંજ્ઞા થાય છે અને √गम्लृ गतौ (गम् > गच्छ)માંના અનુનાસિક अच् = लृ ની उपदेशेऽजनुनासिक इत् । ૧–૩–૨ થી इत् સંજ્ઞા થાય છે.

(૧) અહીં √गम्लृ गतौ ધાતુમાંનો लृ સ્વર અનુનાસિક છે એનું જ્ઞાન પ્રતિજ્ઞાથી = ગુરુમુખપરંપરાથી થાય છે.

(૨) આ સૂત્રની વૃત્તિમાં, 'ઉપદેશ'માં આવેલા અનુનાસિક अच् ની इत् સંજ્ઞા કરવાનું તાત્કાલિક ફળ (પ્રયોજન) વર્ણવવામાં આવે છે : ઉપદેશ = આદિ ઉચ્ચારણ = ચૌદ માહેશ્વર સૂત્રોમાંના અન્ત્ય हल् ની इत् સંજ્ઞા हलन्त्यम् । ૧–૩–૩ થી કરી હતી. ત્યાર પછી उपदेशेऽजनुनासिक इत् । ૧–૧–૭૧ સૂત્રથી ઉપદેશ = માહેશ્વર સૂત્રોમાંના છઠ્ઠા लण् ६ । સૂત્રમાંના अ સ્વરની (જેને પ્રતિજ્ઞાથી અનુનાસિક જાણવામાં આવે છે, તેની) પણ इत् સંજ્ઞા કરવામાં આવે છે. આ इत् સંજ્ઞા કરવાથી र એવી સંજ્ઞા (= પ્રત્યાહાર) સિદ્ધ થાય છે. જેમ કે, हयवरट् ५ । लण् ६ । આમાંથી लण् (= ल् अ ण्) સૂત્રમાંના अ સ્વરની इत् સંજ્ઞા કરવામાં આવે છે. હવે આ એક 'अ' इत् સંજ્ઞક વર્ણની સાથે કોઈ એક આદિ વર્ણ દા. ત., हयवरट् ५ । નો र् વર્ણ લઈએ [हयवरट् ५ । ના र (= र् + अ) વર્ણમાં જે अ વર્ણ છે, તે તો ઉચ્ચારણ સૌકર્યાર્થ જોડવામાં આવ્યો હતો, તેને કાઢી લઈને બાકી રહેલો र् વર્ણ લઈએ] તો જે र એવી સંજ્ઞા બને તેનાથી र् અને ल् એવા બે વર્ણોનો બોધ થાય છે. (हयवरट् ५ । ल् अ ण् ६ । > र् એક આદિ વર્ણ + એક इत् સંજ્ઞક = लण् માંનો अ વર્ણ જોડવાથી र એવી સંજ્ઞા બને છે. આ र સંજ્ઞાથી र् થી શરૂ કરીને अ સુધી જતાં વચ્ચે આવતા બે વર્ણો = રેફ અને ल् કારનો બોધ થાય છે.)

(૩) આ अच्, हल्, अण् વગેરે સંજ્ઞાઓ = પ્રત્યાહારો અનેક વર્ણોની સંક્ષિપ્ત સંજ્ઞાઓ છે. કેમકે अच् કહેવાથી अइउण् १ । ના अ થી શરૂ કરીને ऐऔच् ४ । સૂત્રના च् કાર સુધી જતાં વચ્ચે આવેલા તમામ વર્ણોની તે સંજ્ઞા બને છે : अ इउण् १। ऋलृक् २। एओङ्३। ऐऔच् ४। એટલે કે अच् = अ इ उ ऋ लृ ए ओ ऐ औ = કુલ નવ સ્વરો. (અહીં એક अच् સંજ્ઞાના નવ સંજ્ઞીઓ છે.) પરંતુ અહીં પ્રશ્ન થશે કે अ થી શરૂ કરીને च् સુધી જતાં વચ્ચે ण् क् ङ्જેવા બીજા વર્ણોનું પણ સંજ્ઞી તરીકે ગ્રહણ થાય છે કે નહિ ?) આ પ્રશ્નનો જવાબ આપતાં ભટ્ટોજિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દીક્ષિતે વૃત્તિમાં લખ્યું છે કે अच् हल् વગેરે પ્રત્યાહારોમાં इत् સંજ્ઞક વર્ણો (ण् क् ङ्‌ વગેરે)નું ગ્રહણ થતું નથી. આના સમર્થન માટે તેમણે પાણિનિના સૂત્રને જ પ્રમાણ તરીકે આગળ ધર્યું છે : (આને આપણે વિગતે સમજીશું.)

પાણિનિએ સ્વરસન્ધિ વિષયક એક इको यणचि । ૬—૧—૭૭ સૂત્ર રજૂ કર્યું છે. આ સૂત્રથી "[अच् (કોઈ પણ સ્વર)ની પૂર્વે આવેલા] इक् (= इ उ ऋ लृ) ના સ્થાનમાં यण् (य् व् र् ल् અનુક્રમે) થાય છે." દા. ત., सुधी + उपास्यः । અહીં उ સ્વરની પૂર્વે આવેલા દીર્ઘ ई ના સ્થાનમાં य् થઈને सुध् य् + उपास्य = सुध्युपास्यः । એ પ્રમાણે સન્ધિ થાય છે.

હવે જો अच् એવા પ્રત્યાહારમાં अ થી શરૂ કરીને च् સુધી જતાં વચ્ચે આવેલા (ण् क् ङ् વગેરે અન્ત્ય વર્ણોનું પણ (પ્રત્યાહારમાં) ગ્રહણ થતું હોય તો બધા સ્વરો, ઉપરાંત ण् क् ङ् જેવા વર્ણોને પણ अच् કહેવાશે. અને આવું થશે તો જેવી રીતે इको यणचि । ૬—૧—૭૭ સૂત્ર सुधी + उपास्यः = सुध्युपास्यः એવા શબ્દમાં લાગ્યું છે; (કેમ કે ત્યાં सुधी માંનો ई, अच् ની = उ ની પૂર્વે આવેલો છે.) તેવી રીતે अनुनासिक શબ્દમાં પણ सिમાંનો इ, अच् = क्‌ની પૂર્વે આવેલો છે. તેથી सि માંના इ સ્થાનમાં (इको यणचि । ૬—૧—૭૭ સૂત્રથી) य् થઈ જશે. તો अनुनास्यक શબ્દ બનવો જોઈએ. પરંતુ પાણિનિએ પોતાના उपदेशेऽज् 'अनुनासिक' इत् ૧—૩—૨ સૂત્રમાં अनुनासिक શબ્દ જ લખ્યો છે, अनुनास्यक નહીં. અર્થાત્ પાણિનિએ अइउण् । ऋलृक् । વગેરે માહેશ્વર સૂત્રોમાંના ण् क् વગેરેને પણ अच् માં ગણ્યા નથી. તેથી इको यणचि । ૬—૧—૭૭ સૂત્રથી अच् ની જ્યારે પૂર્વ આવેલા इक् (इ उ ऋ लृ) ને સ્થાને यण् य् व् र् ल) કરવાનો હશે ત્યારે ण् क् વગેરેને अच् ગણવામાં આવશે નહિ. આથી अनुनासिक શબ્દમાં सि માંના इ ને સ્થાને य् થશે નહિ, કેમ કે તે अच् = સ્વરની પૂર્વે આવેલ નથી, પણ क् પૂર્વ આવેલો છે. આમ પાણિનિના अनुनासिक જેવા શબ્દોના પ્રયોગ ઉપરથી જ જણાય છે કે પાણિનિની દૃષ્ટિએ પ્રત્યાહારો (= अच् हल् વગેરે સંજ્ઞાઓ)માં ण् क् ङ् વગેરે અન્ત્ય इत् સંજ્ઞક વર્ણોનું ગ્રહણ થતું નથી.

(૪) आदिरन्त्येन सहेता । ૧—૧—૭૧ સૂત્રની મદદથી अण् अच् हल् વગેરે જે સંજ્ઞાઓ બનાવવામાં આવે છે તેમને 'પ્રત્યાહાર' કહેવામાં આવે છે. પ્રત્યાહાર એ અનેક વર્ણોને સંક્ષેપમાં રજૂ કરવાની એક શાસ્ત્રીય યુક્તિ છે. પ્રત્યાહાર શબ્દ જ સૂચવે છે કે प्रत्याह्रियन्ते समाह्रियन्ते वर्णाः यस्मिन् सः प्रत्याहारः ॥.

અહીં અમુક વર્ણોની જે 'इत्' સંજ્ઞા પાડવામાં આવી છે તેનો અર્થ પણ સમજી લઈએ : एति गच्छति इति 'इत्' । અર્થાત્ જે જાય છે = જેનો લોપ (અદર્શન) થાય છે તેને इत् સંજ્ઞક વર્ણ કહે છે. આમ માહેશ્વર સૂત્રોમાં જે અન્ત્ય ण् क् ङ् વગેરેની इत् સંજ્ઞા પાડવામાં આવી છે. તે દરેકનો લોપ થાય છે. (આથી अच् हल् જેવા પ્રત્યાહારોમાં તે અન્તિમ ण् क् ङ्‌ વગેરે વર્ણોને ગણતરીમાં લેવામાં આવતા નથી, તેમનું ગ્રહણ થતું નથી.)

---

૫. ऊकालोऽज्झ्रस्वदीर्घप्लुतः । ૧—૨—૨૭

(ऊकालः अच् 'ह्रस्व'—'दीर्घ'—'प्लुतः' ।)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

उश्च ऊश्च उ३श्च वः । वां काल इव कालो यस्य सोऽच् क्रमाद् ह्रस्व–दीर्घ–प्लुतसंज्ञः स्यात् ॥ स प्रत्येकम् उदात्तादिभेदेन त्रिधा ॥

(અનુ.) उ + ऊ + उ३ = ऊ > (તેનું પ્રથમા બહુવચન) वः । **સૂત્રાર્થ :** "એક માત્રાવાળા उ કારની 'હ્રસ્વ', બે માત્રાવાળા ऊ કારની 'દીર્ઘ', અને ત્રણ માત્રાવાળા उ કારની 'પ્લુત' સંજ્ઞા થાય છે.' આમ, ત્રણે પ્રકારની માત્રાવાળા उ કારને ઉચ્ચારતાં જેટલો સમય જાય તેટલા સમયવાળા અન્ય अच् (સ્વરો)ની પણ ક્રમશઃ 'હ્રસ્વ' 'દીર્ઘ' અને 'પ્લુત' સંજ્ઞા થાય છે. (અર્થાત્ દરેક સ્વરના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ત્રણ ભેદ પડે છે.) વળી, તે દરેક સ્વર 'ઉદાત્ત', 'અનુદાત્ત' અને 'સ્વરિત' એવા (સ્વરધર્મોના) ભેદોને કારણે (બીજા) ત્રણ પ્રકારનો પ્રાપ્ત થાય છે.

(વિવરણ) ઉપર્યુક્ત સૂત્રમાં ત્રણ નવી સંજ્ઞાઓ રજૂ કરવામાં આવી છે. જ્યારે કોઈ સ્વરનું ઉચ્ચારણ એક માત્રિક હોય ત્યારે તેને 'હ્રસ્વ' કહેવામાં આવે છે, દ્વિમાત્રિક ઉચ્ચારણ હોય ત્યારે તેને 'દીર્ઘ' કહેવામાં આવે છે અને ત્રિમાત્રિક ઉચ્ચારણ હોય ત્યારે તેને 'પ્લુત' કહેવામાં આવે છે.

અહીં સ્વરોના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ભેદોને સમજાવવા માટે પાણિનિએ उ કારને નમૂના તરીકે લીધો છે. તેનું કારણ (પરંપરાગત રીતે) એવું આપવામાં આવે છે કે પ્રાતઃકાલે સૂત્રો રચવા બેઠેલા પાણિનિએ કૂકડાને સાંભળ્યો. આ કૂકડાના અવાજમાં સ્પષ્ટ રીતે ત્રણેય માત્રાવાળા उ જુદા જુદા સાંભળી શકાય છે. આથી 'એક માત્રાવાળો સ્વર' એટલે કેટલા સમયનો ? એ કૂકડાના ઉદાહરણથી સમજવું/સમજાવવું સરળ થઈ પડે એમ છે. આથી જ વૃત્તિમાં લખ્યું છે કે वां काल इव कालो यस्य सोऽच् વગેરે અર્થાત્ वां ત્રણે પ્રકારના उ, ऊ અને उ ३ કારને ઉચ્ચારતાં જેટલો સમય જાય તેટલા સમયવાળા બીજા अच् સ્વરને ક્રમથી હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત કહેવાય છે. (અહીં उ + ऊ + उ ३ ની સન્ધિ ऊ થાય છે. તેનું ષષ્ઠી વિભક્તિ બહુવચનમાં वां એવું રૂપ થાય છે.)

આમ દરેક સ્વરના હ્રસ્વાદિભેદે ત્રણ ભેદો પડે છે અને તે ત્રણેય ભેદના ફરી પાછા ઉદાત્તાદિભેદે ત્રણ ભેદો પડે છે. દા. ત.,



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આવી રીતે લગભગ દરેક સ્વરના કુલ નવ નવ ભેદો પડશે. (આપણે દૂર ઊભેલી વ્યક્તિને બોલાવવા માટે ત્રિમાત્રિક પ્લુત સ્વરનો પ્રયોગ કરીએ છીએ. જેમ કે, હે કૃષ્ણ ૩ ! અહીં આવ.)

૬. उच्चैरुदात्तः १–२–२९ (उच्चैः उदात्तः)

ताल्वादिषु सभागेषु स्थानेषु ऊर्ध्वभागे निष्पन्नः अच् उदात्तसंज्ञः स्यात् ॥ आ ये ॥

(અનુ.) (મુખવિવરમાં આવેલા) તાલુ વગેરે ભાગોમાં (ઉચ્ચારણ સ્થાનોમાં) ઉપરના ભાગમાંથી નિષ્પન્ન થતા अच् (સ્વર)ને 'ઉદાત્ત' સંજ્ઞા આપવામાં આવે છે. દા. ત., आ ये तन्वन्ति. (ऋ. सं १–१९–८) અહીં आ અને ये (માંનો ए) સ્વર 'ઉદાત્ત' છે.

૭. नीचैरनुदात्तः । १–२–३० (नीचैः अनुदात्तः)

स्पष्टम् ॥ <u>अ</u>र्वाङ् ।

(અનુ.) આ સૂત્રનો અર્થ સ્પષ્ટ છે : (મુખવિવરમાં આવેલ તાલુ વગેરે ભાગોમાં, એટલે કે ઉચ્ચારણ સ્થાનોમાં નીચેના ભાગમાંથી નિષ્પન્ન થતા अच् ને 'અનુદાત્ત' સંજ્ઞા આપવામાં આવે છે.) દા. ત., <u>अ</u>र्वाङ् एहि सोमकामं० (ऋ. सं. १–४–१०४) અહીં <u>अ</u> સ્વર અનુદાત્ત છે.

૮. समाहारः स्वरितः । १–२–३१

उदात्तत्वानुदात्तत्वे वर्णधर्मौ समाह्रियेते यस्मिन्सोऽच् स्वरितसंज्ञः स्यात् ॥

(અનુ.) જે अच् (સ્વર)માં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એ બે વર્ણધર્મો ભેગા થાય છે, તે સ્વરને 'સ્વરિત' સંજ્ઞા આપવામાં આવે છે.

(વિવરણ) 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'ના ત્રીજા સ્વરપટલમાં શૌનકે આ (ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત) ત્રણેયને ઉચ્ચારવાની પદ્ધતિ નીચે મુજબ વર્ણવી છે :

उदात्तश्चानुदात्तश्च स्वरितश्च त्रयः स्वराः ।
आयामविश्रम्भाक्षेपैस्त उच्यन्ते ॥

उवटभाष्यम्–**आयामो** नाम वायुनिमित्तमूर्ध्वगमनं गात्राणाम्, तेन य उच्यते स उदात्तः- आ ये ॥ **विश्रम्भो** नामाधोगमनं गात्राणां वायुनिमित्तं-<u>नः</u> नौ ॥ **आक्षेपो** नाम तिर्यग्गमनं गात्राणां वायुनिमित्तं–क्वं, न्यक् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વાયુને કારણે થતું ઉચ્ચારણ-અવયવોનું ઉપર જવું – તેને 'આયામ' કહે છે, તેવા આયામથી જે ઉચ્ચારાય તે 'ઉદાત્ત' છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉદાત્ત અક્ષર (= સ્વર)નું ઉચ્ચારણ ધ્વનિના આરોહ (rising tone) ની સાથે થાય છે. તેના ઉચ્ચારણ દરમિયાન ઉચ્ચારણ-અવયવ ઉપરની તરફ ખેંચાઈ જાય છે. અનુદાત્ત અક્ષરનું ઉચ્ચારણ, ધ્વનિના અવરોહ (falling tone)ની સાથે થાય છે. એમાં ઉચ્ચારણ-અવયવ નીચેની તરફ થઈને જાય છે. સ્વરિત અક્ષરનું ઉચ્ચારણ, ધ્વનિના આરોહ અને અવરોહથી થાય છે. એટલે કે સ્વરિતના ઉદાત્ત અંશનું ઉચ્ચારણ કરતી વખતે ઉચ્ચારણ–અવયવોનો આરોહ થાય છે અને અનુદાત્ત અંશનું ઉચ્ચારણ કરતી વખતે ઉચ્ચારણ-અવયવોનો અવરોહ થાય છે.

પાણિનિએ अ કારાદિ સ્વરોના ઉપર્યુક્ત ત્રણ ભેદો બતાવ્યા છે. પરંતુ ભાષ્યકાર પતંજલિએ તો પા. સૂ. १–२–३३ ઉપર લખ્યું છે : सप्त स्वरा भवन्ति–उदात्तः उदात्ततरः अनुदात्तः अनुदात्ततरः, स्वरितः, स्वरिते य उदात्तः सोऽन्येन विशिष्टः, एकश्रुतिः सप्तमः इति ॥ વળી, 'અષ્ટાધ્યાયી'માં ઉદાત્તાદિ જેવા બીજા પણ સ્વરો વર્ણવાયા છે. તેમની પણ કુલ સંખ્યા સાત છે. જેમકે-એકશ્રુતિ, અનુદાત્ત, ઉદાત્ત, સ્વરિત, સ્વરિતસ્થોદાત્ત, સન્નતર અને ઉચ્ચૈસ્તર. આ સાતેય સ્વરોને ભારતીય સંગીતના સુરસપ્તક સાથે જોડી શકાય છે :

(૧) એકશ્રુતિ–સા–ષડ્જ (૨) અનુદાત્ત–રે–ઋષભ (૩) ઉદાત્ત–ગ–ગાંધાર (૪) સ્વરિત–મ–મધ્યમ (૫) સ્વરિતસ્થોદાત્ત–પ–પંચમ (૬) સન્નતર–ધ–ધૈવત અને (૭) ઉચ્ચૈસ્તર-નિ–નિષાદ. (જિજ્ઞાસુએ ડૉ. વસન્ત ભટ્ટના 'ભાષાશાસ્ત્ર અને પ્રાચીન ભારતીય આર્યભાષા' પુસ્તકમાં 'સંસ્કૃત ભાષામાં બલાઘાત કે સ્વરભાર' વિષે પૃષ્ઠ ૧૧૯ થી ૧૩૦ વાંચવાં.)

ઉપરના (समाहारः स्वरितः । १–२–३१) સૂત્રથી 'સ્વરિત' સંજ્ઞા કોની થાય એ બતાવ્યું. પરંતુ અહીં 'સ્વરિતમાં ઉદાત્ત અને અનુદાત્તનો સમાહાર થાય છે' એમ કહેવાથી એ સ્પષ્ટ થતું નથી કે ઉદાત્ત અને અનુદાત્ત ભેગા મળે છે (મિશ્રણ પામે છે) કે સાથે જોડાય છે ? બીજા શબ્દોમાં કહીએ તો (૧) સ્વરિતના કયા અંશમાં ઉદાત્ત હોય છે અને કયા અંશમાં અનુદાત્ત હોય છે ? (૨) સ્વરિતમાં કેટલો ભાગ ઉદાત્ત હોય છે અને કેટલો ભાગ અનુદાત્ત હોય છે ? આ બન્નેનો જવાબ આપવા માટે નીચેનું સૂત્ર રજૂ કરવામાં આવે છે :

९. तस्यादित उदात्तमर्धह्रस्वम् । १–२–३२

(तस्य आदितः उदात्तम् अर्धह्रस्वम् ।)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ह्रस्वग्रहणम् अतन्त्रम् । स्वरितस्य आदौ अर्धम् उदात्तं बोध्यम् । उत्तरार्धं तु परिशेषाद् अनुदात्तम् ॥ तस्य च उदात्तस्वरितपरत्वे श्रवणं स्पष्टम् ॥ अन्यत्र तु उदात्तश्रुतिः प्रातिशाख्ये प्रसिद्धा ॥ 'क्व १ वोऽश्वाः', 'रथानां न ये २ राः', 'शतचक्रं यो ३ ह्यः' इत्यादिषु अनुदात्तः ॥ 'अग्निमीळे इत्यादौ उदात्तश्रुतिः ॥ स नवविधोऽपि प्रत्येकम् अनुनासिक–अननुनासिकत्वाभ्यां द्विधा ॥

(અનુ.) આ સૂત્રમાં 'હ્રસ્વ' એવો શબ્દ અતન્ત્ર = અવિવક્ષિત છે. (સૂત્રાર્થઃ) "સ્વરિતનો આદિ (શરૂઆતનો) અર્ધો ભાગ ઉદાત્ત જાણવો." અર્થતઃ ફલિત થયું કે બાકી રહેલો ઉત્તરાર્ધ (અર્ધોભાગ) અનુદાત્ત હશે. (સ્વરિતના ઉત્તરાર્ધમાં જે અનુદાત્તત્વ હોય છે > (तस्य) તેનું સ્પષ્ટ શ્રવણ ત્યારે જ થાય છે કે જ્યારે તે (સ્વરિત)ની પાછળ (અનુગામી સ્વર) ઉદાત્ત કે સ્વરિત હોય.

અન્યત્ર (અર્થાત્ સ્વરિતની પાછળ જ્યારે અનુદાત્તપ્રચય સ્વર આવેલો હોય ત્યારે); (તે સ્વરિતના ઉત્તરાર્ધનું શ્રવણ) ઉદાત્ત રૂપે જ થાય છે. (આ ઉદાત્તને 'ઉદાત્તતર' પણ કહે છે) એવું પ્રાતિશાખ્યોમાં પ્રસિદ્ધ છે.

નીચેનાં ઉદાહરણોમાં સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધનું (= અનુદાત્ત અંશનું) શ્રવણ સ્પષ્ટ થાય છે (કારણ કે તેની પાછળ ઉદાત્ત કે સ્વરિત રહેલા છે) :

(૧) क्व १ वोऽश्वाः । (આ ઉદાહરણમાં क्व > अ સ્વર હ્રસ્વસ્વરિત છે, તેના ઉત્તરાર્ધનું અનુદાત્ત રૂપે સ્પષ્ટ શ્રવણ થાય છે. કેમકે તેની પાછળ वो > ओ ઉદાત્ત છે.)

(૨) रथानां न ये २ राः । (આ ઉદાહરણમાં ये > ए સ્વર દીર્ઘસ્વરિત છે, તેના ઉત્તરાર્ધનું અનુદાત્ત રૂપે સ્પષ્ટ શ્રવણ થાય છે. કેમ કે તેની પાછળ रा > आ ઉદાત્ત છે.)

(૩) शतचक्रं यो ३ऽह्यः । (આ ઉદાહરણમાં यो > ओ સ્વર કંપસ્વરિત = જાત્યસ્વરિત = સ્વતન્ત્રસ્વરિત છે, તેના ઉત્તરાર્ધનું અનુદાત્ત રૂપે સ્પષ્ટ શ્રવણ થાય છે. કેમ કે તેની પાછળ ह्यः > अ જાત્ય સ્વરિત છે.)

તથા अग्निमीळे (ऋ. सं. १–१–१) વગેરે મંત્રોમાં જે (પરતન્ત્રી) સ્વરિત છે તેના ઉત્તરાર્ધનું શ્રવણ તો ઉદાત્ત રૂપે જ થાય છે. (પદપાઠમાં अग्निम् ईळे० । એ પ્રમાણે ई અનુદાત્ત છે. પરંતુ સંહિતાપાઠમાં अग्निमीळे > ई સ્વરિત છે અને ळे પ્રચય છે. અહીં-સંહિતામાં-ई સ્વરિતની પાછળ ઉદાત્ત કે સ્વરિત નથી, પ્રચય છે. આથી ઉત્તરાર્ધનું શ્રવણ ઉદાત્ત રૂપે જ થાય છે. આ ઉદાત્તને 'ઉદાત્તતર' કહે છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઉપર્યુક્ત (સૂત્ર-૭ની વૃત્તિમાં કહેલ) નવેય પ્રકારના अच् (સ્વર) ફરી પાછા અનુનાસિક અને અનનુનાસિક (= નિરનુનાસિક) એવા ભેદથી બે પ્રકારના જોવા મળે છે. (એટલે કે –



(આમ એક अ સ્વર ૧૮ ભેદોવાળો સાંભળવા મળી શકે.)

(વિવરણ) : समाहारः स्वरितः ૧–૨–૩૧ સૂત્રથી "જે સ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એ બે વર્ણધર્મોનો સમાહાર થયો હોય તેને 'સ્વરિત' કહે છે" એમ કહેવાયું છે. પરંતુ અહીં પ્રશ્ન થાય છે કે-સ્વરિતના કયા અંશમાં ઉદાત્ત હોય છે અને કયા અંશમાં અનુદાત્ત હોય છે ? આનો જવાબ એ છે કે સ્વરિતના પૂર્વાંશમાં ઉદાત્ત હોય છે અને ઉત્તરાંશમાં અનુદાત્ત હોય છે; કેમ કે સૂત્રમાં કહ્યું છે કે आदितः उदात्तम् = શરૂઆતમાં ઉદાત્ત હોય છે. હવે બીજો પ્રશ્ન થાય કે શરૂઆતમાં (પૂર્વાંશમાં) ઉદાત્ત હોય છે તે તો બરોબર, પણ તેનો કેટલો ભાગ હોય છે ? સૂત્રકારે આને માટે કહ્યું છે કે आदितः उदात्तम् अर्धह्रस्वम् । (અહીં હ્રસ્વ શબ્દને ધ્યાનમાં લીધા વગર, બાકીનાનો અર્થ કરવાનો છે.) એટલે કે "શરૂઆતનો અર્ધો/અર્ધો ભાગ ઉદાત્ત હોય છે." अर्ध શબ્દ બે રીતે સમજી શકાય છે : (૧) અર્ધ = સમાંશવાચી 'અર્ધ' શબ્દ અર્થાત્ ૫૦% ભાગ. (૨) અર્ધ અર્થાત્ સ્વરની કુલ માત્રામાંથી ફક્ત ૦॥ માત્રા. જેમ કે,

(क) ૧ માત્રાવાળા હ્રસ્વ સ્વરિતમાં –

(૧) પૂર્વાર્ધમાં $\frac{૧}{૨}$ માત્રા ઉદાત્તની, અને ઉત્તરાર્ધમાં $\frac{૧}{૨}$ માત્રા અનુદાત્તની.

અથવા (૨) પૂર્વાંશમાં ૦॥ માત્રા ઉદાત્તની, અને ઉત્તરાંશમાં ૦॥ માત્રા અનુદાત્તની.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ख) ૨ માત્રાવાળા દીર્ઘ સ્વરિતમાં –

(૧) પૂર્વાર્ધમાં ૧ માત્રા ઉદાત્તની અને ઉત્તરાર્ધમાં બાકીની ૧ માત્રા અનુદાત્તની.

અથવા (૨) પૂર્વાંશમાં ૦।। માત્રા ઉદાત્તની, અને ઉત્તરાંશમાં ૧½ માત્રા અનુદાત્તની

(ग) ૩ માત્રાવાળા પ્લુતસ્વરિતમાં –

(૧) પૂર્વાર્ધમાં ૧½ માત્રા ઉદાત્તની અને ઉત્તરાર્ધમાં ૧½ માત્રા અનુદાત્તની.

અથવા (૨) પૂર્વાંશમાં ૦।। માત્રા ઉદાત્તની, અને ઉત્તરાંશમાં ૨½ માત્રા અનુદાત્તની.

આમ જે સ્વરમાં-ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ-એ બે વર્ણધર્મોનો સમાહાર થયો હોય તે સ્વરને 'સ્વરિત' કહેવાય છે તથા તે સ્વરિતનો આદિતઃ 'અર્ધો' ભાગ ઉદાત્ત જાણવામાં આવે છે.

---

१०. मुखनासिकावचनोऽनुनासिकः । १–१–८

(मुख-नासिका-वचनः अनुनासिकः)

मुखसहितनासिकया उच्चार्यमाणो वर्णो अनुनासिकसंज्ञः स्यात् ॥ तदित्थम्-अ इ उ ऋ एषां वर्णानां प्रत्येकम् अष्टादश भेदाः ॥ लृवर्णस्य द्वादश । तस्य दीर्घाभावात् ॥ एचामपि द्वादश । तेषां ह्रस्वाभावात् ॥

(અનુ.) મુખ સહિત નાસિકાના (પણ) ઉપયોગથી જે વર્ણ ઉચ્ચારવામાં આવે છે તેની 'અનુનાસિક' એવી સંજ્ઞા થાય છે (= તેને 'અનુનાસિક' વર્ણ કહેવામાં આવે છે.) તો આ પ્રમાણે, अ इ उ ऋ એ ચારેય સ્વરોના ૧૮ ભેદ જોવા મળે છે. लृ સ્વરના ૧૨ ભેદ જોવા મળે છે, કેમ કે તે સ્વરના ૬ દીર્ઘભેદો હોતા નથી. एच् પ્રત્યાહારમાં આવતા ए ओ ऐ औ એ ચાર સ્વરો (= સન્ધ્યક્ષરો)ના પણ બાર-બાર ભેદ જોવા મળે છે; કેમ કે તેમના છ છ હ્રસ્વભેદો હોતા નથી (તેઓ હંમેશા દીર્ઘ કે પ્લુત જ હોય છે).

(વિવરણ) આ સૂત્રથી 'અનુનાસિક' એવી એક નવી સંજ્ઞા રજૂ કરવામાં આવી છે. પરંતુ ભાષ્યકાર જણાવે છે કે કયા સ્વરને 'અનુનાસિક' કહેવો તે લોકતઃ પ્રસિદ્ધ હોઈને એને માટે સૂત્ર રચવાની જરૂર નથી.

---

११. तुल्यास्यप्रयत्नं सवर्णम् । १–१–९

(तुल्य–आस्य–प्रयत्नं सवर्णम्)

ताल्वादिस्थानम् आभ्यन्तरप्रयत्नश्च इति एतद् द्वयं यस्य येन तुल्यं, तन्मिथः सवर्णसंज्ञं स्यात् ॥ (क) अकुहविसर्जनीयानां कण्ठः । (ख) इचुयशानां तालु । (ग) ऋटुरषाणां मूर्धा । (घ) लृतुलसानां दन्ताः । (ङ) उ–पु–उपध्मानीयानाम् ओष्ठौ । (च) ञमङणनानां नासिका च । (छ) एद्-ऐतोः कण्ठतालु (ज) ओद्-औतोः कण्ठोष्ठम् । (झ) वकारस्य

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

दन्तोष्ठम् । (ञ) जिह्वामूलीयस्य जिह्वामूलम् । (ट) नासिका अनुस्वारस्य । इति स्थानानि ॥

यत्नो द्विधा । आभ्यन्तरो बाह्यश्च । आद्यः चतुर्धा । स्पृष्ट–ईषत्स्पृष्ट–विवृत–संवृत–भेदात् । १. तत्र स्पृष्टं प्रयतनं स्पर्शानाम् । २. ईषत्स्पृष्टम् अन्तःस्थानाम् । ३. विवृतम् ऊष्मणां स्वराणां च । ४. ह्रस्वस्य अवर्णस्य प्रयोगे संवृतम् ।

प्रक्रियादशायां तु विवृतम् एव । एतत् च सूत्रकारेण ज्ञापितम् । तथा हि –

(અનુ.) સૂત્રાર્થ : "(મુખવિવરમાં આવેલા) તાલુ વગેરે સ્થાનો અને આભ્યન્તર પ્રયત્ન-એ, જે બે વર્ણોના એક સરખા હોય તેમની (= તે બન્નેની = પરસ્પરની) 'સવર્ણ' સંજ્ઞા થાય છે."

(આ 'સવર્ણ' સંજ્ઞા કરવા માટે કયા વર્ણનું કયું ઉચ્ચારણસ્થાન છે, તેને ઉચ્ચારવા કેવા પ્રકારનો પ્રયત્ન કરવો પડે છે ? એ બે મુદ્દા જાણવા અનિવાર્ય છે. આથી પહેલાં પ્રત્યેક સ્વર અને વ્યંજનના ઉચ્ચારણસ્થાન અને પ્રયત્નને વર્ણવવામાં આવે છે : -)

(क) अ સ્વર, कु = क વર્ગ, ह કાર અને વિસર્ગ (:)-કંઠ સ્થાનમાંથી ઉચ્ચારાય છે. (આથી તેમને કંઠ્યવર્ણો કહે છે.)

(ख) इ સ્વર, चु = च વર્ગ, य કાર અને श કાર તાલુ સ્થાનમાંથી ઉચ્ચારાય છે. (આથી તેમને તાલવ્યવર્ણો કહે છે.)

(ग) ऋ સ્વર, टु = ट વર્ગ, રેફ અને षकार મૂર્ધા સ્થાનમાંથી ઉચ્ચારાય છે. (આથી તેમને મૂર્ધન્ય વર્ણો કહે છે.)

(घ) लृ સ્વર, तु = त વર્ગ, ल કાર અને स કાર દન્ત સ્થાનમાંથી ઉચ્ચારાય છે. (આથી તેમને દન્ત્ય વર્ણો કહે છે.)

(ङ) उ સ્વર, पु = प વર્ગ અને તે ઉપધ્માનીય ઓષ્ઠસ્થાનમાંથી ઉચ્ચારાય છે. (આથી તેમને ઓષ્ઠ્ય વર્ણો કહે છે.) (અહીં प અને फ વ્યંજનોની પૂર્વે કોઈ વિસર્ગ આવ્યો હોય તો તેને માટે ≍ આવી નિશાની વપરાય છે અને તેને 'ઉપધ્માનીય' કહેવાય છે. આવા વિસર્ગનું ઉચ્ચારણ ઓષ્ઠમાંથી થાય છે.)

(च) ञ म ङ ण न (તે દરેકનું પોતપોતાનું એક ઉચ્ચારણસ્થાન હોવા ઉપરાંત) તેમનું 'નાસિકા' પણ ઉચ્ચારણ સ્થાન છે. (દા. ત., ञ् કાર च વર્ગમાં આવી જ જાય છે. આથી તેનું તાલુ સ્થાન તો છે જ. પરંતુ તે ઉપરાંત તેના ઉચ્ચારણમાં નાસિકા પણ સાહાય્ય કરે છે. આથી તેનું બીજું સ્થાન 'નાસિકા પણ છે' એમ વિશેષમાં કહેવાયું છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(છ) ए કાર અને ऐ કારના ઉચ્ચારણસ્થાન બે છે : કંઠ અને તાલુ.

(જ) ओ કાર અને औ કાર પણ બે સ્થાનમાંથી ઉચ્ચારાય છે : કંઠ અને ઓષ્ઠ.*

(ઝ) व કાર પણ દન્ત અને ઓષ્ઠ સ્થાનોમાંથી ઉચ્ચારાય છે.

(ઞ) જિહ્વામૂલીય વર્ણો (= क કે ख ની પૂર્વે આવેલા વિસર્ગને માટે ≍ આવી નિશાની મૂકાય છે, તેને 'જિહ્વામૂલીય' કહે છે. આવા જિહ્વામૂલીય નામના વિસર્ગ)નું ઉચ્ચારણ જિહ્વાના મૂલમાંથી થાય છે.

(ટ) ं અનુસ્વારનું ઉચ્ચારણસ્થાન નાસિકા છે. આ પ્રમાણે પહેલાં દરેક વર્ણના ઉચ્ચારણસ્થાનો વર્ણવવામાં આવ્યાં.

(હવે તે દરેક વર્ણના ઉચ્ચારણમાં જે પ્રકારનો પ્રયત્ન કરવામાં આવે છે તેને નીચે નિરૂપવામાં આવે છે :) યત્ન બે પ્રકારના છે : (૧) આભ્યન્તર (= આંતરિક) અને (૨) બાહ્ય. આમાંથી પહેલો (પ્રયત્ન = આભ્યન્તર) ચાર પ્રકારનો જોવા મળે છે. ૧. સ્પૃષ્ટ ૨. ઈષત્સ્પૃષ્ટ ૩. વિવૃત અને ૪. સંવૃત. આમાંથી જે સ્પર્શ અક્ષરો છે. (क થી म સુધીના) તેમનો સ્પૃષ્ટ પ્રયત્ન છે. અન્તઃસ્થ વર્ણો (यवरल) નો ઈષત્સ્પૃષ્ટ પ્રયત્ન છે. ઊષ્માક્ષરો (श ष स ह) અને બધા સ્વરોને વિવૃતપ્રયત્ન છે. તથા (કેવળ) હ્રસ્વ अ વર્ણનો પ્રયોગ દરમિયાન (= લખાણ કે વાતચીતમાં) સંવૃતપ્રયત્ન છે. પરંતુ વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયા દરમિયાન (= પ્રકૃતિ + પ્રત્યયનો યોગ કરીને કોઈ રૂપની સિદ્ધિ કરતી વખતે) તે હ્રસ્વ અકાર વિવૃત પ્રયત્નવાળો જ હોય છે (એમ જાણવું.) આ છેલ્લા મુદ્દાને સૂત્રકાર પાણિનિએ પોતે જ સૂચવ્યો છે. (કેવી રીતે એ મુદ્દાને સૂચવ્યો છે ? એ સમજાવવા માટે આગળનાં બે સૂત્રોને રજૂ કરવામાં આવ્યાં છે :

(વિવૃત अ કારને સંવૃત કરનારું સૂત્ર :-)

---

* આ ચાર વર્ણો-ए ऐ ओ औ-ને 'સન્ધ્યક્ષર' કહેવામાં આવે છે. કેમકે અહીં अ + इ = ए, अ + इ = ऐ, अ + उ = ओ અને अ + उ = औ એવા બે સ્વરોની સન્ધિ થવાથી તે નિષ્પન્ન થયા છે. ए અને ऐ ના બે ઉચ્ચારણસ્થાન બતાવવાનું કારણ પણ એ જ છે કે તે બે, કંઠસ્થાનીય अ કાર અને તાલુસ્થાનીય इ કારના મિશ્રણથી જન્મે છે. એ જ પ્રમાણે, ओ અને औ ના બે ઉચ્ચારણસ્થાન બતાવવાનું કારણ પણ એ જ છે કે તે બે, કંઠસ્થાનીય अ કાર અને ઓષ્ઠસ્થાનીય उ કારના મિશ્રણથી જન્મે છે. અહીં પ્રશ્ન થાય છે કે (૧) अ + इ = ए (उप + इन्द्र = उपेन्द्र) એ તો બરોબર છે. પરંતુ अ + इ માંથી ऐ પણ નિષ્પન્ન થાય છે એમ કેવી રીતે કહ્યું છે ? (૨) अ + उ = ओ (सूर्य + उदय > सूर्योदय) થઈ શકે. પરંતુ अ + उ = औ એવું કેવી રીતે શક્ય છે ? આનો જવાબ એ છે કે વિવૃતતર अ + વિવૃતતર इ = ए, વિવૃતતમ अ + વિવૃતતમ इ = ऐ અને વિવૃતતર अ + વિવૃતતર उ = ओ, વિવૃતતમ अ + વિવૃતતમ उ = औ નિષ્પન્ન થાય છે. (જિજ્ઞાસુએ "પાણિનીય વ્યાકરણ વિમર્શ" લે. વસન્તકુમાર મ. ભટ્ટ, અમદાવાદ, ૧૯૯૪, પૃ. ૯૫-૧૦૩ જોવાં.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

१२. अ अ । ८—४—६८

विवृतम् अनूद्य संवृत: अनेन विधीयते ॥ अस्य च अष्टाध्यायीं सम्पूर्णां प्रति असिद्धत्वात्, शास्त्रदृष्ट्या विवृतत्वम् अस्ति एव ॥ तथा च सूत्रम् –

(અનુ.) સૂત્રાર્થ : "આ સૂત્રથી (પ્રક્રિયા દશામાં રહેલા) વિવૃત હ્રસ્વ अ કારનો અનુવાદ સંવૃત રૂપે થાય છે." અર્થાત્ વ્યાકરણ શાસ્ત્રની પ્રક્રિયા દરમિયાન જે હ્રસ્વ अ કાર વિવૃત હોય તેને સિદ્ધ અવસ્થામાં (= પ્રયોગ કરતી વખતે) સંવૃત બનાવી દેવામાં આવે છે. વિવૃત अ નો અનુનાદ (= પુનરુચ્ચારણ) સંવૃત अ રૂપે થાય છે.

(હવે આ अ अ । ૮—૪—૬૮ સૂત્ર પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં સૌથી છેલ્લું આવેલું હોઈને) આ સૂત્રનું સંપૂર્ણ 'અષ્ટાધ્યાયી'ની દષ્ટિએ અસિદ્ધત્વ (= ન હોવા બરાબર) હોઈને, (વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયા દરમિયાન જે હ્રસ્વ अ કાર આવેલો હોય) તે તો શાસ્ત્રદષ્ટિએ વિવૃત જ ગણાશે. (કારણ કે પાણિનિનાં વ્યાકરણશાસ્ત્રમાં બતાવેલી બધી પ્રક્રિયા પૂરી થઈ જાય = બધાં સૂત્રો લાગી જાય પછી જ, સૌથી છેલ્લે આ સૂત્રની પ્રવૃત્તિ થઈને વિવૃત अ કારંને સંવૃત બનાવવામાં આવે છે. વ્યાકરણની પ્રક્રિયા ચાલુ હોય એ દરમિયાન, વચ્ચે આ સૂત્ર પ્રવૃત્ત થઈ શકતું નથી. આથી પ્રક્રિયા દરમિયાન તો હ્રસ્વ अ કાર વિવૃત જ રહેશે.)

[પરંતુ કોઈને પ્રશ્ન થાય કે વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયા ચાલતી હોય એ **દરમિયાન** જ 'અષ્ટાધ્યાયી'નું સૌથી છેલ્લું સૂત્ર अ अ । ૮—૪—૬૮ શા માટે વહેલું ઉપસ્થિત થઈને વિવૃત अ કારને સંવૃત કરી શકતું નથી. अ अ । ૮—૪—૬૮ સૂત્રની સૌથી છેલ્લે જ ઉપસ્થિતિ/પ્રવૃત્તિ થઈ શકે એવું શા કારણે થાય છે ? - આનો જવાબ આપવા માટે નીચેનું સૂત્ર રજૂ થાય છે.]

१३. पूर्वत्रासिद्धम् । ८—२—१

(पूर्वत्र असिद्धम्)

अधिकारोऽयम् । तेन सपादसप्ताध्यायीं प्रति त्रिपादी असिद्धा, त्रिपाद्याम् अपि पूर्वं प्रति परं शास्त्रम् असिद्धम् ॥

(અનુ.) (સૂત્રાર્થ) : પૂર્વત્ર = "અષ્ટાધ્યાયીના પહેલા પૂરા સાત અધ્યાય અને આઠમા અધ્યાયના પહેલા પાદ"માં હવે પછીનો-આઠમા અધ્યાયનો બીજો, ત્રીજો અને ચોથો પાદ-ભાગ અસિદ્ધ = ન હોવા બરોબર જાણવો. (વૃત્તિકાર ભટ્ટોજિ દીક્ષિતના શબ્દોમાં કહીએ તો સૂત્રાર્થ આમ થશે :) "સપાદ-સપ્તાધ્યાયી (= આઠમા અધ્યાયના પહેલા પાદ સહિતના સાતઅધ્યાય)ની દષ્ટિએ ત્રિપાદી (આઠમા અધ્યાયનો બીજો, ત્રીજો અને ચોથો પાદ) અસિદ્ધ છે." વળી, આં સૂત્ર 'અધિકાર' પ્રકારનું છે. (એટલે ૮—૨—૧થી શરૂ કરીને अ अ । ૮—૪—૬૮ સુધીના તમામ સૂત્રોમાં; 'અષ્ટાધ્યાયી'ના અન્ત સુધી

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ ૮–૨–૧ સૂત્ર અનુવૃત્ત થાય છે.) પરિણામે ત્રિપાદીમાં આવેલાં સૂત્રોમાં પણ પૂર્વ પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પર પર સૂત્ર (શાસ્ત્ર = સૂત્ર) અસિદ્ધ થાય છે; એવું કહેવામાં આવે છે.

(વિવરણ) વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે સપાદસપ્તાધ્યાયીનાં સૂત્રો જ પહેલાં પ્રવૃત્ત થશે. કેમકે સપાદસપ્તાધ્યાયીની દૃષ્ટિએ ત્રિપાદીનાં સૂત્રો તો અસિદ્ધ છે. (अ अ – ૮–૪–૬૮ સૂત્ર ત્રિપાદીમાં આવેલું છે અને તેથી અસિદ્ધ છે.) આથી ત્રિપાદીમાં આવેલું કોઈ પણ સૂત્ર વહેલું પ્રવૃત્ત થઈ શકતું નથી. વળી, વ્યાકરણ શાસ્ત્રની પ્રક્રિયામાં એકવાર સપાદસપ્તાધ્યાયીનાં સૂત્રો લાગી ગયા પછી, જ્યારે ત્રિપાદીમાં આવેલાં સૂત્રો લાગવાનાં શરૂ થશે ત્યારે પણ अ अ । ૮–૪–૬૮ એવું પર = પાછળ (સૌથી પાછળ) આવેલું સૂત્ર પૂર્વ પૂર્વ (૮–૪–૬૭ વગેરે) સૂત્રોની દૃષ્ટિએ અસિદ્ધ છે. આથી अ अ । ८।४।६८ સૂત્ર તો બધી જ પ્રક્રિયા પૂરી થઈ જશે, પછી જ લાગી શકે, (વચ્ચે ક્યાંય તે લાગી શકશે નહીં.) આમ વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયામાં રહેલા વિવૃત હ્રસ્વ अ કારને પ્રયોગમાં સંવૃત બનાવવા માટે પાણિનિએ જ अ अ ૮–૪–૬૮ સૂત્ર રચ્યું છે તેથી; –અને વળી, पूर्वत्रासिद्धम् । ૮–૨–૧ સૂત્રથી આ अ अ ૮–૪–૬૮ સૂત્રને બીજાં બધાં– જ સૂત્રોની દૃષ્ટિએ અસિદ્ધ બનાવવામાં આવ્યું હોઈને તે પ્રક્રિયા દરમિયાન વચ્ચે પ્રવૃત્ત થઈને પણ વિવૃત अ કારને સંવૃત બનાવી શકતું નથી. આથી સાબિત થાય છે કે હ્રસ્વ अ કાર પ્રક્રિયા દશામાં વિવૃત છે, પણ પ્રયોગાવસ્થામાં તે સંવૃત પ્રયત્નવાળો થાય છે. ૮–૨–૧ સૂત્રમાં આવેલા पूर्वत्र શબ્દનો અર્થ "પૂર્વમાં" એવો થાય છે. तत्र = ત્યાં, अत्र = અહીં. આવા શબ્દોમાં જેવી રીતે त्र પ્રત્યયનો અર્થ સપ્તમી = આધાર = માં, અંદર-થાય છે-તેમ पूर्वत्र = પૂર્વે આવેલી સપાદ સપ્તાધ્યાયીમાં (ત્રિપાદીના સૂત્રો અસિદ્ધ છે.) એવો અર્થ થાય છે.

(હવે પછી વર્ણોના બાહ્ય પ્રયત્નોનું વિગતે વર્ણન કરવામાં આવે છે :-)

बाह्यप्रयत्नः तु एकादशधा । विवारः, संवारः, श्वासः, नादः, घोषः, अघोषः, अल्पाणः, महाप्राणः उदात्तः, अनुदात्तः, स्वरितः च ।

खयां यमाः खयः ꣿ क ꣿ पौ विसर्गः शर एव च ।
एते श्वासानुप्रदाना अघोषाश्च विवृण्वते ॥ १ ॥
कण्ठम्; अन्ये तु घोषाः स्युः संवृता नादभागिनः ।
अयुग्मा वर्गयमगा यणश्चाल्पासवः स्मृताः ॥ २ ॥

वर्गेषु आद्यानां चतुर्णां पञ्चमे परे मध्ये यमो नाम पूर्वसदृशो वर्णः प्रातिशाख्ये प्रसिद्धः ॥ पलिक्क्नीः । चख्ख्नतुः । अग्ग्निः । घ्घ्नन्ति । इत्यत्र क्रमेण क-ख-ग-घेभ्यः परे तत्सदृशाः एव यमाः ॥

(અનુ.) વર્ણોના બાહ્ય પ્રયત્નો અગિયાર પ્રકારના છે : ૧. વિવાર ૨. સંવાર ૩. શ્વાસ ૪. નાદ ૫. ઘોષ ૬. અઘોષ ૭. અલ્પપ્રાણ ૮. મહાપ્રાણ ૯. ઉદાત્ત ૧૦. અનુદાત્ત ૧૧. સ્વરિત.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(પરંપરાગત બે કારિકાઓ દ્વારા વર્ણોના બાહ્ય પ્રયત્નને કહેવામાં આવે છે :-)

"खय् પ્રત્યાહારના યમ, खय् પ્રત્યાહાર પોતે, જિહ્વામૂલીય ≍ क અને ≍ प, વિસર્ગ (:) તથા शर् પ્રત્યાહારમાં આવેલા વર્ણોના બાહ્ય પ્રયત્નો શ્વાસ અને અઘોષ છે, તથા એમના ઉચ્ચારણ વખતે કંઠ વિકસે છે. અર્થાત્ તેઓ વિવાર પ્રયત્નવાળા પણ છે." (૧) "બાકીના, અન્ય વર્ણો-જેવા કે, खय् ભિન્ન हश् પ્રત્યાહાર, हश् સંબંધી યમ, અનુસ્વાર અને સ્વર (अच्)-એમના બાહ્ય પ્રયત્ન ઘોષ, સંવાર (કંઠનો સંકોચ થવો) અને નાદ છે." (૨અ). "અયુગ્મ અર્થાત્ દરેક વર્ગના પ્રથમ, તૃતીય અને પંચમ વર્ણો, દરેક વર્ગના પ્રથમ અને તૃતીય વર્ણોના યમ, અને यण् પ્રત્યાહારમાં આવેલા વર્ણોને અલ્પપ્રાણ કહેવામાં આવ્યા છે." (૨બ).

(ઉપરની કારિકાઓમાં યમ શબ્દ વપરાયો છે, તેની સમજૂતી રજૂ કરવામાં આવે છે :-) क વગેરે વર્ગોના આદ્ય ચાર વર્ણોની પાછળ કોઈ પણ વર્ગનો પંચમ વર્ણ (= અનુનાસિક વર્ણ) રહેલો હોય ત્યારે, તે બેની વચ્ચે પૂર્વસદૃશ અર્થાત્ પંચમ વર્ણની આગળ જે વર્ણ આવેલો હોય તેના જેવો જ, બીજો એક) વર્ણ ઉમેરાય છે. આ નવા ઉમેરાયેલા વર્ણને વેદના પ્રાતિશાખ્યોમાં યમ નામ આપવામાં આવ્યું છે. દા. ત., पलिक्नीः > पलिक्क्नीः । चख्नतुः > चख्ख्नतुः । अग्नि > अग्ग्नि । घ्नन्ति > घ्घ्नन्ति ॥ આ ચારેય ઉદાહરણોમાં ક્રમશઃ क् ख् ग् घ् વર્ણોની પાછળ त વર્ગનો પંચમ વર્ણ = અનુનાસિક न કાર રહેલો છે, આથી તે બેની વચ્ચે એક એક નવો क् ख् ग् घ् ઉમેરાયો છે. આ નવા ઉમેરાયેલા क् વગેરેને 'યમ' કહે છે.

तत्र वर्गाणां प्रथमद्वितीयाः खयः तथा तेषामेव यमाः, जिह्वामूलीय–उपध्मानीयौ, विसर्गः, शषसाः च इति एतेषां विवारः श्वासः अघोषः च ॥ अन्येषां तु संवारः नादः घोषः च ॥ वर्गाणां प्रथमतृतीयपञ्चमाः प्रथमतृतीययमौ यरलवाः च अल्पप्राणाः । अन्ये महाप्राणा इत्यर्थः ॥

बाह्यप्रयत्नाश्च यद्यपि सवर्णसंज्ञायाम् अनुपयुक्ताः । तथापि आन्तरतम्यपरीक्षायाम् उपयोक्ष्यन्ते इति बोध्यम् । कादयो मावसानाः स्पर्शाः । यरलवाः अन्तस्थाः । शषसहाः ऊष्माणः । अचः स्वराः । ≍ क ≍ प इति कपाभ्यां प्राग् अर्धविसर्गसदृशौ जिह्वामूलीय-उपध्मानीयौ । अं अः इति अचः परौ अनुस्वार-विसर्गौ । इति स्थानप्रयत्नविवेकः ॥

(અનુ.) આ વર્ણોના સમૂહમાંથી (૧) खय् (खफछठथचटतव् ११। कपय् १२।) પ્રત્યાહારમાં આવી જતા દરેક (क વગેરે) વર્ગોના પ્રથમ-દ્વિતીય વર્ણો; તથા તેમના જ યમ; વળી જિહ્વામૂલીય, ઉપધ્માનીય, વિસર્ગ અને श ष स–એટલા વર્ણોના જ વિવાર, શ્વાસ અને અઘોષ બાહ્યપ્રયત્ન છે. (૨) બાકીના વર્ણોના (અર્થાત્ हश् પ્રત્યાહાર = દરેક વર્ગના ત્રીજા, ચોથા અને પાંચમા વર્ણો, अच् = બધા સ્વરો, અને અનુસ્વારના) સંવાર, નાદ અને ઘોષ બાહ્ય પ્રયત્નો છે. (૩) દરેક વર્ગના પ્રથમ, તૃતીય પંચમ વર્ણો,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તથા તે પ્રથમ-તૃતીયના યમ અને य र ल व (ચાર અન્તઃસ્થો) અલ્પપ્રાણ છે, જ્યારે બાકી રહેલા (= દરેક વર્ગના દ્વિતીય અને ચતુર્થ વર્ણો, તેમના યમ; श ष स ह; અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય મહાપ્રાણ પ્રયત્નવાળા છે.

જો કે બાહ્ય પ્રયત્નો 'સવર્ણ' સંજ્ઞા કરતી વખતે ઉપયોગી બનતાં નથી (= ઉપયોગમાં લેવામાં આવતા નથી); તો પણ (બે વર્ણોના સાદૃશ્યની) આન્તરતમ્ય પરીક્ષામાં તે ઉપયોગી થશે એ દૃષ્ટિએ તે જાણવા જોઈએ : - (૧) क થી શરૂ કરીને म સુધીના વ્યંજનો 'સ્પર્શ' છે. (૨) य र ल व 'અન્તઃસ્થ' છે. (૩) श ष स ह 'ઊષ્માક્ષર' છે. (૪) अच् (= अ इ उ ऋ लृ ए ओ ऐ औ) 'સ્વર' છે. (૫) ≍ क ≍ प એ પ્રમાણે क કાર અને प કારની પૂર્વે જે અર્ધવિસર્ગ જેવાં જે ચિહ્નો છે તેને (ક્રમશઃ) 'જિહ્વામૂલીય' (≍ क) અને 'ઉપધ્માનીય' (≍ प) કહે છે. अं અને अः — એ પ્રમાણે अ સ્વરની પાછળ જે નિશાનીઓ છે તેને (અનુક્રમે) 'અનુસ્વાર' અને 'વિસર્ગ' કહે છે. આ પ્રમાણે, સ્વર અને વ્યંજનના સ્થાનપ્રયત્નનો વિવેક (= ભેદ) જાણવો જોઈએ.

*** ऋ-लृ—वर्णयोः मिथः सावर्ण्यं वाच्यम् । * । अकार-हकारयोः, इकार-शकारयोः, ऋकार-षकारयोः, लृकार-सकारयोः च मिथः सावर्ण्ये प्राप्ते-**

(અનુ.) (કાત્યાયનનું એક વાર્તિક છે : -) "ऋ કાર અને लृ કાર-એ બે વર્ણોની પરસ્પરની 'સવર્ણ' સંજ્ઞા થાય છે" એમ કહેવું જોઈએ.

હવે 'સવર્ણ' સંજ્ઞા કરનાર तुल्यास्यप्रयत्नं सर्वणम् । १—१—९ સૂત્રનો સ્વીકાર કરવાથી નીમ્નોક્ત પરિસ્થિતિ ઊભી થાય છે. જેમ કે (૧) अ કાર અને ह કારની, (૨) इ કાર અને श કારની, (૩) ऋ કાર અને ष કારની તથા (૩) लृ કાર અને स કારની પરસ્પર (મિથઃ) 'સવર્ણ' સંજ્ઞા થવા આવે છે.

(વિવરણ) तुल्यास्यप्रयत्नं सर्वणम् १—१—९ સૂત્રથી 'જે બે વર્ણોના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તેમની પરસ્પરની 'સવર્ણ' સંજ્ઞા કરવામાં આવી હતી. પરંતુ કયા કયા વર્ણોની સવર્ણસંજ્ઞા થાય છે ? એ જાણવા માટે સૌથી પહેલાં દરેક વર્ણોના ઉચ્ચારણસ્થાન અને પ્રયત્ન જાણવા અનિવાર્ય હતાં. આથી એ જ સૂત્રની વૃત્તિમાં ભટ્ટોજિ દીક્ષિતે સ્થાન અને પ્રયત્નનું વર્ણન કર્યું છે.

દરેક વર્ણોના સ્થાન-પ્રયત્નનું વર્ણન કરતી વખતે હ્રસ્વ अ કારના પણ સ્થાન પ્રયત્ન વર્ણવવાં જરૂરી ગણાય. પરંતુ આ હ્રસ્વ अ કારનું ઉચ્ચારણ પ્રયત્ન બે જુદી જુદી જગ્યાએ જુદા જુદા પ્રકારનું પ્રાપ્ત થાય છે. (તેના ઉચ્ચારણસ્થાન બાબતે દ્વૈવિધ્ય પ્રવર્તતું નથી, તે હંમેશા કંઠ-સ્થાનીય જ છે. પ્રશ્ન છે કેવળ તેના ઉચ્ચારણ પ્રયત્ન અંગેનો.) આથી તે વિશેષ સ્પષ્ટતાની જરૂર છે. જેમ કે, (૧) વ્યાકરણ શાસ્ત્રની પ્રક્રિયામાં = પ્રકૃતિ + પ્રત્યયના યોગથી કોઈ રૂપની સિદ્ધિ કરતી વખતે, તે હ્રસ્વ अ કાર વિવૃત પ્રયત્નવાળો હોય છે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને (૨) એકવાર રૂપની સિદ્ધિ થઈ ગયા પછી, તે રૂપ જ્યારે પ્રયોગમાં (શબ્દવ્યવહારમાં) આવે છે ત્યારે તો હ્રસ્વ अ કાર સંવૃત પ્રયત્નવાળો હોય છે. આ વિશેષ સ્પષ્ટીકરણ શાને આધારે પ્રાપ્ત થાય છે ? - તે બતાવવા માટે ભટ્ટોજિ દીક્ષિતે ૧૨. अ अ । ૮–૪–૬૮ અને ૧૩. पूर्वत्रासिद्धम् । ૮–૨–૧ સૂત્રનો રજૂ કર્યા છે. આ (૧૩ મું) સૂત્ર આમ તો 'અષ્ટાધ્યાયી'ની ગ્રન્થવ્યવસ્થા ઉપર પ્રકાશ પાડનારું છે, એથી કોઈને વિષયાન્તર લાગે; પણ ભટ્ટોજિ દીક્ષિતે પોતે જે હ્રસ્વ अ કારના ઉચ્ચારણ પ્રયત્ન અંગે દ્વૈવિધ્ય નોંધ્યું છે તે સાધાર છે–પાણિનિને અભિપ્રેત છે એ બતાવવા માટે જ આ બે સૂત્રોને અહીં રજૂ કર્યા છે.

ભટ્ટોજિ દીક્ષિતે એકવાર પોતાનું (ઉપર્યુક્ત) કથન સાધાર છે એમ બતાવી દીધા પછી તરત જ વર્ણોના બાહ્યપ્રયત્ન જે વર્ણવવાનાં બાકી હતાં તેને ફરીથી શરૂ કરે છે. હવે જ્યારે इति स्थानप्रयत्नविवेकः । એ વાક્યથી વર્ણોના સ્થાનપ્રયત્નની ચર્ચા પૂરી થાય છે. એટલે ફરી પાછો ૧૧ तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧–૧–૯ સૂત્રોક્ત 'સવર્ણ' સંજ્ઞાનો વિષય જોડાઈ જાય છે, શરૂ થાય છે. આ સન્દર્ભમાં, વાર્ત્તિકકાર કાત્યાયને એક વાર્ત્તિક રજૂ કર્યું છે કે ऋ કાર અને ऌ કારની પરસ્પર 'સવર્ણ' સંજ્ઞા થાય છે. જો કે ऋ કાર મૂર્ધસ્થાનીય છે અને ऌકાર દન્તસ્થાનીય છે. આથી तुल्यास्यप्रयत्नं० ૧–૧–૯ એવા પાણિનિના સૂત્રથી તો તે બે સ્વરોની 'સવર્ણ' સંજ્ઞા થઈ શકશે નહીં (કેમ કે બન્નેના ઉચ્ચારણ સ્થાન અલગ અલગ છે.) પરંતુ તે બે સ્વરોના ઉચ્ચારણસ્થાન ભિન્ન હોવા છતાંય અમુક શાસ્ત્રીય કાર્યો કરવા માટે તેમની 'સવર્ણ' સંજ્ઞા કરવી જરૂરી છે. આથી કાત્યાયને એક વાર્ત્તિક રચીને તે બે સ્વરોને પરસ્પરના સવર્ણી જાહેર કર્યા છે.

◆ ◆ ◆

પાણિનિએ ૧૧ तुल्यास्यप्रयत्नं सवर्णम् ૧–૧–૯ સૂત્રથી કહ્યું છે કે જે બે વર્ણોના ઉચ્ચારણસ્થાન અને પ્રયત્ન એક સરખાં હોય તેમની પરસ્પરની 'સવર્ણ' સંજ્ઞા થાય છે. દા. ત., इ કાર અને ई કાર એ બન્નેના ઉચ્ચારણ સ્થાન તાલુ છે અને પ્રયત્ન વિવૃત એકસરખાં છે. આથી તેઓ પરસ્પરના 'સવર્ણી' કહેવાશે. અથવા તો ग કાર અને घ કારનું ઉચ્ચારણસ્થાન કંઠ છે અને પ્રયત્ન સ્પૃષ્ટ એકસરખાં છે. આથી તે બે વર્ણો પણ પરસ્પરના સવર્ણી કહેવાશે. પરંતુ આ સૂત્રની અન્યત્ર પણ પ્રવૃત્તિ શક્ય છે. જેમ કે, એક સ્વર હોય અને એક વ્યંજન હોય; અને જો તેમના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હશે તો પાણિનિના ઉપર્યુક્ત સૂત્ર (૧–૧–૯) મુજબ તે બન્નેની પણ (પરસ્પર) સવર્ણસંજ્ઞા થઈ શકશે. (આવી એક સ્વર અને એક વ્યંજનની જો 'સવર્ણ' સંજ્ઞા થાય તો તે ઇષ્ટ નથી.) દા. ત., (૧) अ કાર અને ह કારની (૨) इ કાર અને श કારની (૩) ऋ કાર અને ष કારની તથા (૪) ऌ કાર અને स કારની પરસ્પર સવર્ણસંજ્ઞા થવા આવશે. જો આવી સવર્ણ સંજ્ઞા થવા દઈશું તો –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧) दधि + हरति અહીં अ કાર અને ह કારની જો સવર્ણસંજ્ઞા થવા દઈશું = માન્ય રાખીશું તો પાણિનિના इको यणचि ૬–૧–૭૭ એવા સૂત્રથી दध्यूहरति એવી ખોટી સન્ધિ થઈ જશે. કારણ કે इको यणचि ૬–૧–૭૭ સૂત્ર કહે છે કે જો अच् (સ્વર) પરમાં રહે તો, તેની પૂર્વે આવેલા इ ના સ્થાનમાં य् આદેશ થાય છે. (જેમ કે, सुधी + उपास्य > सुध्य् + उपास्यः > सुध्युपास्यः ।।) अच् પ્રત્યાહારમાં अ થી च् સુધી જતાં આમ તો કોઈ વ્યંજન વચ્ચે આવતો નથી. પરંતુ જો तुल्यास्यप्रयत्नं सवर्णम् ૧–૧–૯ સૂત્રથી, अ કાર અને ह કારના ઉચ્ચારણસ્થાન અને પ્રયત્ન (કંઠ-વિવૃત) એકસરખાં હોવાથી સવર્ણસંજ્ઞા કરીશું તો ह કારને પણ अच् (= સ્વર) કહેવાશે, અને જો ह ને अच् ગણાશે તો તે ह ની પૂર્વે આવેલા इ ના સ્થાનમાં इको यणचि ૬–૧–૭૭ સૂત્રથી य् પણ થઈ જશે. જેમકે, दधि + हरति > दध्य् हरति ।। આવું થાય તે અનિષ્ટ છે.

(૨) दधि + शीतलम् । અહીં इ કાર અને श કારની જો સવર્ણસંજ્ઞા થવા દઈશું તો પાણિનિના अकः सवर्णे दीर्घः ૬–૧–૧૦૧ સૂત્રથી दधीतलम् એવી ખોટી સન્ધિ થઈ જશે. કારણ કે अकः सवर्णे दीर्घः ૬–૧–૧૦૧ સૂત્ર કહે છે કે જો સવર્ણ अच् પરમાં રહે (દા.ત., अ ની પાછળ अ, इ ની પાછળ इ) તો તે બન્નેના સ્થાનમાં (પૂર્વપરના સ્થાનમાં) સવર્ણદીર્ઘ રૂપી એક-આદેશ થઈ જાય છે. (જેમ કે, हरि + इन्द्रः > हरीन्द्रः). હવે જો इ કાર અને श કારના ઉચ્ચારણસ્થાન અને પ્રયત્ન (તાલુ અને વિવૃત) એકસરખાં હોવાથી તે બેની સવર્ણસંજ્ઞા થવા દઈશું તો, इ = श કહેવાશે. પરિણામે अकः सवर्णे दीर्घः ૬–૧–૧૦૧ સૂત્રથી, दधि = शीतलम् આ ઉદાહરણમાં इ ની પાછળ श હોવા છતાંય તે इ જ છે એમ માનીને તે બન્ને (इ + श्) ના સ્થાનમાં દીર્ઘ ई કાર રૂપી એક-આદેશ થઈ જશે > दधीतलम् । આવું થાય તે અનિષ્ટ છે.

(૩) दधि + षष्ठम् । આ ઉદાહરણમાં પણ, ऋ કાર અને ष કારના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન (મૂર્ધા-વિવૃત) એક સરખા હોવાથી સવર્ણસંજ્ઞા થવા દઈશું તો પૂર્વોક્ત इको यणचि ૬–૧–૭૭ સૂત્રથી दध्य् षष्ठम् એવી ખોટી સન્ધિ થઈ જશે. કારણ કે इको यणचि ૬–૧–૭૭ સૂત્ર કહે છે કે अच् (સ્વર) પરમાં હોય તો इ ના સ્થાનનાં य् આદેશ થાય છે. અહીં दधि + षष्ठम्માં षकार ऋ કારનો સવર્ણી થશે તો, ष = ऋ = अच् પરમાં છે એવું કહેવાશે અને પરિણામે इको यणचि ૬–૧–૯૭ સૂત્ર લાગીને दध्यषष्ठम्। એવી અનિષ્ટ સન્ધિ થઈ જશે.

(૪) दधि + सान्द्रम् । આ ઉદાહરણમાં પણ, જો लृ કાર અને स કારની, ઉચ્ચારણસ્થાન અને પ્રયત્ન (દન્ત અને વિવૃત) એકસરખાં હોવાથી 'સવર્ણ' સંજ્ઞા થવા દઈશું તો स = लृ = अच् કહેવાશે અને પરિણામે इको यणचि ૬–૧–૭૭ સૂત્રથી दध्यसान्द्रम् । એવી અનિષ્ટ સન્ધિ થઈ જશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આમ, એક સ્વર અને એક વ્યંજનની, (ભલે તેમના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તો પણ) 'સવર્ણ' સંજ્ઞાને જો રોકવામાં નહીં આવે તો ભાષામાં કેટલીક ખોટી (અનિષ્ટ) સન્ધિઓ કરવી પડશે. આવી અનિષ્ટ જન્માવનારી સવર્ણસંજ્ઞાઓનો નિષેધ કરવા માટે નીચે એક સૂત્ર રજૂ કરવામાં આવે છે :

१४. नाऽऽज्झलौ । १–१–१०

(न आ-अच्-हलौ)

आकारसहितोऽच् आच्, स च हल् च इति एतौ मिथः सवर्णौ न स्तः ॥ तेन 'दधि' इति अस्य हरति, शीतलम्, षष्ठम्, सान्द्रम् इति एतेषु परेषु यणादिकं न । अन्यथा दीर्घादीनाम् इव हकारादीनाम् अपि ग्रहणकशास्त्रबलाद् अच्त्वं स्यात् । तथाहि –

(અનુ.) आ કાર સહિતનો अच् (आ + अच्) = आच् કહેવાય છે. (સૂત્રાર્થ:) "आच् અને हल् અર્થાત્ आ કાર, अच् = સ્વર અને हल् = વ્યંજન-પરસ્પરના સવર્ણ થતા નથી." (આમ એક સ્વર અને એક વ્યંજન, તેમના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોવા છતાંય પરસ્પરના સવર્ણી થતા નથી.)

આથી (૧) दधि + हरति (૨) दधि + शीतलम् (૩) दधि + षष्ठम् અને (૪) दधि + सान्द्रम्-એ ઉદાહરણોમાં ह, श, ष અને स પરમાં રહેવા છતાંય (તેમનો अच् = સ્વર રૂપે સ્વીકાર નહીં થવાથી) (इको यणचि ६–१–७७ વગેરે સૂત્રથી) यण् (અને સવર્ણ દીર્ઘ-६–१–१०१) જેવાં કાર્યો થઈ શકશે નહિ.

જો આ પ્રસ્તુત (१–१–१०) સૂત્રથી तुल्यास्यप्रयत्नं सवर्णम् १–१–९ સૂત્રનો પ્રવૃત્તિપ્રદેશ સંકુચિત નહીં કરવામાં આવે તો-હ્રસ્વ अ કારથી (સવર્ણસંજ્ઞાનો આશ્રય લઈને) જેવી રીતે દીર્ઘ आ કારનું પણ ગ્રહણ થાય છે, એવી રીતે अ કારથી ह કાર વગેરેનું (= इ કારથી श કાર, ऋ કારથી ष કાર અને ऌ કારથી स કારનું) પણ 'ગ્રહણકશાસ્ત્ર'ના બળથી (= अणुदित्० १–१–६१ સૂત્રના બળથી) अच् (સ્વર) રૂપે ગ્રહણ થશે. જેમ કે, (ગ્રહણકશાસ્ત્ર નીચે મુજબ છે :)

(વિવરણ) અગાઉ આપણે જોયું હતું કે दधि + हरति/शीतलम्/षष्ठम्/सान्द्रम् જેવાં ઉદાહરણોમાં, પૂર્વોક્ત એક એક સ્વર અને એક એક વ્યંજનની સવર્ણસંજ્ઞા થવાથી અનિષ્ટાપત્તિ થાય છે. આને દૂર કરવા માટે સૂત્રકાર પાણિનિએ પોતે જ नाज्झलौ । १–१–१० એવું સૂત્ર રજૂ કર્યું છે. આ સૂત્રથી अच् (સ્વર) અને हल् (વ્યંજન)ના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોવા છતાંય, તેમની પરસ્પર સવર્ણસંજ્ઞા થતી નથી. અર્થાત્ સ્વર અને વ્યંજન પરસ્પરના સવર્ણી કહેવાતા નથી. જો તેમની સવર્ણસંજ્ઞા નહીં થાય (તેઓ પરસ્પરના સવર્ણી નહીં કહેવાય) તો પૂર્વોક્ત અનિષ્ટ સન્ધિ પણ થઈ શકશે નહિ. આમ આ બીજું સૂત્ર રજૂ થવાથી જ પરિસ્થિતિ (= સવર્ણસંજ્ઞાનો પ્રવૃત્તિપ્રદેશ) અદોષ બને છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ 'સંજ્ઞા-પ્રકરણ'માં અનેક સંજ્ઞાઓ રજૂ કરવામાં આવશે. તેમાંથી પ્રસ્તુત (સવર્ણ) સંજ્ઞા ખૂબ જ મહત્ત્વની છે. કેમ કે તેના આધારે જ ઘણી બધી સન્ધિઓ થાય છે. આથી ૧૧ तुल्यास्यप्रयत्नं सवर्णम् । १–१–९ અને ૧૪. नाज्झलौ । १–१–१० એવાં બે સૂત્રોથી સવર્ણસંજ્ઞા કોની કોની થાય અને કોની કોની ન થાય? એ સ્પષ્ટપણે બતાવવામાં આવ્યું છે :

तुल्यास्यप्रयत्नं सवर्णम् । १–१–९થી –

(૧) એક સ્વરની બીજા સ્વરની સાથે સવર્ણસંજ્ઞા થાય, જો તે બે સ્વરોના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તો.

(૨) એક વ્યંજનની બીજા વ્યંજનની સાથે સવર્ણસંજ્ઞા થાય, જો તે બે વ્યંજનોના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તો.

પરંતુ नाज्झलौ । १–१–१० સૂત્રથી –

(૩) એક સ્વર અને એક વ્યંજનના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તો પણ, તે બે પરસ્પરના સવર્ણ બની શકતા નથી.

O O O

नाज्झलौ । १–१–१० સૂત્રની વૃત્તિમાં ભટ્ટોજિ દીક્ષિતે લખ્યું છે કે आ कारसहितोऽच् = आच्; स च हल् च इति एतौ (आज्झलौ) मिथः सवर्णौ न स्तः ॥ "आ કાર સહિતનો अच् એટલે કે (आ + अच्) = आच्, તે અને हल् પરસ્પરના સવર્ણી થતા નથી." અહીં પાણિનિના नाज्झलौ । १–१–१० સૂત્રની સન્ધિ છૂટી પાડતી વખતે न अच् हलौ એવા ત્રણ પદો નથી, પરન્તુ न आ अच् हलौ એવા ચાર પદો છે એમ સમજવાનું છે. આથી ભટ્ટોજિ દીક્ષિતે વૃત્તિમાં લખ્યું છે કે आ કાર સહિતનો अच् (= आच्) અને हल् પરસ્પરના સવર્ણી થતા નથી. આમ સૂત્રનો સન્ધિચ્છેદ કરતી વખતે आ ને પણ છૂટો પાડવામાં આવે છે (= आ કારનો પણ 'પ્રશ્લેષ' કરવામાં આવે છે) એ મુદ્દો નોંધપાત્ર છે.

(૧) અહીં કોઈને પ્રશ્ન થાય કે नाज्झलौ । १–१–१० સૂત્રમાં न अच् हलौ એવા ત્રણ પદો જ વાંચવામાં આવે તો શું વાંધો છે? તેમાં आ કાર પણ જોડવામાં આવ્યો છે એવું શા માટે સ્પષ્ટપણે કહેવું પડે છે? કેમ કે સૂત્રકારે જે अच् એવું એક પદ મૂક્યું છે તેનાથી જ अ इ उ વગેરે બધા સ્વરોનો અને ગર્ભિત રીતે તેમના आ ई ऊ જેવા દીર્ઘભેદોનો પણ ઉલ્લેખ સમજી લઈશું. આમ नाज्झलौ १–१–१० સૂત્રમાં न आ अच् हल् એવાં ચાર પદો વાંચવાનો વિશેષ યત્ન કરીને, आ કારનો પણ જુદો ઉલ્લેખ થયો છે એવું શા માટે કહેવું પડે છે? આ પ્રશ્નનો જવાબ નીચેના સૂત્રની ચર્ચામાં (વૃત્તિમાં) આપવામાં આવશે.

(૨) અહીં એક બીજો પ્રશ્ન પણ વિચારણીય છે : तुल्यास्यप्रयत्नं सवर्णम् । १–१–९ સૂત્રથી એક સ્વર અને એક વ્યંજનની (અલબત્ત, જો તે બેના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તો) પરસ્પર સવર્ણસંજ્ઞા થવા દઈશું, તો પણ શું વાંધો છે?

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ પ્રશ્નનું તાત્પર્ય એ છે કે કોઈ બે વર્ણોની સવર્ણસંજ્ઞા થવા છતાંય, કોઈ એક વર્ણને બદલે તેનો સવર્ણ વર્ણ કેવી રીતે પકડી શકાશે ? એક વર્ણ (अ કાર)ના બદલે તેના બીજા સવર્ણ વર્ણ (ह કાર)નું ગ્રહણ શી રીતે થઈ શકશે ? એક વર્ણને બદલે બીજા વર્ણનું ગ્રહણ કરવા માટે સવર્ણસંજ્ઞા સિવાય/ઉપરાંત બીજું કોઈ વિશેષ વિધાન (સૂત્ર) છે ખરું ? આ પ્રશ્નનો જવાબ નીચેના સૂત્રથી આપવામાં આવે છે. એટલે કે કોઈ બે વર્ણોની સવર્ણસંજ્ઞા થયા પછી, (તે સવર્ણસંજ્ઞાના નિમિત્તે જ) એક વર્ણથી તેના બીજા સવર્ણ વર્ણનું ગ્રહણ થઈ શકે છે એવું કહેનાર સૂત્ર નીચે રજૂ કરવામાં આવે છે :

१५. अणुदित्सवर्णस्य चाप्रत्ययः । १–१–६९

(अण्-उदित् सवर्णस्य च अप्रत्ययः)

प्रतीयते = विधीयते इति प्रत्ययः ॥ अविधीयमानः अण् उदित् च सवर्णस्य संज्ञा स्यात् ॥ अत्र एव 'अण्' परेण णकारेण । कु चु टु तु पु-एते उदितः । तदेवम्-अ इति अष्टादशानां संज्ञा । तथा इकार-उकारौ । ऋकारः त्रिंशतः । एवं लृकारः अपि । एचः द्वादशानाम् ॥

एद्-ऐतोः, ओद्-औतोः च न मिथः सावर्ण्यम्; ऐऔच् (माहे. सू० ४) इति सूत्रारम्भसामर्थ्यात् । तेन एचः चतुर्विंशतेः संज्ञाः स्युः इति न आपादनीयम् ॥

(અનુ.) પ્રતીયમાન = વિધીયમાન (અર્થાત્ જેનું વિધાન કરવામાં આવે છે તેને) 'પ્રત્યય' કહે છે. (સૂત્રાર્થ:) "જેનું વિધાન કરવામાં આવ્યું નથી; અર્થાત્ પ્રત્યય સ્વરૂપે નહીં આવેલો (= પ્રત્યયભિન્ન) अण् (= अ इ उ ऋ लृ ए ओ ऐ औ ह य व र ल) અને उदित् (જેમાંથી उ કારની इत् સંજ્ઞા થાય છે તેને उदित् કહેવાય છે. દા. ત., कु चु टु तु पु એ દરેક उदित् છે.) વર્ણો પોતાના સવર્ણોની સંજ્ઞા થાય છે." (અર્થાત્ अण् અને उदित् પોતપોતાના સવર્ણ વર્ણોના ગ્રાહક છે. દા. ત., अण् માં આવેલો अ કાર પોતાના હ્રસ્વ–દીર્ઘાદિ અઢારેય ભેદોનું ગ્રહણ કરે છે.)

આ સૂત્રમાં ઉલ્લેખાયેલ अण् પ્રત્યાહાર अइउण् ૧ના ण् કાર સુધી નહીં લેતા, लण् ६ । ના ण् કાર સુધી (એટલે કે પર ण् કાર સુધી) લેવાનો છે. એ જ પ્રમાણે, (उदित् કોને કહેવાશે ? તો) कु चु टु तु पु એમને उदित् કહેવાય છે.

હવે આ સૂત્ર મુજબ अ કાર પોતાના અઢારેય ભેદોની સંજ્ઞા થાય છે. (બીજા શબ્દોમાં કહીએ તો अ સંજ્ઞા છે અને તેના હ્રસ્વાદિ અઢાર ભેદો સંજ્ઞીઓ છે. આથી જ્યારે अ સંજ્ઞાનું ઉચ્ચારણ કરવામાં આવશે ત્યારે અઢારેય સંજ્ઞીઓ ઉપસ્થિત થશે. આમ अ સંજ્ઞા તેના અઢારેય ભેદોનું ગ્રહણ કરાવે છે એમ કહેવાશે.) એ જ પ્રમાણે, इ કાર અને उ કાર પણ પોતાના ૧૮-૧૮ ભેદોની સંજ્ઞા થાય છે (= અઢાર ભેદોનું ગ્રહણ કરાવે છે. ऋ કાર (પોતાના અઢાર ભેદ અને लृ કારના બાર ભેદો મળી કુલ)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ત્રીસ ભેદોનું ગ્રહણ કરાવે છે. એવી જ રીતે लृ કાર પણ ત્રીસ ભેદોનું ગ્રહણ કરાવે છે. एच् (ए ओ, ऐ औ) વર્ણો પોતાના બાર–બાર ભેદોનું ગ્રહણ કરાવે છે. (કેમ કે ए કાર વગેરેના છ હ્રસ્વભેદો હોતા નથી.)

ए કાર અને ऐ કાર; તથા ओ કાર અને औ કાર પરસ્પરના સવર્ણી નથી. કારણ કે પાણિનિએ માહેશ્વર સૂત્રોમાં ('एओङ्।' એવું એક જ સૂત્ર નહીં બનાવતાં), (एओङ्। થી અલગ) ऐऔच् । એવું સૂત્ર પણ બનાવ્યું છે. પરિણામે "ए કાર, ओ કાર, ऐ કાર અને औ કાર ૨૪-૨૪ ભેદોની સંજ્ઞા થાય છે" એવું નહીં કહી શકાય.

(વિવરણ) આ સૂત્રને 'ગ્રહણક શાસ્ત્ર' કહેવામાં આવે છે. આ સૂત્રથી, પૂર્વોક્ત પ્રશ્ન [2] નો જવાબ મળી જાય છે. આ સૂત્રનો અર્થ અને તેની પ્રવૃત્તિ વિશે વિચારીએ તે પહેલાં તેમાંના अण् અને उदित् શબ્દોને સમજવા જરૂરી છે : अण् એક સંજ્ઞા (પ્રત્યાહાર) છે. आदिरन्त्येन सहेता । સૂત્રની મદદથી એક આદિ વર્ણ લઈને, તેની પાછળ કોઈ (અન્ત્ય) इत् સંજ્ઞક हल् (વ્યંજન) જોડવામાં આવે તો આવી સંજ્ઞાઓ (દા.ત., अच्, हल् વગેરે પ્રત્યાહારો) બનતી હોય છે. એવી રીતે આ સૂત્રમાં પાણિનિએ अण् સંજ્ઞા બનાવીને વાપરી છે. પરંતુ અહીં સંદેહ થવાની શક્યતા છે કેમ કે માહેશ્વર સૂત્રોમાં બે વાર ण् કારને અનુબન્ધ રૂપે (અન્ત્ય इत् સંજ્ઞક વર્ણ તરીકે) જોડ્યો છે. એક તો अइउण् १ । માં અને બીજો लण् ६ । સૂત્રમાં ण् કાર છે.

આથી अण् કહેવામાં આવે ત્યારે अ થી શરૂ કરીને કયા ण् કાર સુધી જવાનું ? એટલે કે अण् = अ इ उ સમજવાના કે अण् = अ इ उ ऋ लृ ए ओ ऐ औ ह य व र ल સમજવાના ? આ સંદેહની નિવૃત્તિ કરવા માટે ભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે अणुदित्सवर्णस्य चाप्रत्ययः १–१–६९ સૂત્રમાં જ્યાં अण् સંજ્ઞા (પ્રત્યાહાર) વાપરી છે ત્યાં પર ण् કાર સુધી (लण् ६ । ના ण् કાર સુધી) अण् સમજવાનો છે તથા 'અષ્ટાધ્યાયી'ના બીજા કોઈ પણ સૂત્રમાં જો अण् પ્રત્યાહાર વપરાયો હોય તો તે બધી જગ્યાએ પૂર્વ ण् કાર સુધી (= अइउण् ૧ના ण् કાર સુધી) જ अण् સમજવાનો છે. (આવો જ સન્દેહ इण् પ્રત્યાહાર માટે પણ થઈ શકે છે. એ સન્દર્ભમાં; પતંજલિએ કહ્યું છે કે इण् સર્વત્ર પર ण् કાર સુધી સમજવાનો છે.) આ મુદ્દાને શ્લોકબદ્ધ પણ કરવામાં આવ્યો છે :

परेण एव 'इण्' ग्रहाः सर्वे, पूर्वेण एव 'अण्' ग्रहा मताः ।
ऋते "ऽणुदित्सवर्णस्य" इति एतद् एकं परेण तु ॥

હવે उदित् કોને કહેવાય ? એની ચર્ચા કરીશું. "જેમાં उ કારની इत् સંજ્ઞા થાય તેને उदित् કહેવાય છે." દા. ત., कु चु टु तु पु એ રીતે क વગેરે વ્યંજનોનો ઉલ્લેખ થાય છે. એટલે કે कु = क વર્ગ (कखगघङ) નો બોધ થાય છે. चु = च વર્ગ (च छ ज झ ञ) વગેરેનો બોધ થાય છે. અહીં कु चु વગેરેમાંના उ કારની इत् સંજ્ઞા થાય છે, આથી તેમને उदित् કહે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રસ્તુત સૂત્ર કહે છે કે-પ્રત્યય સ્વરૂપે જ્યારે अण् નો (કે उदित् નો) ઉલ્લેખ ન થયો હોય ત્યારે, (બીજા શબ્દોમાં કહીએ તો 'સ્થાનિ' કે 'આદેશ' સ્વરૂપે अण् કે उदित् નો ઉલ્લેખ થયો હોય ત્યારે) તે अण् (અને उदित्) પોતાના સવર્ણભેદોની સંજ્ઞા થાય છે. પરિણામે જ્યારે સંજ્ઞાનું ઉચ્ચારણ કરવામાં આવશે ત્યારે સંજ્ઞીની ઉપસ્થિતિ થશે. દા. ત., 'દેવદત્ત' એવી સંજ્ઞા વાપરવાથી લોહીમાંસનો બનેલ દેહપિંડ = સંજ્ઞી ઉપસ્થિત થાય છે. તેવી રીતે अ કાર જો પોતાના સવર્ણભેદોની સંજ્ઞા હોય તો, સૂત્રકાર જ્યારે (પ્રત્યયભિન્ન અર્થાત્ 'સ્થાનિ' કે 'આદેશ' રૂપે) अ કાર ઉચ્ચારાશે ત્યારે તે સંજ્ઞાથી અઢાર પ્રકારના હ્રસ્વાદિ अ કારો = સંજ્ઞીઓ ઉપસ્થિત થશે. એક अ કહેવાથી અઢારેય પ્રકારના अ કારનું ગ્રહણ થશે. આ જ પ્રમાણે इ કાર અને उ કાર વગેરે પણ પોત–પોતાના ભેદોની/સવર્ણોની સંજ્ઞા બનશે.

હવે ए કાર ऐ કારનો સવર્ણી થઈ શકતો નથી, કે ओ કાર औ કારનો સવર્ણી થઈ શકતો નથી. માટે તે વર્ણો કેવળ પોતપોતાના બાર ભેદોની જ સંજ્ઞા બને છે. ए કાર અને ऐ કાર; તથા ओ કાર અને औ કાર પરસ્પરના સવર્ણી વર્ણો થતા હોત તો પાણિનિએ માહેશ્વર સૂત્રો રચતી વખતે एओङ् । ऐऔच् । એવાં અલગ અલગ બે સૂત્રો ન રચ્યાં હોત. एओङ् । એવું એક જ સૂત્ર બનાવ્યું હોત તો. પણ તે ए કારથી ऐ કારનું ગ્રહણ થાત, અને ओ થી औ નું સવર્ણ વર્ણ તરીકે ગ્રહણ થાત. પરંતુ પાણિનિએ ऐऔच् । એવું સૂત્ર અલગ રચ્યું છે. એથી જ્ઞાપિત (સૂચિત) થાય છે કે ए કાર ऐ કારનો, કે ओ કાર औ કારનો સવર્ણી નથી.

'नाऽऽज्झलौ' इति निषेधः यद्यपि आक्षरसमाम्नायिकानाम् एव, तथापि हकारस्य आकारो न सवर्णः, तत्र आकारस्य अपि प्रश्लिष्टत्वात् । तेन 'विश्वपाभिः' इत्यत्र 'हो ढः' (८।२।३१) इति ढत्वं न भवति ॥

अनुनासिक-अननुनासिकभेदेन यवला द्विधा । तेन अनुनासिकाः ते द्वयोः द्वयोः संज्ञा ॥

(અનુ.) नाज्झलौ ૧–૧–૧૦ સૂત્રથી એક સ્વર અને એક વ્યંજનની સવર્ણસંજ્ઞાનો જે નિષેધ કહેવામાં આવ્યો છે, તે જો કે અક્ષરસમામ્નાય (= માહેશ્વર સૂત્રો) પૂરતો જ (સીમિત) છે, તો પણ ह કારનો સવર્ણી आ કાર થઈ શકતો નથી. કારણ કે नाज्झौ ૧–૧–૧૦ સૂત્રમાંથી (न आ अच् हल् એ રીતે आ કારનો પણ પ્રશ્લેષ કરવામાં આવ્યો છે. આથી, नाज्झलौ । ૧–૧–૧૦ સૂત્રમાં आ કાર પણ લખ્યો છે એમ વાંચવાથી- विश्वपाभिः । એવું રૂપ બનાવતી વખતે તેમાં हो ढः ૮–૨–૩૧ એવા સૂત્રથી ढत्व થતું નથી. (એટલે કે विश्वपढ्भिः । એવું અનિષ્ટ રૂપ બની જતું નથી.)

य, व અને ल આ ત્રણ અન્તઃસ્થ વર્ણોમાં અનુનાસિક અને અનનુનાસિક એવા બે બે ભેદ જોવા મળે છે. આથી તેઓ (यवल) બે પ્રકારના છે એમ કહેવાશે. આમ અનનુનાસિક य, અનનુનાસિક व અને અનનુનાસિક ल પોતપોતાના બબ્બે ભેદોની સંજ્ઞા થશે.

(વિવરણ) ૧૪. नाज्झलौ ૧–૧–૧૦ 'વિવરણ'માં એક પ્રશ્ન [૧] રજૂ કરવામાં આવ્યો હતો કે न अच् हल् । એમ કહ્યા પછી તેમાં आ કારનો પણ પ્રશ્લેષ કરવાની શી જરૂર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે ? મહાભાષ્યકાર પતંજલિએ આ પ્રશ્નનો જવાબ "વાક્યાપરિસમાપ્તિ" ન્યાયથી આપ્યો છે. અહીં 'વાક્ય' એટલે 'મહાવાક્ય' એમ સમજવાનું છે. અનેક ઉપવાક્યોથી બનેલાં મહાવાક્યનો અર્થ પૂર્ણ રૂપે નક્કી થાય એ પહેલાં, તે વાક્યના અમુક અમુક ખંડોમાં (= ઉપવાક્યોમાં) કહેલી વાતનો ઉપયોગ કરી શકાતો નથી. આ રીતે अणुदित्सवर्णस्य चाप्रत्ययः ૧–૧–૬૯ સૂત્રમાં આવેલા 'સવર્ણ શબ્દનો અર્થ જાણવા માટે तुल्यास्यप्रयत्नं सवर्णम् ૧–૧–૯ અને नाज्झलौ ૧–૧–૧૦ સૂત્રની જરૂર પડે છે. આમ अणुदित्सवर्णस्य चाप्रत्ययः ૧–૧–૬૯ સૂત્રને મુખ્યવાક્ય ગણીએ તો तुल्यास्यप्रयत्नं सवर्णम् ૧–૧–૯ અને नाज्झलौ । ૧–૧–૧૦ એ બે સૂત્રો તેના અંગ થયા ગણાય. હવે બીજી એક વાત- नाज्झलौ । ૧–૧–૧૦ સૂત્રમાં જે अच् અને हल् પ્રત્યાહાર (સંજ્ઞા) વપરાયા છે તેને સમજવા માટે (પ્રત્યાહાર બનાવનાર) आदिरन्त्येन सहेता ૧–૧–૭૧ સૂત્રની જરૂર પડે છે. (આમ आदिरन्त्येन० । ૧–૧–૭૧ સૂત્ર नाज्झलौ ૧–૧–૧૦નું અંગ કહેવાશે.) વળી, आदिरन्त्येन० ૧–૧–૭૧ સૂત્રમાંના इद् પદને સમજવા हलन्त्यम् ૧-૩-૩ સૂત્રની જરૂર પડે છે (તેથી हलन्त्यम् ૧–૩–૩ સૂત્ર आदिरन्त्येन० ૧–૧–૭૧ સૂત્રનું અંગ કહેવાશે.) પરંતુ हलन्त्यम् ૧–૩–૩ સૂત્રને સમજવા 'ઉપદેશ' = अइउण् ૧। વગેરે માહેશ્વર સૂત્રોનું જ્ઞાન જરૂરી છે. (આથી માહેશ્વર સૂત્રો हलन्त्यम् । ૧–૩–૩ સૂત્રનું અંગ છે.) આ પાંચેય સૂત્રો ભેગા મળીને એક મહાવાક્ય સર્જે છે. જ્યાં સુધી પાંચેય સૂત્રોનો અર્થ ન જાણી લીધો હોય ત્યાં સુધી વાક્ય-અપરિસમાપ્ત રહ્યું કહેવાય. આમ પૂર્વોક્ત સૂત્રોના અંગાંગીભાવને જાણવો જોઈએ. (આને પંચધા મહાવાક્યાર્થ-બોધ પણ કહે છે : ૧. वर्णानाम् उपदेशः तावत् २. तदुत्तरकाला इत् संज्ञा ३. तदुत्तरं प्रत्याहारज्ञानम् ४. तदुत्तरकाला सवर्णसंज्ञा ५. तदुत्तरं अणुदित् इति सवर्णग्राहकम् ॥ આ પંચધા મહાવાક્યાર્થ-બોધ ન થયો હોય ત્યાં સુધી अणुदित्सवर्णस्य चाप्रत्ययः ૧–૧–૬૯ સૂત્રની नाज्झलौ ૧–૧–૧૦માં પ્રવૃત્તિ થતી નથી. આથી नाज्झलौ ૧–૧–૧૦ સૂત્રમાંના अच् થી (= હ્રસ્વ अ કારથી) આ કારાદિ દીર્ઘ ભેદોનું ગ્રહણ થશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો સવર્ણ ભેદોનું ગ્રહણ કરાવનાર સૂત્ર अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ સૌથી છેલ્લે આવે છે. આથી તેની (अणुदित्सवर्णस्य चाप्रत्ययः । ૧–૧–૬૯ સૂત્રની પૂર્વે આવનાર नाज्झलौ । ૧–૧–૧૦ સૂત્રમાં તેનો अणुदित्सवर्णस्य० । ૧–૧–૬૯નો પ્રયોગ થઈ શકે નહીં. હવે જો नाज्झलौ । ૧–૧–૧૦ સૂત્રનો અર્થ કરતી વખતે, अणुदित्सवर्णस्य० । ૧–૧–૬૯ સૂત્રનો ઉપયોગ ન થઈ શકે તો नाज्झलौ । ૧–૧–૧૦ સૂત્રમાં ઉલ્લેખાયેલા अच् (अ इ उ વગેરે) વર્ણો પોતાના સવર્ણ દીર્ઘાદિ ભેદોનું ગ્રહણ કરી શકે નહીં. હ્રસ્વ अ કારથી અઢારેય પ્રકાર (દીર્ઘ आ કાર વગેરે) ભેદોનું ગ્રહણ ન થઈ શકે તો नाज्झलौ । ૧–૧–૧૦ સૂત્રમાં न अच् हल् એવા ત્રણ પદો જ વાંચીશું अच् અને हल् ની (દા. ત., હ્રસ્વ अ કાર ह કાર)ની સવર્ણસંજ્ઞા થશે નહીં; પરંતુ आ કાર અને ह કાર તો પરસ્પરના સવર્ણી બની શકશે. આવું થવા દેવું ઈષ્ટ નથી. (આપણે નીચે જોઈશું કે જો आ કાર અને ह કાર પરસ્પરના સવર્ણ બનશે તો એક અનિષ્ટ 'રૂપ' બની જવાની ભીતિ છે.) આથી ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે नाज्झलौ । ૧–૧–૧૦ સૂત્રમાં आ કારનો પણ પ્રશ્લેષ કરવામાં આવે છે. મતલબ કે તે સૂત્રમાં न आ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अच् हल् એવો સન્ધિચ્છેદ કરીને ચાર પદો વાંચવામાં આવે છે. આથી જેવી રીતે अ કાર અને ह કારની 'સવર્ણ' સંજ્ઞા થશે નહીં, તેવી રીતે आ કાર અને ह કારની પણ 'સવર્ણ' સંજ્ઞા થશે નહીં.

विश्वं पाति इति विश्वपा । आ કારાન્ત પુંલ્લિગ શબ્દનું ત્રીજી વિભક્તિ બહુવચનમાં રૂપ બનાવતી વખતે विश्वपा + भिस् । એવી સ્થિતિ ઊભી થાય છે. અહીં પાણિનિનું એક સૂત્ર हो ढः ૮—૨—૩૧ (= हकारस्य ढः स्यात् झलि पदान्ते च ।) કહે છે કે ह કારના સ્થાને ढ કાર (આદેશ) કરવો, જો झल् (भ् > भिस्) પરમાં હોય તો અથવા પદના અન્તે." આથી જો आ કારનો સવર્ણી ह કાર થવા દઈશું તો विश्वपाમાં જે आ કાર છે, તે ह કાર કહેવાશે અને हो ढः । ૮—૨—૩૧ સૂત્રથી તે आ ના સ્થાનમાં ढ् કાર થશે. પરિણામે विश्वप् (आ >) ढ्भिस् > विश्वपढ्भिः ॥ એવું અનિષ્ટ રૂપ બની જશે. પરંતુ ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે नाज्झलौ । ૧—૧—૧૦ સૂત્રમાં आ કારનો પણ પ્રશ્લેષ કર્યો છે, આથી आ કાર અને हल् (ह કાર)ની પણ સવર્ણસંજ્ઞા થશે નહીં. પરિણામે विश्वपा + भिस् એ પરિસ્થિતિમાં आ નો ढ् થશે નહીં, विश्वपाभिः । એવું ઈષ્ટ રૂપ જ બનશે.

વિશેષ : तुल्यास्यप्रयत्नं सवर्णम् । ૧—૧—૯ સૂત્રની વૃત્તિમાં ભટ્ટોજિ દીક્ષિતે ચાર પ્રકારના આભ્યન્તર પ્રયત્નો વર્ણવ્યા છે : ૧. સ્પૃષ્ટ ૨. ઈષત્ સ્પૃષ્ટ ૩. વિવૃત્ત અને ૪. સંવૃત. આથી ઉપર્યુક્ત ચાર પ્રકારની અનિષ્ટ સન્ધિઓ થવાની આપત્તિ આવી છે. એટલે કે अ કાર અને ह કારનાં ઉચ્ચારણ સ્થાન (કંઠ) તો એક જ છે, પરંતુ આભ્યન્તર પ્રયત્ન (વિવૃત) પણ એક સરખું જ થાય છે. આથી પરસ્પરની સવર્ણસંજ્ઞા થઈને दधि + हरति । વગેરે ઉદાહરણોમાં इको यणचि । ૬—૧—૭૭ વગેરે સૂત્ર લાગવા આવે છે; અને એને રોકવા नाज्झलौ । ૧—૧—૧૦ સૂત્રને રજૂ કરવું પડ્યું છે. પરંતુ ભાષ્યકાર પતંજલિએ જણાવ્યું છે કે આભ્યન્તર પ્રયત્ન ખરેખર ચાર નથી, પણ પાંચ છે : ૧. સ્પૃષ્ટ ૨. ઈષત્ સ્પૃષ્ટ ૩. વિવૃત ૪. ઈષત્ વિવૃત અને ૫. સંવૃત. હવે अ, इ ऋ, लृ વગેરે સ્વરોના આભ્યન્તર પ્રયત્ન વિવૃત છે અને ह श ष स એ ચાર ઊષ્માક્ષરોના આભ્યન્તર પ્રયત્ન ઈષદ્ વિવૃત છે. આ રીતે તેમના (अ કાર-ह કારના) ઉચ્ચારણ સ્થાન એક હોવા છતાંય, ઉચ્ચારણ પ્રયત્ન જુદાં જુદાં છે. આથી તેમની પરસ્પર સવર્ણસંજ્ઞા જ થશે નહીં અને સવર્ણ સંજ્ઞા નહીં થઈ શકે તો दधि + हरति । વગેરે ઉદાહરણોમાં इको यणचि । ૬—૧—૭૭ વગેરેની પ્રવૃત્તિ થશે નહીં, આ રીતે કોઈ અનિષ્ટ સન્ધિ થવા આવશે નહીં. હવે જો પ્રયત્નભેદને કારણે अ કાર અને ह કારની સવર્ણ સંજ્ઞા થતી રોકાઈ જશે તો ભાષ્યકાર કહે છે કે नाज्झलौ । ૧—૧—૧૦ સૂત્રની આવશ્યકતા રહેશે નહીં; આમ ભાષ્યકારે પ્રયત્નભેદ કરીને (પાંચ પ્રકારના ઉચ્ચારણ પ્રયત્નો માનીને) આ नाज्झलौ । ૧—૧—૧૦ સૂત્રનું ખંડન કર્યું છે.

---

૧૬. तपरस्तत्कालस्य । ૧—૧—૭૦

(तपरः तत्कालस्य)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

तः परो यस्मात् स, च तात् परः च उच्चार्यमाणसमकालस्य एव संज्ञा स्यात् । तेन अत् इत् उत् इत्यादयः षण्णां षण्णां संज्ञा । ॠद् इति द्वादशानाम् ॥

(અનુ.) (સૂત્રાર્થઃ) " 'त् કાર છે પરમાં જેની' અને 'त् કારથી પરમાં' ઉચ્ચારવામાં આવેલો (अच्) વર્ણ પોતાના સમકાલની જ = પોતાના ઉચ્ચારણ કાલ જેટલા જ કાલવાળા અન્યભેદોની સંજ્ઞા થાય છે." આ સૂત્ર મુજબ अत् इत् उत् વગેરે છ-છ ભેદોની જ સંજ્ઞા થાય છે. પરંતુ ॠत् બાર ભેદોની સંજ્ઞા થશે.

(વિવરણ) तुल्यास्यप्रयत्नं सवर्णम् । १–१–९ સૂત્રથી જે જે વર્ણોના ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન એકસરખાં હોય તેમની 'સવર્ણ' સંજ્ઞા કરી અને પછી अणुदित्सवर्णस्य चाप्रत्ययः । १–१–६९ સૂત્રથી કહેવામાં આવ્યું કે अ કારાદિ વર્ણો (अण् અને उदित्) પોતપોતાના સવર્ણભેદોનું ગ્રહણ કરાવે છે. આથી પાણિનિ જ્યારે પોતાના કોઈ સૂત્રમાં પ્રત્યયભિન્ન अण्- દા.ત., સ્થાનિ કે આદેશ રૂપે ઉલ્લેખાયેલ હ્રસ્વ अ કાર ને કોઈ કાર્યનું વિધાન કરશે ત્યારે તે કાર્ય अ કારના બીજા (અઢારેય) સવર્ણભેદોને પણ લાગુ પડશે. પરંતુ દરેક વખતે કોઈ એક વર્ણના બધા જ સવર્ણી ભેદોને (પણ) તે કાર્ય લાગુ પડે એવું અભીષ્ટ ન પણ હોય. અર્થાત્ હ્રસ્વ अ કારને કહેલું કાર્ય ક્યારેક દીર્ઘ आ કારને થતું રોકવાની જરૂર પડે. આને માટે કોઈ વિશેષ વ્યવસ્થા કરવાની જરૂર છે. આથી પાણિનિએ ઉપર્યુક્ત (१–१–७०) સૂત્ર રજૂ કર્યું છે.

[આ સૂત્રમાંના तपरः શબ્દને બહુવ્રીહિ રૂપે લઈશું તો (૧) तः परो यस्मात् (त् કાર છે પરમાં જેની) એવો અર્થ થશે અને જો પંચમી તત્પુરુષ રૂપે લઈશું તો (૨) तात्परः (त् કારથી પરમાં) એવો અર્થ થશે. (અર્થાત્ त् આગળ હોય કે પાછળ હોય ત્યારે.)]

આ સૂત્ર દ્વારા કહેવામાં આવ્યું છે કે પાણિનિ જ્યારે પોતાના કોઈ સૂત્રમાં એકાદ વર્ણની આગળ કે પાછળ જો त् કાર જોડે તો, તે વર્ણ પોતાના ઉચ્ચારણ કાલ જેટલા જ કાલવાળા અન્ય ભેદોની સંજ્ઞા થાય છે. અર્થાત્ કોઈ સૂત્રમાં જો હ્રસ્વ अ કારની આગળ કે પાછળ त् કાર જોડવામાં આવ્યો હોય તો તે હ્રસ્વ अ કાર પોતાના હ્રસ્વ છ ભેદોનું જ ગ્રહણ કરાવી શકે છે, દીર્ઘ કે પ્લુત છ ભેદોનું ગ્રહણ કરાવશે નહીં. દા. ત., પાણિનિનું अदेङ् गुणः । १–१–२ (હ્રસ્વ अ કાર, ए કાર અને ओ કારની 'ગુણ' સંજ્ઞા થાય છે.') સૂત્ર લઈએ. આમાં अद् एङ् गुणः એવાં પદો છે. અહીં હ્રસ્વ अ કારની પાછળ त् કાર જોડ્યો છે. આથી છ પ્રકારના હ્રસ્વ अ કારની જ 'ગુણ' સંજ્ઞા થશે, દીર્ઘ आ કારની 'ગુણ' સંજ્ઞા થશે નહીં.

१७. वृद्धिरादैच् । १–१–१

('वृद्धिः' आद् ऐच्)

आद् ऐच् 'वृद्धि' संज्ञः स्यात् ।

(અનુ.) आ કાર, (ऐच् =) ऐ કાર અને औ કારની 'वृद्धि' સંજ્ઞા થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(વિવરણ) આ સૂત્રમાં એક નવી 'સંજ્ઞા' બતાવવામાં આવે છે : ઉપર્યુક્ત ત્રણ વર્ણોની 'વૃદ્ધિ' સંજ્ઞા થાય છે. આ સંજ્ઞા એક પ્રકારની શાસ્ત્રીય (પારિભાષિક-કૃત્રિમ) સંજ્ઞા છે.

આ સૂત્ર સમગ્ર 'અષ્ટાધ્યાયી'નું સર્વપ્રથમ સૂત્ર છે. ગ્રન્થના આરંભે મંગલશ્લોક મૂકવાને બદલે, પાણિનિએ 'વૃદ્ધિ' શબ્દ વાપરીને લાઘવપૂર્વક મંગલ કર્યું છે. પાણિનિએ સૂત્રમાં પહેલા સંજ્ઞીઓ (ઉદ્દેશ પદો) બતાવીને પછી સંજ્ઞા (વિધેય) બતાવવી જોઈએ. એટલે કે आदैच् वृद्धिः । એવું સૂત્ર રચવું જોઈએ. પરંતુ ઉપર જણાવ્યું છે તેમ મંગલ કરવાની ઈચ્છાથી તેમણે આ સૂત્ર પૂરતું સંજ્ઞા (વિધેય) પદ પહેલાં મૂકેલ છે.

૧૮. अदेङ् गुणः १–१–२

(अत् एङ् गुणः)

अद् एङ् 'गुण' संज्ञः स्यात् ।

(અનુ.) હ્રસ્વ अ કાર, (एङ् =) ए કાર અને ओ કારની 'ગુણ' સંજ્ઞા થાય છે.

૧૯. भूवादयो धातवः । १–३–१

(भू–वा–आदयः 'धातवः')

क्रियावाचिनः 'भू'–'वा'–आदयः "धातु" संज्ञाः स्युः ।

(અનુ.) (પાણિનિના 'ધાતુ-પાઠ'માં ઉલ્લેખાયેલા –) ક્રિયાવાચક √भू सत्तायाम्, √वा गतिगन्धनयोः વગેરે શબ્દોની 'ધાતુ' સંજ્ઞા થાય છે.

(વિવરણ૦) પાણિનિએ 'અષ્ટાધ્યાયી' ઉપરાંત ગણપાઠ, ધાતુપાઠ જેવા પરિશિષ્ટ પ્રકારના, 'અષ્ટાધ્યાયી'ને ઉપકારક ગ્રન્થોની પણ રચના કરી છે. આવા ગણપાઠ વગેરે લાઘવ સિદ્ધ્યર્થે બનાવ્યા છે. "भूवादि" એમ आदि પદ જોડી દેવાથી સ્પષ્ટ રૂપે લાઘવસિદ્ધિ કરી શકાય છે. (કેમ કે "भूवादि" = भू, वा વગેરે જેની આદિમાં છે એવો 'ક્રિયાવાચક શબ્દસમૂહ' એવો અર્થ મળે છે.)

૨૦. प्राग्रीश्वरान्निपाताः । १–४–५६

(प्राक् 'रीश्वरात्' निपाताः)

इति अधिकृत्य ।

(અનુ.) અહીંથી (૧–૪–૫૬) શરૂ કરીને, अधिरीश्वरे (૧–૪–૯૭) સૂત્રસ્થ रीश्वर શબ્દ સુધી 'प्राक् निपात' એ બે પદોનો 'અધિકાર' કરવામાં આવે છે.

(વિવરણ) આ સૂત્રથી "निपात" સંજ્ઞાનો 'અધિકાર' કરવામાં આવે છે. ૧–૪–૫૬ થી શરૂ કરીને अधिरीश्वरे । ૧–૪–૯૭ સૂત્રસ્થ रीश्वर > ईश्वर શબ્દની વચ્ચે જેટલા શબ્દો આવે તે દરેકની પહેલાં 'निपात' સંજ્ઞા થાય છે. પછી બીજી જે જે સંજ્ઞાઓ પ્રાપ્ત થાય તે બધી સંજ્ઞાઓ પણ થઈ શકે છે (અથવા ૧–૪–૯૭ સૂત્રસ્થ रीश्वर શબ્દની પૂર્વે-૧–૪–૫૬ સુધીમાં જેટલા શબ્દો આવ્યા હોય તેમની 'निपात' સંજ્ઞા થાય છે.

આ સૂત્રમાં प्राग् "रीश्वरात्" निपाताः । એવાં પદો રહેલા છે. અહીં પાણિનિએ 'रीश्वर' શબ્દ વાપર્યો છે. આથી अधिरीश्वरे । ૧–૪–૯૭ સૂત્ર સુધી જ અધિકાર છે, ईश्वरे तोसुन्० । ૩।૪।૧૩ સૂત્ર સુધી નહીં; એવું જ્ઞાપિત થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

२१. चादयोऽसत्त्वे । १–४–५७

(च–आदयः असत्त्वे)

अद्रव्यार्थाः 'च'आदयः निपातसंज्ञाः स्युः ।

(અનુ.) દ્રવ્યાર્થક ન હોય એવા च વગેરે શબ્દોની 'નિપાત' સંજ્ઞા થાય છે.

२२. प्रादयः । १–४–५८

(प्र–आदयः)

अद्रव्यार्थाः प्रादयः तथा ।

(અનુ.) प्र વગેરે શબ્દોની પણ, જો તેઓ અદ્રવ્યાર્થક હોય તો 'નિપાત' સંજ્ઞા થાય છે.

२३. उपसर्गाः क्रियायोगे । १–४–५९

२४. गतिश्च । १–४–६०

प्र–आदयः क्रियायोगे उपसर्गसंज्ञाः गतिसंज्ञाः च स्युः ॥ 'प्र परा अप सम् अनु अव निस् निर् दुस् दुर् वि आङ् नि अधि अपि अति सु उत् अभि प्रति परि उप' एते प्रादयः ॥

(અનુ.) प्र વગેરે શબ્દો જ્યારે ક્રિયાના યોગમાં હોય ત્યારે તેમની 'ઉપસર્ગ' અને 'ગતિ' સંજ્ઞા થાય છે. અહીં प्रादि ગણમાં प्र परा अप વગેરે ૨૨ શબ્દો છે (તેઓ જ્યારે ક્રિયાપદની આગળ વપરાયા હોય દા. ત., प्रगच्छति, आगच्छति વગેરે ત્યારે તેમની 'ઉપસર્ગ' અને 'ગતિ' એવી બે સંજ્ઞાઓ થાય છે.)

२५. न वेति विभाषा । १–१–४४

('न' 'वा' इति 'विभाषा')

निषेध-विकल्पयोः 'विभाषा' संज्ञा स्यात् ।

(અનુ.) નિષેધ અને વિકલ્પની "વિભાષા" સંજ્ઞા થાય છે.

(વિવરણ) પાણિનિને કોઈ સૂત્રની પ્રવૃત્તિ વિકલ્પે સૂચવવી હોય છે ત્યારે તે સૂત્રમાં विभाषा, वा અથવા अन्यतरस्याम् એવા શબ્દો વાપરે છે.

२६. स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । १–१–६८

(स्वं रूपं शब्दस्य, अशब्दसंज्ञा)

शब्दस्य स्वं रूपं संज्ञि, शब्दशास्त्रे या संज्ञा तां विना ।

(અનુ.) શબ્દનું પોતાનું "રૂપ" (= તે શબ્દમાં ચોક્કસ ક્રમે વપરાયેલા વર્ણો) સંજ્ઞી છે અને શબ્દ પોતે સંજ્ઞા છે. પરંતુ શબ્દશાસ્ત્ર (વ્યાકરણશાસ્ત્ર)ની અંદર જે (કૃત્રિમ) સંજ્ઞાઓ વપરાઈ છે તેના સિવાય.

(વિવરણ) પાણિનિનું એક સૂત્ર છે : अग्नेर्ढक् । ४–२–३३ ("अग्नि" શબ્દને ढक् > एय પ્રત્યય લાગે છે.) આ સૂત્રથી आग्नेयः । શબ્દની સિદ્ધિ થાય છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે આ अग्नेर्ढक् । ४–२–३३ સૂત્ર 'આગ' અર્થ આપતા 'वह्नि'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

શબ્દને પણ લગાડીને વાહ્નેયઃ જેવો ઇકારાન્ત શબ્દ બનાવી શકાય કે નહીં ? अग्नि અને वह्नि બન્ને સમાન અર્થવાળા અને હ્રસ્વ इ કારાન્ત પુંલ્લિગ શબ્દો છે. આથી આવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. પરંતુ પાણિનિ કહે છે કે स्वं रूपं शब्दस्य० । ૧–૧–૬૮ અર્થાત્ "શબ્દનું પોતાનું રૂપ (= તે શબ્દમાં ચોક્કસ ક્રમે વપરાયેલા વર્ણો) સંજ્ઞી છે અને તે શબ્દ પોતે સંજ્ઞા છે." પ્રકૃત ઉદાહરણમાં, अग्नेर्ढक् । ૪–૨–૩૩ સૂત્રમાં अग्नि શબ્દ લખ્યો છે. આ अग्नि શબ્દ સંજ્ઞા છે, તેનાથી "अ ग न् इ" એવી વર્ણોની આનુપૂર્વી સંજ્ઞી તરીકે ઉપસ્થિત થાય છે. અહીં अग्नि શબ્દ वह्निની સંજ્ઞા બનતો નથી; કેવળ अ ग् न् इની જ સંજ્ઞા બને છે. (એટલે કે अग्नि કહેવાથી માત્ર अ ग् न् इ એવા વર્ણો જેમાં છે તેવો अग्नि શબ્દ જ ઉપસ્થિત થશે, वह्नि નહીં.) આથી अग्नेर्ढक् । ૪–૨–૩૩ સૂત્ર वह्नि શબ્દને લાગુ પડશે નહિ.

આ સૂત્રમાં બે અંશ છે : स्वं रूपं शब्दस्य અને अशब्दसंज्ञा ॥ આમાંથી પૂર્વાંશનું ઉપરના ફકરામાં વિવરણ કર્યું છે. પરંતુ ઉત્તરાંશથી એક સંકોચ રજૂ કરવામાં આવે છે : 'શબ્દસંજ્ઞા' એટલે વ્યાકરણશાસ્ત્રમાં = .'અષ્ટાધ્યાયી'માં વપરાયેલી गुण, वृद्धि, टि, घु, भ વગેરે સંજ્ઞાઓ; તેમાં પૂર્વાંશની પ્રવૃત્તિ નથી થતી. મતલબ કે "શબ્દનું પોતાનું રૂપ (= વર્ણોની આનુપૂર્વી - પૂર્વાપરક્રમ-) સંજ્ઞી છે અને શબ્દ પોતે સંજ્ઞા છે; પરંતુ શબ્દશાસ્ત્ર (વ્યાકરણશાસ્ત્ર)ની જે गुण, वृद्धि, टि घु, भ વગેરે કૃત્રિમ સંજ્ઞાઓ છે તે પોતાના રૂપને (વર્ણાનુપૂર્વીને) સંજ્ઞી તરીકે ઉપસ્થિત કરતી નથી, (પણ સૂત્રમાં કહેલ સંજ્ઞીઓને જ ઉપસ્થિત કરે છે.)" દા. ત., પાણિનિએ गुण સંજ્ઞાનું વિધાન કર્યું છે. અહીં 'ગુણ' સંજ્ઞા ग् उ ण् अ એવી વર્ણોની આનુપૂર્વીને સંજ્ઞી તરીકે ઉપસ્થિત કરતી નથી. (એટલે કે गुण શબ્દ સંજ્ઞા ग् उ ण् अ એટલા વર્ણોનો બોધક નથી.) પરંતુ अदेङ् गुणः । ૧–૧–૨ સૂત્રમાં પાણિનિએ જે अद् एङ् (= अ, ए, ओ) ને સંજ્ઞી તરીકે જાહેર કર્યા છે, તેની જ ઉપસ્થિતિ કરે છે (બોધ કરાવે છે.) આમ ભટ્ટોજિ દીક્ષિતે વૃત્તિમાં આ સૂત્રના બન્ને અંશોને ટૂંકમાં રજૂ કર્યા છે : शब्दस्य स्वं रूपं संज्ञि, शब्दशास्त्रे = व्याकरणशास्त्रे या संज्ञा तां विना ॥

* * *

પાણિનિની 'અષ્ટાધ્યાયી'નું સ્વરૂપ સમજવા માટે આ સૂત્ર ખૂબ મહત્ત્વનું છે. આ સૂત્રનો અર્થ સમજ્યા પછી પ્રથમ દૃષ્ટિએ જ ખબર પડે છે કે લોકોમાં અર્થ પ્રધાન છે, મહત્ત્વનો છે. એટલે કે લોકમાં 'અગ્નિ' શબ્દ વાપરીએ કે 'વહ્નિ' પણ જો અર્થમાં કશો ફરક ન પડતો હોય તો ગમે તે શબ્દનો પ્રયોગ થઈ શકે છે.) ત્યાં શબ્દ મહત્ત્વનો નથી. પરંતુ વ્યાકરણ-શાસ્ત્રમાં શબ્દ પ્રધાન છે, અર્થ પ્રધાન નથી. अग्नि અને वह्नि એ શબ્દો સમાન અર્થવાળા હોવા છતાંય તેમનું ધ્વન્યાત્મક સ્વરૂપ જુદું છે (= વર્ણોનો પૂર્વાપર ક્રમ જુદો છે). આથી अग्नि ને કહેવામાં આવેલું કાર્ય, वह्नि ને લાગુ પડતું નથી.

---

૨૭. येन विधिस्तदन्तस्य । ૧–૧–૭૨

विशेषणं तदन्तस्य संज्ञा स्यात्, स्वस्य च रूपस्य ॥

*** समासप्रत्ययविधौ प्रतिषेधः । * उगिद्वर्णग्रहणवर्जम् ॥**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અનુ.) વિશેષણ 'તદન્ત'ની સંજ્ઞા થાય છે અને પોતાના રૂપની પણ (સંજ્ઞા થાય છે.) * (वार्त्तिक) સમાસ અને પ્રત્યયવિધિના વિષયમાં તદન્તવિધિ થતી નથી. * (વા.) પરંતુ उगित् વર્ણને છોડીને.

(વિવરણ) પાણિનિ પોતાનાં સૂત્રોમાં જ્યારે કોઈ વિશેષણને નિમિત્ત બનાવીને અમુક વિધિ (વ્યાકરણની પ્રક્રિયા) કહે ત્યારે તે વિધિ (કાર્ય) વિશેષણને તો લાગુ પડે છે જ, પરંતુ તે વિશેષણ જેના અન્તમાં હોય તેવા (સમગ્ર) શબ્દસ્વરૂપને પણ તે વિધિ થાય છે. દા. ત., एरच् । ૩–૩–૫૬ "इ સ્વરૂપવાળા ધાતુને अच् થાય છે." જેમ કે √इण् गतौ ધાતુને अच् પ્રત્યય લાગીને (√इ + अ) अयः । રૂપ બને છે. પરંતુ અહીં પાણિનિએ इ વર્ણને ધાતુનું વિશેષણ બનાવીને अच् પ્રત્યય થાય છે એમ લખ્યું છે. આથી (येन विधिस्तदन्तस्य। ૧–૧–૭૨ સૂત્ર મુજબ) 'इ વર્ણને અને इ વર્ણાન્ત (ધાતુ)ને अच् પ્રત્યય થાય છે' એવો સૂત્રાર્થ થાય છે. દા. ત., √जि जये, √चि चयने એવા इ વર્ણાન્ત ધાતુઓને પણ अच् પ્રત્યય લાગીને (जि + अ) जयः, (चि + अ) चयः । જેવાં રૂપો સાધી શકાય છે. આને 'તદન્તવિધિ' કરનારું સૂત્ર કહે છે.

પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં આ સૂત્રની જો સાર્વત્રિક પ્રવૃત્તિ થાય છે એમ સ્વીકારીશું તો કેટલાક દોષ આવે છે (એટલે કે આ સૂત્ર અતિવ્યાપ્તિ દોષથી ગ્રસ્ત છે.) આથી વાર્ત્તિકકાર કાત્યાયને ઉપર્યુક્ત સૂત્રની પ્રવૃત્તિનો અમુક અમુક વિષયમાં સંકોચ કરવો જોઈએ એમ કહ્યું છે : (૧) * સમાસ કરનારાં સૂત્રોમાં અને (કૃત્–તદ્ધિતાદિ) પ્રત્યયોનું વિધાન કરનારાં સૂત્રોમાં તદન્તવિધિ કરનારું સૂત્ર (येनविधिस्तदन्तस्य। ૧–૧–૭૨) પ્રવૃત્ત થતું નથી, એમ કહેવું જોઈએ. દા. ત., द्वितीया श्रितातीत० ૨–૧–૨૪ ("વિગ્રહ-વાક્યમાં આવેલા દ્વિતીયા વિભક્ત્યન્ત પદનો श्रित अतीत-વગેરે પદોની સાથે સમાસ થાય છે." આથી कृष्णं + श्रितः >कृष्णश्रितः । એવો સમાસ થાય છે. પરંતુ कृष्णं + परमश्रितः । એ ઉદાહરણમાં દ્વિતીયાન્ત कृष्णम् પદનો परमश्रितः ની જોડે સમાસ થશે નહીં. કારણ કે પૂર્વોક્ત વાર્ત્તિકે કહ્યું છે કે સમાસવિધિ કરનારાં સૂત્રોમાં (દા.ત. ૨–૧–૨૪) તદન્તવિધિ થતી નથી. આથી પૂર્વોક્ત (૨–૧–૨૪) સૂત્રમાં 'દ્વિતીયા વિભક્ત્યન્ત પદનો श्रित વગેરે જોડે સમાસ થાય છે' એવો અર્થ થશે, પણ परमश्रितः જેવા श्रितान्त (= श्रित જેના અન્તમાં છે તે) વગેરે પદો સાથે સમાસ થશે નહીં.

(૨) ઉપર્યુક્ત વાર્ત્તિકના અનુસન્ધાનમાં જ વાર્ત્તિકારે બીજું એક વાર્ત્તિક રજૂ કર્યું છે : "उगित् (જેમાં उ કારની इत् સંજ્ઞા થઈ હોય તેવા) વર્ણોને, અને એક વર્ણને ઉદ્દેશીને કહેલી વિધિઓને છોડીને તદન્તવિધિનો નિષેધ થાય છે." — અર્થાત્ જે સૂત્રમાં उगित् શબ્દનું ગ્રહણ કરીને, અને કોઈ એક વર્ણને ઉદ્દેશીને અમુક વિધિ કહી હોય ત્યારે તો તદન્તવિધિ થાય છે જ- એટલે કે પૂર્વવાર્ત્તિકે જે જે વિષયમાં તદન્તવિધિનો નિષેધ કર્યો તેમાં કયા કયા વિષયને અપવાદ ગણવા (અર્થાત્ ક્યાં ક્યાં એ નિષેધ લાગુ પડતો નથી અને પાણિનિનું સૂત્ર યથાવત્ ચાલુ રહે છે) એ દર્શાવવા માટે આ બીજું વાર્ત્તિક રજૂ થયું છે. દા. ત., भवतु એવો એક અવ્યય છે, તેમાં उ કારની इत् સંજ્ઞા થવાથી, તે उगित् કહેવાશે. હવે भवत् ને (उगितश्च । ૪–૧–૬ સૂત્રોક્ત) સ્ત્રી-પ્રત્યય ङीप् (इ) લાગવાથી भवती શબ્દ બને છે. પરંતુ परमभवत् જેવું ઉદાહરણ હશે ત્યાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પણ (उगिदन्त શબ્દમાં) પણ ङीप्(ई) પ્રત્યય લાગીને परमभवती શબ્દ બને છે. અહીં ङीप् નું વિધાન એ "પ્રત્યયવિધિ" છે, માટે પહેલા વાર્ત્તિકથી તદન્તવિધિનો નિષેધ થવો જોઈએ (અને परमभवत् ને ई ન લાગવો જોઈએ) પણ भवत् શબ્દ उगिद् હોવાથી બીજા વાર્ત્તિકના કહેવા મુજબ-તદન્તવિધિ થઈ શકશે. આથી (उगित् શબ્દ છે અન્તમાં જેની એવા) परमभवत् જેવા उगिदन्त શબ્દને પણ ङीप् (ई) પ્રત્યય લાગી શકે છે : परमभवती ॥ એ જ પ્રમાણે એક વર્ણને ઉદ્દેશીને કહેલી વિધિમાં પણ તદન્તવિધિ થશે. દા. ત., अत इञ् । ૪–૧–૯૫ (अ કારને इ પ્રત્યય લાગે છે) અહીં તદન્તવિધિ થવાથી "अ કારાન્ત શબ્દોને પણ इ પ્રત્યય લાગી શકે, જેમકે-दक्षस्य अपत्यं पुमान् એ અર્થમાં दक्ष + इ > दाक्षिः ॥

२८. विरामोऽवसानम् । १–४–११०

(विरामः अवसानम्)

वर्णानाम् अभावः अवसानसंज्ञः स्यात् ।

(અનુ.) સૂત્રાર્થ : જ્યારે વર્ણોનો અભાવ રહે અર્થાત્ જે વર્ણના ઉચ્ચારણ પછી બીજો વર્ણ ન ઉચ્ચારવાનો હોય તો તે ('વિરામ'ની સ્થિતિ)ને "અવસાન" સંજ્ઞા આપવામાં આવે છે.

२९. परः सन्निकर्षः संहिता । १–४–१०९

वर्णानाम् अतिशयितः सन्निधिः संहितासंज्ञः स्यात् ।

(અનુ.) સૂત્રાર્થ : વર્ણોના અતિશય સાંનિધ્યને "સંહિતા" સંજ્ઞા આપવામાં આવે છે.

(વિવરણ) આ સૂત્રમાં परः એટલે શ્રેષ્ઠ (અતિશય) અને संनिकर्षः એટલે સાંનિધ્ય એવા અર્થો થાય છે. અહીં 'અતિશય સાંનિધ્ય'નો અર્થ સમજવા જેવો છે : ઉચ્ચારણ દરમિયાન એક વર્ણના ઉચ્ચારણ પછી, બીજો વર્ણ ઉચ્ચારતાં પહેલાં અર્ધમાત્રા કાલનું વ્યવધાન (અંતર) રહે જ છે. આ અંતર સ્વાભાવિક છે. આવા સ્વાભાવિક અંતરથી જો વધારે કાલનું અંતર હોય તો તેને સાંનિધ્ય કહેવાતું નથી અને તેની 'સંહિતા' સંજ્ઞા થતી નથી. (સંહિતા એટલે સન્ધિ. વર્ણોના સન્ધિયુક્ત સંયોજનને 'સંહિતા' કહે છે.)

३०. सुप्तिङन्तं पदम् । १–४–३४

(सुप्-तिङ् अन्तं पदम्)

सुबन्तञ्च तिङन्तञ्च पदसंज्ञं स्यात् ॥

(અનુ.) સૂત્રાર્થ : सुप् પ્રત્યયો જેના અન્તમાં હોય (દા.ત., रामः, रामेण, रामस्य વગેરે) અને तिङ् પ્રત્યયો જેના અન્તમાં હોય (દા.ત., पचामि, पचन्ति વગેરે) તેને 'પદ' સંજ્ઞા આપવામાં આવે છે.

(વિવરણ) અહીં सुप् પ્રત્યયો નામને લાગતાં सु औ जस् વગેરે ૨૧ વિભક્તિ પ્રત્યયો સમજવાના છે અને तिङ् પ્રત્યયો, ધાતુને લાગતા तिप् तस् झि (अन्ति) વગેરે ૧૮ (નવ પરસ્મૈપદી અને નવ આત્મનેપદી) ધાતુને લાગતા પ્રત્યયો સમજવાના છે. (सुप् પ્રત્યયોનું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિધાન કરનાર સૂત્ર : स्वौजसमौट्छष्टाभ्याम्भिस्ङेभ्याम्भ्यस्ङसिभ्याम्भ्यस्ङसोसाम्ङ्योस्सुप् । ४–३–२॥ અને तिङ् પ્રત્યયોનું વિધાન કરનાર સૂત્ર : तिप्तस्झिसिप्थस्थमिप्वस्मस्ताताम्झथासाथाम्ध्वमिड्वहिमहिङ् (૩–૮–૭૮) અહીં કોઈ પણ નામને (પ્રાતિપદિકને) सुप् પ્રત્યય લાગીને જે રૂપ બને તેને 'સુબન્ત' (= सुप् પ્રત્યય છે અન્તમાં જેની) કહે છે. દા. ત., रामः । रामेण । તથા કોઈ પણ ધાતુને तिङ्પ્રત્યય લાગીને જે રૂપ બને તેને 'તિઙન્ત' (= तिङ् પ્રત્યય છે અન્તમાં જેની) કહે છે. દા. ત., पचामि । पचन्ति । વગેરે.

અહીં 'શબ્દ' અને 'પદ' વચ્ચેનો ભેદ સમજવા જેવો છે. राम કે√पच् જેવા પ્રત્યયહીન અર્થવાન્ ઘટકોને 'શબ્દ' (પ્રકૃતિ)કહે છે. પરંતુ रामः(राम + सु > स् > : = रामः)અને पचति (पच् + अ + ति > पचति) જેવા પ્રત્યયાન્તને (પ્રકૃતિ + પ્રત્યયના સમૂહને)= બે અર્થવાન ઘટકોના યોગને 'પદ' કહે છે. આમ પાણિનિએ સુબન્ત અને તિઙન્ત (બન્ને)ની 'પદ' સંજ્ઞા કરી છે.

---

૩૧. हलोऽनन्तराः संयोगः । १–१–७

(हलः अनन्तराः संयोगः)

अज्भिः अव्यवहिताः हलः संयोगसंज्ञाः स्युः ।

(અનુ.) સૂત્રાર્થ : अच् (સ્વર)થી વ્યવધાન નહીં પામેલા, (કેવળ) हल् (વ્યંજનોના સમૂહ)ને 'સંયોગ' સંજ્ઞા આપવામાં આવે છે.

(વિવરણ) દા. ત., माहात्म्यम् । અહીં त् म् य् ને 'સંયોગ' કહેવામાં આવે છે, તેમની વચ્ચે એકેય अच् = સ્વર આવેલો નથી.

---

૩૨. ह्रस्वं लघु । ३–४–१०

(અનુ.) સૂત્રાર્થ : હ્રસ્વ અક્ષર (એક માત્રિક સ્વર)ની 'લઘુ' સંજ્ઞા થાય છે.

---

૩૩. संयोगे गुरु । १–४–११

संयोगे परे ह्रस्वं गुरुसंज्ञं स्यात् ।

(અનુ.) સૂત્રાર્થ : 'સંયોગ' (વ્યંજનોનો સમૂહ) પરમાં રહે ત્યારે (તેની) પૂર્વે આવેલા હ્રસ્વ અક્ષરની 'ગુરુ' સંજ્ઞા થાય છે.

(વિવરણ) દા. ત., वर्ण < व् अ र् ण् अ અહીં રેફ અને ण् કાર એ બે વ્યંજનો = સંયોગ પરમાં રહેલો હોઈને હ્રસ્વ अ કારાન્ત 'व' ની "ગુરુ" સંજ્ઞા થશે.

---

૩૪. दीर्घं च । १–४–१२

दीर्घं च गुरुसंज्ञं स्यात् ।

(અનુ.) સૂત્રાર્થ : દીર્ઘ અક્ષર (દ્વિમાત્રિક સ્વર)ની પણ 'ગુરુ' સંજ્ઞા થાય છે.

(इति संज्ञाप्रकरणम्)

❖ ❖ ❖

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

Vasant Bhatt Collection, Gujarat